RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 426 Dt. 12-09-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

# બ્રિક્સ દેશોમાં દુનિયાની અડધી વસ્તી!

## વૈશ્વિક જીડીપીમાં બ્રિક્સ દેશોનો દબદબો-ભારતની હરણફાળ : મોદી

નવી દિલ્હી, તા.૧૧

રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં આયોજિત બ્રિક્સ સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે લાંબી અને મહત્વપૂર્ણ ચર્ચા થઈ હતી. આ બેઠક બાદ પીએમ મોદીએ વૈશ્વિક અર્થવ્યવસ્થા, ભારતની પ્રગતિ અને ભવિષ્યની રૂપરેખા અંગે મહત્વના નિવેદનો આપ્યા હતા.




પીએમ મોદીએ જણાવ્યું કે બ્રિક્સ દેશોમાં વિશ્વની ૪૦ ટકા અડધી વસ્તી વસે છે. આંકડાકીય માહિતી આપતાં તેમણે કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં જ્યાં વૈશ્વિક જીડીપીમાં અંદાજે અઢી ગણો વધારો થયો છે, ત્યાં બ્રિક્સ દેશોની સંયુક્ત જીડીપીમાં સાડા ચાર ગણો વધારો જોવા મળ્યો છે. આ દર્શાવે છે કે બ્રિક્સ દેશોની અર્થવ્યવસ્થા વિશ્વ કરતા બમણી ઝડપે વિકસી રહી છે. વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે પણ ભારત આજે વિશ્વને 'ગ્રોથ' (વિકાસ) નો મજબૂત ભરોસો આપી રહ્યું છે. ભારતમાં જે ક્ષેત્રોમાં ઝડપી કામગીરી થઈ રહી છે તેમાં એરપોર્ટ અને રેલવે જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઝડપી વિકાસ. સેમિકન્ડક્ટર અને બાયોટેક જેવા અત્યાધુનિક ક્ષેત્રોમાં નવી ક્ષમતાઓનું વિસ્તરણ. અને ભારતમાં થઈ રહેલી 'સ્ટાર્ટઅપ ક્રાંતિ' (Startup Revolution), જેમાં આજે બે લાખથી વધુ સ્ટાર્ટઅપ્સ અને ૧૨૦થી વધુ યુનિકોર્ન કાર્યરત છે.

બ્રિક્સ બિઝનેસ ફોરમના લીડર્સ સેશનમાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, ''બ્રિક્સ હવે તેના ત્રીજા દાયકામાં પ્રવેશી રહ્યું છે.'' તેમણે બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલ સમક્ષ કેટલાક મહત્વના લક્ષ્યો અને પ્રશ્નો મૂક્યા હતા. જેમાં વેપારના અવરોધો દૂર કરવા અંતર્ગત શું આપણે બ્રિક્સ દેશો વચ્ચે રહેલા ટોચના ૧૦ 'ટ્રેડ બેરિયર્સ' (વેપારના અવરોધો) હટાવવા માટેનો કોઈ રિપોર્ટ તૈયાર કરી શકીએ? સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહનમાં શું આપણે દર વર્ષે ૧૦૦ બ્રિક્સ સ્ટાર્ટઅપ્સને અન્ય બ્રિક્સ દેશોના બજારોમાં આગળ વધવા માટે મદદ કરી શકીએ? તેમજ નવી બિઝનેસ પાર્ટનરશિપ શું આપણે આપણા ઉદ્યોગો વચ્ચે એક હજાર નવી પાર્ટનરશિપ (ભાગીદારી) બનાવી શકીએ? નો સમાવેશ થાય છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે દર વર્ષે આ ત્રણ માપદંડો પર પ્રગતિની સમીક્ષા થવી જોઈએ. ''ચાલો બ્રિક્સની મહત્વાકાંક્ષાને એક્શનમાં અને આપણી સામૂહિક શક્તિને ગ્લોબલ સોલ્યુશનમાં બદલીએ. બ્રિક્સને આગળ વધવા દો અને દુનિયાને પણ આગળ ધપાવો.''

### દરિયાઈ સુરક્ષા અને મહિલા સશક્તિકરણ પર ભાર

વૈશ્વિક વેપારની સુરક્ષા અંગે વાત કરતાં પીએમ મોદીએ સ્પષ્ટ કર્યું કે ગ્લોબલ ટ્રેડમાં પ્રગતિ ત્યારે જ શક્ય છે જ્યારે દરિયાઈ માર્ગો સુરક્ષિત હોય, સપ્લાય ચેન ખુલ્લી રહે અને નાવિકો સલામત હોય. ભારત હંમેશાથી નેવિગેશનની આઝાદી અને નાવિકોની સુરક્ષાનું પાક્કું સમર્થક રહ્યું છે. આ ઉપરાંત, 'બ્રિક્સ વિમેન્સ બિઝનેસ એલાયન્સ' વિશે જણાવતાં તેમણે કહ્યું કે મહિલા ઉદ્યોગસાહસિકો (ઠ્ઠાળચક્ષ ઊક્ષર્ચિાચિક્ષચીતિ) આપણી વિકાસ યાત્રાનું નેતૃત્વ કરે તે ભારતના વિઝનનો એક મહત્વનો ભાગ છે. ભારતમાં યોજાયેલી આ એલાયન્સની બેઠકમાં લગભગ ૨૦૦ મહિલા બિઝનેસ લીડર્સે ભાગ લીધો હતો, જે અત્યંત ગર્વની બાબત છે.

## દિવ્યાંગોને વિવિધ વિભાગોમાં અનામત આપવા મામલે હાઈકોર્ટની સરકારને ટકોર

# જગ્યા હોવા છતાં શા માટે ભરતી કરતા નથી?

અમદાવાદ, તા.૧૧

રાજય સરકારના વિવિધ વિભાગોમાં દિવ્યાંગોને અનામત આપવા મામલે સરકારે હાઇકોર્ટમાં સોંગદનામું રજૂ કર્યુ છે. ૨૧ હજાર ભરતીમાંથી ૫ હજાર જેટલાં દિવ્યાંગો ભરતી માટે લાયક નહીં હોવાની રજૂઆત કરાઇ છે. તે સિવાય ૭ હજાર જેટલી પોસ્ટ પર હજુ કામગીરી ચાલી રહી છે. ચીફ જસ્ટિસની ખંડપીઠે એવી ટકોર કરી હતી કે, 'તમે ભલે દિવ્યાંગોની ભરતી કરી હોવાની વાત કરી રહ્યા છો પણ અમને તમારી કામગીરીથી સંતોષ નથી. તમે ૧૩ હજાર પોસ્ટ માટે જાહેરાત કરી પરંતુ જગ્યા ૨૧ હજાર છે તો શા માટે દિવ્યાંગોની ભરતી કરતાં નથી.'



કોર્ટે એવી ટકોર કરી હતી કે, 'ડિપાર્ટમેન્ટ મુજબ તમારે પૃથ્થકરણ કરીને ચાર્ટ કોર્ટમાં રજૂ કરવો પડશે. તમારે વિગતો તો રજૂ કરવી પડે. કઇ પોસ્ટ માટે કયા વિભાગમાં કેટલી અપંગતા ધરાવતા વ્યકિતને નોકરી આપી તે કહેવું પડે.' દિવ્યાંગોને સરકારના વિવિધ વિભાગોમાં અનામત આપવા મામલે હાઈકોર્ટે કહ્યું કે, '૧૩ હજારમાંથી ૫ હજાર જેટલી પોસ્ટ માટે રીક્રુટમેન્ટ એજન્સીએ શા માટે જાહેરાત બહાર પાડી નથી.' સરકારે એવો જવાબ આપ્યો હતો કે, બાકીની પોસ્ટ પર ઝડપથી જાહેરાત બહાર પાડી દેવામાં આવશે. અરજદાર તરફે સરકારે રજૂ કરેલા આંકડાને ખોટા ગણાવતા કોર્ટે એવી ટકોર કરી હતી કે, સરકારે રજૂ કરેલા આંકડા ફૂલગુલાબી ચિત્ર બતાવે છે. પરંતુ ખરેખર કોઈ પૃથક્કરણ કરવામાં આવ્યુ નથી. કયા વિભાગમાં કઇ પોસ્ટ પર નિમણૂક કરાઇ તે સરકારે કોર્ટમાં કહ્યું નથી. દિવ્યાંગોને કેટલી અપંગતા છે, તેમને કઇ જગ્યા પર રાખ્યા તે અંગે પણ સરકારે કોઇ માહિતી કોર્ટમાં રજૂ કરી નથી.'

સરકારે કોર્ટ સમક્ષ એવી રજુઆત કરી હતી કે ૬ હજાર કરતા વધુ લોકોને નિમણુંક આપી દીધી છે. પરિણામો જાહેર થઇ ગયા છે. સરકારે વિગતવાર રિપોર્ટ રજૂ કરવા વધુ સમયની માગણી કરી હતી. આ કેસની સંવેદનશીલતા તમારે સમજવી પડે. રીક્રુટમેન્ટ એજન્સીને બે વર્ષ આપ્યા છતા હજુ સંતોષકારણ પરિણામ મળ્યુ નથી.

# ભારત-EU ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટનો પ્રસ્તાવ

## ભારત આવતા ૯૬ ટકા યુરોપિયન સામાન પર ટેરિફ ઘટશે

નવી દિલ્હી, તા.૧૧

ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે એક ઐતિહાસિક ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) લાગુ કરવાની દિશામાં મહત્વનું પગલું ઉઠાવવામાં આવ્યું છે. યુરોપિયન કમિશને ઊચ્ચ કાઉન્સિલને આ કરાર પર હસ્તાક્ષર કરવા અને તેને આખરી ઓપ આપવા માટે સત્તાવાર પ્રસ્તાવ સોંપ્યો છે. કાઉન્સિલ તરફથી મંજૂરી મળ્યા બાદ, આ બંને પક્ષોના ઈતિહાસનો સૌથી મોટો વેપાર કરાર બની જશે.



યુરોપિયન કમિશનના જણાવ્યા અનુસાર, આ કરાર લાગુ થવાથી EU અને ભારત વચ્ચે વેપાર ખર્ચમાં મોટો ઘટાડો થશે. ભારત મોકલવામાં આવતા કુલ યુરોપિયન નિકાસના ૯૬% હિસ્સા પર સીમા શુલ્ક (કસ્ટમ ડ્યુટી) કાં તો સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવશે અથવા નોંધપાત્ર રીતે ઘટાડવામાં આવશે. આનાથી યુરોપિયન કંપનીઓને વાર્ષિક આશરે ૪ બિલિયન યુરો (લગભગ ₹૩૬,૦૦૦ કરોડ) ની બચત થશે. એજન્સીના અંદાજ મુજબ ૨૦૩૨ સુધીમાં EU થી ભારત થતી નિકાસ બમણી થઈ જશે.

આ FTA લાગુ થયા બાદ ભારત આવતી યુરોપિયન કાર પરનો ટેરિફ તબક્કાવાર ૧૧૦% થી ઘટાડીને ૧૦% કરવામાં આવશે. ઓટો પાર્ટ્સ પરનો ટેક્સ ૫ થી ૧૦ વર્ષમાં નાબૂદ થશે. યુરોપિયન વાઈન પર હાલનો ૧૫૦% આયાત દર ઘટીને ૭૫% અને બાદમાં ૨૦% થઈ જશે. ઓલિવ ઓઈલ પરનો ૪૫% ચાર્જ ૫ વર્ષમાં નાબૂદ કરાશે, જ્યારે બ્રેડ અને કન્ફેક્શનરી પરનો ૫૦% સુધીનો ચાર્જ સંપૂર્ણ હટાવી દેવાશે.બંને પક્ષોએ પોતાના સંવેદનશીલ કૃષિ ક્ષેત્રોની સુરક્ષા માટે ખાસ જોગવાઈ કરી છે. EU અનુસાર, બીફ, ચિકન, ચોખા, ખાંડ અને અન્ય સંવેદનશીલ કૃષિ ઉત્પાદનો માટે વર્તમાન સુરક્ષાના ઉપાયો યથાવત રહેશે. ભારતીય ઉત્પાદનોએ EU માર્કેટમાં પ્રવેશવા માટે તેમના સ્વાસ્થ્ય અને ખાદ્ય સુરક્ષાના માપદંડોનું પાલન કરવું પડશે.

આ પ્રસ્તાવિત કરાર માત્ર સામાનના વેપાર પૂરતો મર્યાદિત નથી. તેમાં ભારતના સર્વિસ સેક્ટરમાં EU કંપનીઓ માટે માર્કેટ એક્સેસ વધારવાની જોગવાઈઓ છે, ખાસ કરીને ફાઈનાન્શિયલ સર્વિસિસ અને દરિયાઈ પરિવહન ક્ષેત્રે. ઉપરાંત, પર્યાવરણ સંરક્ષણ, કલાઈમેટ ચેન્જ, મજૂર અધિકારો અને મહિલા સશક્તિકરણ જેવા મુદ્દાઓ પર ટકાઉ વિકાસ (સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ અધ્યાય પણ સામેલ છે.ભારત અને EU વચ્ચે FTA પર વાટાઘાટો વર્ષ ૨૦૦૭ માં શરૂ થઈ હતી, જે ૨૦૧૩ માં અટકી ગઈ હતી અને ૨૦૨૨ માં ફરી શરૂ થઈ હતી. ઓક્ટોબર ૨૦૨૫ માં ૧૪મો આખરી રાઉન્ડ પૂર્ણ થયા બાદ, ૨૭ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ નવી દિલ્હીમાં ૧૬મા ભારત-EU શિખર સંમેલનમાં વાટાઘાટો પૂર્ણ થયાની સત્તાવાર જાહેરાત કરાઈ હતી.પ્રસ્તાવ રજૂ થવાનો અર્થ એ નથી કે FTA તાત્કાલિક લાગુ થઈ ગયો છે. સૌપ્રથમ EU કાઉન્સિલની મંજૂરી મળ્યા બાદ હસ્તાક્ષર થશે, ત્યારબાદ યુરોપિયન પાર્લામેન્ટ અને ભારત સરકારની આંતરિક મંજૂરી પ્રક્રિયાઓ પૂર્ણ થયા પછી જ આ કરાર અમલમાં આવશે.

## ઓફિસોના ધક્કા ખાધા વગર મળશે લોન : DILRMP 3.0 લોન્ચ

# જમીનનું પણ બનશે આધાર કાર્ડ!

નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્ર સરકારે દેશના તમામ લોકોની જમીનનો પારદર્શક રેકોર્ડ રાખવા માટે એક નવી યોજનાની શરૂઆત કરી છે. ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ (DILRMP) અંતર્ગત હવે ગ્રામીણથી લઈને શહેરી વિસ્તારો સુધીની તમામ જમીનોનો ડિજિટલ હિસાબ રાખવામાં આવશે. સરકારે આ યોજનાના ત્રીજા તબક્કા માટેની સંપૂર્ણ માર્ગદર્શિકા જાહેર કરી દીધી છે.



આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૬-૩૧ દરમિયાન ૫૬૫.૫ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ જમીનના તમામ દસ્તાવેજો, નકશા, રજિસ્ટ્રેશન પ્રક્રિયા અને સંબંધિત આંકડાઓને GIS આધારિત ડિજિટલ પ્લેટફોર્મ પર લાવીને વ્યવસ્થાને સરળ બનાવવાનો છે. યોજનાની શરૂઆત પ્રસંગે કેન્દ્રીય ગ્રામીણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ (Shivraj Singh Chouhan) દ્વારા જણાવાયું હતું કે, આ પગલું માત્ર વ્યક્તિગત દસ્તાવેજોના ડિજિટાઈઝેશન પૂરતું સીમિત નથી, પરંતુ તે એક સંકલિત લેન્ડ મેનેજમેન્ટ વ્યવસ્થા તરફ દોરી જશે. આ નવી સિસ્ટમ લાગુ થવાથી ખેડૂતોને બેંકોમાંથી સંસ્થાકીય લોન મેળવવામાં ખૂબ સરળતા રહેશે અને સરકારી કચેરીઓના વારંવાર ફેરા મારવામાંથી મુક્તિ મળશે. તેમણે ઉમેર્યું હતું કે, જમીન માત્ર માટીનો ટુકડો નથી પરંતુ તે ખેડૂતોનું ગૌરવ, પૂર્વજોના આશીર્વાદ અને આવનારી પેઢીઓની સાચી ઓળખ છે.

લેન્ડ સ્ટેક એક સંયુક્ત ડિજિટલ પ્લેટફોર્મ તરીકે કામ કરશે, જેમાં જિયો-રેફરન્સ્ડ કેડસ્ટ્રલ મેપ, જમીનના હકો, મિલકત નોંધણી અને અદાલતી કેસોની તમામ વિગતો એક જ ઈન્ટરફેસ પર ઉપલબ્ધ બનશે. નવી વ્યવસ્થામાં દરેક રાજ્ય અર્ડ્ઈ દ્વારા પોતાના જમીન ડેટાસેટને એકઠા કરીને રાજ્યકક્ષાનું 'લેન્ડ સ્ટેક' બનાવી શકશે, જે આગળ જતાં નેશનલ લેન્ડ સ્ટેકનું માળખું તૈયાર કરશે.

યુનિવર્સલ ભૂ-આધાર વ્યવસ્થાની યોજના અંતર્ગત દેશના દરેક જમીન પ્લોટને ૧૪ અંકનો એક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર આપવામાં આવશે, જેનાથી મિલકતની ચોક્કસ ઓળખ થશે અને જમીન સંબંધિત છેતરપિંડી કે બોગસ વ્યવહારો અટકાવી શકાશે.રજિસ્ટ્રેશન સેવા કેન્દ્રોનું આધુનિકીકરણ અંતર્ગત પાસપોર્ટ સેવા કેન્દ્રોની પદ્ધતિ પર વધુ ભીડવાળી ૭૫ સબ-રજિસ્ટ્રાર કચેરીઓને આધુનિક ડિજિટલ સુવિધાઓ સાથે સજ્જ સેવા કેન્દ્રોમાં ફેરવવામાં આવશે, જેથી નાગરિકોને સરળતાથી સેવાઓ મળી રહે.જૂના ઐતિહાસિક રેકોર્ડનું સ્કેનિંગ અંતર્ગત વારસાગત હકોનું રક્ષણ કરવા અને પૈતૃક જમીનના વિવાદો ઘટાડવા માટે જૂના તમામ નોંધણી દસ્તાવેજોને વ્યવસ્થિત સ્કેન કરીને ડિજિટલ સ્વરૂપે સુરક્ષિત રાખવામાં આવશે.નોંધાયેલા દસ્તાવેજો અને મિલકત પરના દેવાં કે બોજાની સ્થિતિ સ્પષ્ટ કરવા માટે એક ડિજિટલ રિપોઝિટરી ઊભી કરવામાં આવશે. આ વ્યવસ્થાથી જમીનની માલિકીની સત્યતા તપાસવી અને ભૂતકાળના ખરીદ-વેચાણની હિસ્ટ્રી ચકાસવી સરળ બનશે.

## રાજ્યમાં 'ટ્રસ્ટ-બેઝ્ડ ગવર્નન્સ' અને રોકાણ-અનુકૂળ વાતાવરણને નવી ગતિ મળશે : રાજ્ય મંત્રી ડો.ગામીત

# ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ બિલ વિધાનસભામાં પાસ

## નાગરિકો-ઉદ્યોગો પરનો કમ્પ્લાયન્સ બોજ ઘટશે;સ્વ-ઘોષણા, સ્વ-પ્રમાણીકરણ અને ઑટો-એસ્કેલેશન મિકેનિઝમથી પારદર્શિતા વધશે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત વિધાનસભા ખાતે ઉદ્યોગ રાજ્યમંત્રી ડો.જયરામ ગામીતે કહ્યું હતું કે, રાજ્યમાં ઉદ્યોગ-વ્યવસાય માટેની નિયમનકારી પ્રક્રિયાઓને વધુ સરળ, ઝડપી, પારદર્શક અને ઉદ્યોગ સ્નેહી બનાવવા માટે 'ગુજરાત ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ બિલ,૨૦૨૬' પસાર કરવામાં આવ્યું છે.

રાજ્ય મંત્રી ડો.ગામીતે બિલ અંગે ગૃહમાં વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે,વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મિનિમમ ગવર્નમેન્ટ,મેક્સિમમ ગવર્નન્સ'ના વિઝનને સાકાર કરવાની દિશામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે.રાજ્યમાં વ્યવસાય અને રોકાણકારી પ્રક્રિયાઓને વધુ સરળ, પારદર્શક અને ઉદ્યોગસ્નેહી બનાવવાના હેતુથી આ મહત્વપૂર્ણ વિધેયક લાવવામાં આવ્યું છે.

તેમણે કહ્યું કે,આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય ઉદ્યોગો અને નાગરિકો પરનો બિનજરૂરી નિયમનકારી બોજ ઘટાડવાનો, પ્રક્રિયાઓને સરળ બનાવવાનો, સ્વ-ઘોષણા અને સ્વ-પ્રમાણીકરણને પ્રોત્સાહન આપવાનો તેમજ જોખમ આધારિત અને ટેક્નોલોજી આધારિત વહીવટી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાનો છે.ઓછા જોખમવાળી પ્રવૃત્તિઓમાં ફરજિયાત પૂર્વ મંજૂરી તથા ભૌતિક સંપર્કની જરૂરિયાત ઘટાડીને વિશ્વાસ આધારિત શાસન તરફ આગળ વધવાની દિશા આ બિલમાં દર્શાવવામાં આવી છે.

ગૃહમાં વિધેયકના હાર્દ અને હેતુ સ્પષ્ટ કરતાં રાજય મંત્રી ડો જયરામ ગામીતે જણાવ્યુ હતું કે, આ બિલનો મુખ્ય ઉદ્દેશ્ય નિયંત્રણ આધારિત શાસનમાંથી 'વિશ્વાસ અને જોખમ આધારિત શાસન' (Trust-Based Risk-Based Governance) તરફ આગળ વધવાનો છે. આ વિધેયક દ્વારા જુદા જુદા પાંચ રાજ્ય કાયદાઓની ૧૨ સુધારાત્મક કલમોને એક જ છત્ર હેઠળ લાવીને કાયદાકીય પ્રક્રિયાને સરળ બનાવીને સદનનો સમય બચાવવામાં આવ્યો છે.



મંત્રીએ ઉમેર્યું હતું કે, વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પ, ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ અને આગામી ૧૧મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ના પૃષ્ઠભૂમિમાં આ સુધારાઓ રોકાણકારોના વિશ્વાસમાં વધારો કરશે.

બિલ હેઠળ પ્રસ્તાવિત મુખ્ય કાયદાકીય સુધારાઓમાં ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ, ૨૦૧૩ અંતર્ગત અગ્નિ સલામતીના ધોરણોને જોખમ અને કામગીરી આધારિત બનાવવામાં આવ્યા છે. સ્થાનિક પરિસ્થિતિ અને બિલ્ડિંગના પ્રકાર મુજબ નિયમોને સુસંગત કરી કમ્પ્લાયન્સ ખર્ચ ઘટાડાશે. ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ્સ એક્ટ,૨૦૧૯ અંતર્ગત સ્વ-ઘોષણા અને સ્વ-પ્રમાણીકરણ દ્વારા રજિસ્ટ્રેશન સરળ બનશે. ચોવીસ કલાક ઓપરેશન્સની સુવિધા સાથે જ કામદારોના હક્કો અને સુરક્ષા યથાવત રખાશે.દુકાનો અને સંસ્થાઓને અઠવાડિયાના કોઈપણ દિવસે ૨૪*૭ કામગીરી કરવાની સુવિધા મળશે, જે કામના કલાકો, આરામના અંતરાલ તથા રોજગારની શરતો સંબંધિત લાગુ કાયદાઓને આધીન રહેશે.

ગુજરાત એમએસએમઈ ફેસિલિટેશન એક્ટ, ૨૦૧૯ અંતર્ગત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે 'રાઈટ ટુ બિઝનેસ' માળખું વધુ મજબૂત કરાશે. સહકારી, વીજળી, જીઆઈડીસી અને સિંચાઈ જેવા વધારાના ૮ રાજ્ય કાયદાઓને ફેસિલિટેશન ફ્રેમવર્ક સાથે સુસંગત કરાયા છે. ગુજરાત મેડિકલ કાઉન્સિલ એક્ટ, ૧૯૬૭ અંતર્ગત અન્ય રાજ્યમાં નોંધાયેલા તબીબો માટે સેલ્ફ-ડિક્લેરેશનના આધારે ગુજરાતમાં નોંધણી મેળવવી સરળ બનશે, જેથી તબીબી સેવાઓ અને પ્રોફેશનલ મોબિલિટી ઝડપી બનશે. ગુજરાત રાઈટ ઓફ સિટિઝન્સ ટુ પબ્લિક સર્વિસિસ એક્ટ, ૨૦૧૩ અંતર્ગત સમયમર્યાદામાં સરકારી સેવા કે ફરિયાદનો નિકાલ ન થાય તો મામલો આપમેળે ઉચ્ચ અધિકારી સમક્ષ જતો રહે તે માટે ટેકનોલોજી આધારિત 'ઑટો-અપીલ' અને 'ઑટો-એસ્કેલેશન' મિકેનિઝમ અમલી બનશે.

વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પ સાથે જાહેર કરાયેલી ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૬, તાજેતરમાં ચારેય રીજીયન (પ્રાદેશિક) યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટ્સ અને આગામી જાન્યુઆરીમાં યોજાનાર ૧૧મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ ('વિકસિત ગુજરાત - શેપિંગ ગ્લોબલ ફ્યુચર') માટે આ કાયદાકીય સુધારા અગત્યનું માઈલસ્ટોન સાબિત થશે તેમ તેમણે ઉમેર્યું હતું.

મકાન માલિકો અને ભાડૂઆતોના હિતોનું સમાન અને ન્યાયિક રક્ષણ કરતો ક્રાંતિકારી કાયદો

# ‘ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬’ પસાર

## ગુજરાત ભાડા અધિનિયમ એ માત્ર કાનૂની દસ્તાવેજ નથી, પરંતુ ગુજરાતના આર્થિક અને સામાજિક તાણાવાણાને જોડતી એક મહત્વની કડી-શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પારદર્શિતા વધારવા અને મકાન માલિકો તેમજ ભાડૂઆતો વચ્ચેના સંબંધોમાં શિસ્ત તથા સંતુલન લાવવાના ઉદ્દેશ્યથી 'ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬' વિધાનસભા ગૃહમાં શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈએ ગૃહમાં આ ક્રાંતિકારી વિધેયક રજૂ કરતા તેની મહત્વની જોગવાઈઓ અને હેતુઓની વિગતવાર માહિતી આપી હતી. મંત્રીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી રાજ્યમાં મિલકત ભાડે આપવાની વ્યવસ્થા 'મુંબઈ ભાડા અને નિવાસ ગૃહદર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭' હેઠળ સંચાલિત થતી હતી, જેની મુદત વખતોવખત લંબાવવી પડતી હતી. જૂના કાયદાની મર્યાદાઓને કારણે મકાન માલિકો અને ભાડૂઆતોને અનેક કાનૂની ગૂંચવણોનો સામનો કરવો પડતો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યની આધુનિક જરૂરિયાતોને અનુરૂપ નવો 'ગુજરાત ભાડા અધિનિયમ' લાવવામાં આવ્યો છે.

ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ની મુખ્ય જોગવાઈઓ જોઈએ તો હવેથી કોઈ પણ મિલકત (રહેણાંક કે વાણિજ્યિક) લિખિત ભાડા કરાર વિના ભાડે આપી શકાશે નહીં. આ કરારની માહિતી સંયુક્ત રીતે 'રેન્ટ ઓથોરિટી'ને આપવાની રહેશે.ડિજિટલ શાસન અને ટેકનોલોજીના શ્રેષ્ઠ ઉપયોગથી ભાડા સત્તાધિકારી ૩ મહિનામાં માતૃભાષા ગુજરાતીમાં ડિજિટલ પ્લેટફોર્મ તૈયાર કરશે. દરેક કરારને એક વિશેષ આઈડેન્ટિફિકેશન નંબર (ID) ફાળવી વેબસાઈટ પર અપલોડ કરાશે, જે ભાડૂઆત અને માલિક બંને માટે નિર્ણાયક પુરાવો બનશે.ભાડૂઆતોના હિતમાં એડવાન્સ સિક્યોરિટી ડિપોઝિટની રકમ વધુમાં વધુ ૩ મહિનાના ભાડા જેટલી જ રાખી શકાશે. મિલકત ખાલી કરતી વખતે તમામ હિસાબ ચુકતે કરીને ૧ મહિનામાં આ




ડિપોઝિટ પરત કરવાની રહેશે. કોઈપણ વિવાદના સમયબદ્ધ અને ઝડપી નિવારણ માટે રાજ્યમાં રેન્ટ ઓથોરિટી (Rent Authority), રેન્ટ કોર્ટ (Rent Court) અને રેન્ટ ટ્રિબ્યુનલ (Rent Tribunal) એમ ત્રણ સ્તરની ન્યાયિક વ્યવસ્થા અસ્તિત્વમાં લાવવામાં આવશે. કોઈપણ મકાન માલિક ભાડૂઆતની વીજળી, પાણી કે ગેસ કનેક્શન જેવી આવશ્યક સેવાઓ રોકી શકશે નહીં. જો આવું થશે, તો રેન્ટ ઓથોરિટી તુરંત સેવાઓ પુનઃજીવિત કરવાનો આદેશ કરશે.મકાન માલિકના હકોનું રક્ષણ કરતા કલમ ૨૧ હેઠળ મિલકત ખાલી કરાવવાના આધારો દર્શાવ્યા છે. જો ભાડૂઆત સતત ભાડું ન ચૂકવે, મિલકતને નુકસાન પહોંચાડે કે માલિકની મંજૂરી વગર પેટા-ભાડે આપે, તો માલિક ભાડા અદાલત મારફતે મિલકત ખાલી કરાવી શકશે.

પૂર ભૂકંપ કે ચક્રવાત જેવી કુદરતી આપત્તિના સમયે જો મિલકત રહેવા યોગ્ય ન રહે, તો ભાડુઆતને ભાડામાંથી મુક્તિ મળશે અથવા કરાર લંબાવવાની વાજબી તક મળશે.કલમ ૧૮ મુજબ મકાન માલિક પોતાની સુવિધા માટે પ્રોપર્ટી મેનેજરની નિમણૂક કરી શકશે. પ્રોપર્ટી મેનેજરની ભૂમિકાને કાયદાકીય માળખામાં લાવી તેની ફરજો નિર્ધારિત કરવામાં આવી છે.સરકારી પરિસરો, કંપનીઓ દ્વારા કર્મચારીઓને અપાતા સર્વિસ ક્વાર્ટર, ધાર્મિક-સખાવતી સંસ્થાઓ, વક્ફ બોર્ડ અને પબ્લિક ટ્રસ્ટની માલિકીની મિલકતોને આ કાયદામાંથી મુક્તિ અપાઈ છે. જોકે, બંને પક્ષોની પરસ્પર સંમતિ હોય તો તેઓ આ કાયદા હેઠળ જોડાઈ શકે છે.

મંત્રી કનુભાઈ દેસાઈએ ઉમેર્યુ હતું કે, ''ગુજરાત ભાડા અધિનિયમ એ માત્ર કાનૂની દસ્તાવેજ નથી, પરંતુ ગુજરાતના આર્થિક અને સામાજિક તાણાવાણાને જોડતી એક મહત્વની કડી છે. આ કાયદો મકાન માલિકને યોગ્ય ન્યાય અને ભાડૂઆતને આદરપૂર્વક જીવવાની છત આપે છે. આ વિધેયકથી રિયલ એસ્ટેટ માર્કેટમાં પારદર્શિતા આવશે, 'ઈઝ ઓફ લિવિંગ' વધશે અને રાજ્યમાં પરસ્પર વિશ્વાસનું વાતાવરણ વધુ મજબૂત બનશે.'' ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે 'ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬' વિના વિરોધે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

### ઈન્સ્ટાગ્રામ પર એરફોર્સના ‘સ્ક્વોડ્રન લીડર’ બનીને છેતરપિંડી

# નોકરીની લાલચ આપી ૧.૯૫ લાખ પડાવનાર ભેજાબાજ ઝડપાયો

રાજકોટ તા. ૧૧

રાજકોટની ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસે ઇન્સ્ટાગ્રામ પર ઇન્ડિયન એરફોર્સના 'સ્ક્વોડ્રન લીડર' તરીકેની ખોટી ઓળખ આપીને યુવાન સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરનાર પ્રતિક મહેશભાઇ ભારદ્વાજને ઝડપી પાડ્યો છે.

આ સમગ્ર ઘટનાની વિગત મુજબ, આરોપીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર પોતાનું 'પ્રતીક ભારદ્વાજ' નામનું ફેક પેજ બનાવ્યું હતું. આ પેજ દ્વારા તેણે ફરિયાદીને પોતે ઇન્ડિયન એરફોર્સની સૂર્યકિરણ ટીમમાં ફ્લાઇંગ બ્રાન્ચના સ્કવોડ્રન પર માં સ્કવોડ્રન લીડર તરીકે કર્ણાટકના બીડર એરફોર્સ ખાતે ફરજ બજાવે છે તેવી ખોટી ઓળખ આપી હતી. ફરિયાદીને પોતાની વાતોમાં ફસાવીને વિશ્વાસમાં લીધા



બાદ, આરોપીએ તેમને એરફોર્સમાં નોકરી અપાવી દેવાની લાલચ આપી હતી. આ લાલચમાં આવી ગયેલા ફરિયાદી પાસેથી આરોપીએ કટકે-કટકે કુલ રૂ. ૧,૯૫,૦૦૦ પોતાના ઓનલાઈન બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા અને ત્યારબાદ છેતરપિંડી આચરી હતી.

રૂ. ૫૦,૦૦૦ થી વધુની સાયબર ફ્રોડની ઇ-એફ.આઇ.આર. પરથી ગુનો દાખલ કરવાના ઉચ્ચ અધિકારીઓના હુકમ અન્વયે, અત્રેના ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે આ ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઝીણવટભર્યું ટેકનિકલ એનાલિસિસ કર્યું હતું. ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશનના પી.આઇ. કે.કે. ગોહિલના નેતૃત્વમાં એ.એસ.આઇ. સંજયભાઇ ઠાકર, હેડ કોન્સ્ટેબલ રાહુલ ઠાકુર, કોન્સ્ટેબલ સાવનભાઇ વસોયા અને ટી.આર.બી. જવાન હેમાંગ રાજેશભાઇએ સઘન તપાસના આધારે ૩૩ વર્ષીય આરોપી પ્રતિક મહેશભાઇ ભારદ્વાજની ઓળખ કરી લીધી હતી. રાજકોટના નાણાવટી ચોક, રૈયા રોડ પર આવેલ શાંતિનિકેતન પાર્ક-૪ ના મેઇન રોડ પર ડી-૩૨ માં દીપકભાઇના ભાડાના મકાનમાં રહેતા આ આરોપીને પોલીસે ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ધરપકડ બાદ પોલીસે આરોપી પાસેથી કુલ ૧૬,૦૦૦ રૂપિયાની કિંમતના બે મોબાઇલ ફોન જપ્ત કર્યા છે. આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (ઇગજ)ની કલમ ૩૧૮(૪), ૩૧૯(૨), ૨૦૪ અને આઇ.ટી. એક્ટની કલમ ૬૬(ડી) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

# સદર બજારના રહેણાંક મકાનમાંથી ૭ લાખના ગેરકાયદે ફટાકડા ઝડપાયા

### પ્રદ્યુમન નગર પોલીસે લાયસન્સ વિના ગીચ વસ્તીમાં ફટાકડાનો સંગ્રહ કરી લોકોના જીવ જોખમમાં મૂકનાર અબ્બાસ માંકડાની કરી ધરપકડ

રાજકોટ, તા. ૧૧

રાજકોટ શહેરમાં તહેવારોની મોસમ શરૂ થતાં જ ગેરકાયદેસર રીતે ફટાકડાનો વેપાર અને સંગ્રહ કરતા તત્વો સક્રિય થઈ ગયા છે. જોકે, આવા લોકો સામે પોલીસે લાલ આંખ કરી છે. શહેરના અત્યંત વ્યસ્ત અને ગીચ એવા સદર બજાર વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે સંગ્રહિત કરવામાં આવેલો લાખો રૂપિયાનો ફટાકડાનો જથ્થો ઝડપી પાડીને પ્રદ્યુમન નગર પોલીસે એક મોટી દુર્ઘટના ટાળી છે.

પ્રદ્યુમન નગર પોલીસ મથકનો સ્ટાફ શહેરમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા માટે સઘન પેટ્રોલીંગ કરી રહ્યો હતો. તે દરમિયાન પોલીસ સ્ટાફના ચાપરાજભાઈ ખવડ અને તોફીકભાઈ મંદરાને એક ખાનગી અને સચોટ બાતમી મળી હતી. બાતમીમાં જણાવવામાં આવ્યું હતું કે, સદર બજારમાં મેઈન રોડની પાછળ આવેલી શેરીમાં રહેતો અબ્બાસ માંકડા નામનો શખ્સ ફાયર સેફ્ટીના નિયમોનો ઉલાળિયો કરી રહ્યો છે. તે કોઈપણ પ્રકારના સત્તાવાર લાયસન્સ વગર પોતાના જ રહેણાંક મકાનમાં વિસ્ફોટક ફટાકડાઓનો મોટો જથ્થો સંતાડીને રાખી રહ્યો છે અને ત્યાંથી જ સીઝનલ વેચાણનો કાળો કારોબાર ચલાવી રહ્યો છે.

આ બાતમી મળતાની સાથે જ ઉચ્ચ અધિકારીઓને વાકેફ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. મકવાણા અને પીએસઆઈ એસ.ડી. કોઠીવારના સીધા માર્ગદર્શન હેઠળ ડી-સ્ટાફની ટીમે તાત્કાલિક અસરથી સદર બજારમાં આવેલા અબ્બાસ માંકડાના મકાન પર દરોડો પાડ્યો હતો. પોલીસની ટીમે જ્યારે મકાનની તલાશી લીધી ત્યારે ઘરની અંદરના દ્રશ્યો ચોંકાવનારા હતા. આરોપી અબ્બાસે પોતાના મકાનના હોલમાં અને અંદરના રૂમમાં મોટી માત્રામાં ગેરકાયદેસર ફટાકડાના બોક્સ ખડકી દીધા હતા. પોલીસે ઘટનાસ્થળેથી અંદાજિત રૂ. ૭ લાખની કિંમતનો સ્ફોટક ફટાકડાનો જથ્થો જપ્ત કરી લીધો છે. સદર બજાર જેવો વિસ્તાર અત્યંત ગીચ વસ્તી ધરાવે છે. આવા રહેણાંક વિસ્તારમાં આટલા મોટા પ્રમાણમાં વિસ્ફોટક સામગ્રીનો સંગ્રહ કરવો અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. જો કોઈ આકસ્મિક કારણસર શોર્ટ સર્કિટ થાય કે આગ લાગે તો આસપાસના મકાનોમાં પણ આગ પ્રસરી શકે છે અને મોટી જાનહાનિ સર્જાવાની પૂરી શક્યતાઓ રહેલી હતી.

આમ, અન્ય નિર્દોષ લોકોના અને પડોશીઓના જીવ પર ગંભીર જોખમ ઉભું કરવા બદલ પોલીસે તુરંત જ આરોપી અબ્બાસ માંકડાની ધરપકડ કરી લીધી હતી. પ્રદ્યુમન નગર પોલીસે આરોપી સામે ગેરકાયદેસર રીતે વિસ્ફોટક પદાર્થ રાખવા અને લોકોની સુરક્ષા જોખમાય તેવું બેદરકારીભર્યું કૃત્ય કરવા અંગેનો કાયદેસરનો ગુનો નોંધીને આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની આ કડક કાર્યવાહીથી શહેરમાં ગેરકાયદેસર રીતે ફટાકડાનો વેપાર કરતા અન્ય વેપારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

# ગુજરાત AI યુગનું ‘પ્રાઈમ મુવર’

## દુનિયાનું પણ AI માટેનું સેન્ટર બનવાની દિશામાં અગ્રેસર- અર્જુન મોઢવાડીયા : ડેટા સેન્ટરો એ આજના યુગના તેલના કૂવા-Oil Wells : ગુજરાતની આ દિશામાં આગેકૂચ

ગાંધીનગર, તા.૧૧

અગાઉ જ્યારે કમ્પ્યુટર રિવોલ્યુશન અને IT રિવોલ્યુશન થયું, તે વખતે ભારત પાસે તક હતી કે આપણે એ યુગનું નેતૃત્વ કરીએ. આપણા યુવાનોએ ત્યારે એ તક ઝડપી અને એને પરિણામે આપણા યુવાનો આજે વૈશ્વિક મંચ પર અગ્રસરે છે. પરંતુ કમનસીબે એ વખતે જે લીડ રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારે લેવી જોઈતી હતી તે ના લેવાઈ, એટલે એ યુગનું નેતૃત્વ કરવાનો વારો આપણા દેશનો ન આવ્યો.હવે જ્યારે અંઈ ના યુગમાં પ્રવેશ કરી રહ્યા છીએ,ત્યારે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈની આગેવાની હેઠળ આખો દેશ- ભારત એ યુગનું નેતૃત્વ કરે, એ પ્રકારનું માર્ગદર્શન ગુજરાત સહિત તમામ રાજ્યોને આજે મળી રહ્યું છે તેમ, વિધાનસભા ગૃહમાં વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું.

'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર પોલિસી' ૨૦૨૬-૨૦૨૯ ના મુખ્યત્વે પ્રોત્સાહન અને ફાયદા અંગે ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં મંત્રી મોઢવાડિયાએ કહ્યું હતું કે, આ યુગ-પરિવર્તન કહી શકાય એવી પોલિસી બનાવવાનો શ્રેય આપણા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને જાય છે.આજનો દિવસ આપણે સૌ યાદ રાખશું. આજથી ૧૦ વર્ષ પછી આ રાજ્યના જ નહીં પણ દેશના યુવાનો યાદ કરશે કેમ કે ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે એવી પોલિસી બનાવી હતી, જેને પરિણામે ગુજરાત આ અંઈ યુગનું દેશનું 'પ્રાઈમ મુવર' બન્યું અને દુનિયાનું પણ અંઈ માટેનું સેન્ટર બનવા જઈ રહ્યું છે.

AI માટે જરૂરી હોય તો તે ડેટા અને ડેટા સેન્ટરો છે, અને ડેટા સેન્ટરની ઈકોસિસ્ટમ બનાવવી ખૂબ જરૂરી છે. દુનિયાની અંદર આપણા ડેટા સેન્ટરોની જે ક્ષમતા છે તે અંગે વાત કરીએ તો અત્યારે વૈશ્વિક સ્તરે ૧૨૨ ગીગાવોટ ક્ષમતાના ડેટા સેન્ટરો કાર્યરત છે. મંત્રીએ વૈશ્વિક ડેટા સેન્ટરોની વિગતો આપતાં જણાવ્યું હતું કે,અમેરિકા ૪,૪૨૩ ડેટા સેન્ટરો ધરાવે છે, જેની ક્ષમતા ૫૩ ગીગાવોટ છે. દુનિયાના ડેટા સેન્ટરોની ક્ષમતાના ૪૪% સાથે યુ.એસ.એ. અત્યારે નેતૃત્વ કરે છે. યુ.કે.માં ૫૫૫ ડેટા સેન્ટરો અને ૨.૫ ગીગાવોટની ક્ષમતા ધરાવે છે. ચીનમાં ૩૬૯ ડેટા સેન્ટરો અને ૩૧ ગીગાવોટની ક્ષમતા ધરાવે છે જે વૈશ્વિક ક્ષમતાના ૨૬% એટલે ત્રીજો નંબરે છે. જ્યારે યુરોપ ૧૧.૯ ગીગાવોટ ક્ષમતા ધરાવે છે.જાપાન અને દક્ષિણ કોરિયા મળીને કુલ ૬.૬ ગીગાવોટ ક્ષમતા ધરાવે છે. જર્મની ૫૨૩ ડેટા સેન્ટરો ધરાવે છે.

અમેરિકા અને ચાઈના બંને ભેગા કરીએ તો ૭૦ % ડેટા સેન્ટરો માત્ર આ બે દેશો પાસે છે. ડેટા સેન્ટરો એ આજના યુગના તેલના કૂવા (ઘશહ ઠ્યહહત) છે ત્યારે ગુજરાત આ દિશામાં આગેકૂચ કરી રહ્યું છે. મંત્રીએ જણાવ્યું હતું કે,દુનિયામાં જે ટોટલ ડેટા સર્જન થાય છે તેમાંથી ૨૦% ડેટા ભારત પાસે છે, પરંતુ માત્ર ૨% થી ૨.૫% ડેટા જ આપણે સ્ટોર કરીએ છીએ. આ સ્થિતિ બદલવી ખૂબ જરૂરી છે. દુનિયાના ડેટા સેન્ટરોની ક્ષમતાના પ્રમાણમાં ભારતની ક્ષમતા અત્યારે માત્ર ૨% છે. અમેરિકાની ૫૩ ગીગાવોટ સામે ભારત પાસે માત્ર ૧.૫ ગીગાવોટની કેપેસિટી છે, જેમાં ગુજરાત પણ પાછળ છે.

હમણાં જ ૬ મહિના પહેલા મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ગિફ્ટ સિટીની અંદર દેશનું પ્રથમ (નાનું પણ યોટા ટેકનોલોજી અને શારજાહ ગવર્નમેન્ટ સાથે મળીને) ડેટા સેન્ટર સ્થાપવાનું આયોજન કર્યું. આ નવી પોલિસી આવ્યા પછી આપણી ક્ષમતા વધારવાની વાત છે. તેમણે કહ્યું કે,આપણે અત્યારે ટાર્ગેટ રાખ્યો છે કે આપણે ૭.૫ ગીગાવોટ ક્ષમતા પ્રાપ્ત કરવી. ભારતની અત્યારની ક્ષમતા ૧.૫ ગીગાવોટ છે, તેની સામે ગુજરાતે એકલા ૭.૫ ગીગાવોટનો ટાર્ગેટ નક્કી કર્યો છે. આ પોલિસી હેઠળ આપણે પ્રોએક્ટિવલી ઈન્સેન્ટિવ આપવાના છીએ.તેની સામે આપણી પાસે ૧૭ ગીગાવોટ માટેની EOI (એક્સપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ)૧૭ પાર્ટીઓ તરફથી આવી ચૂકી છે જ્યારે પ્રોજેક્ટ ૧૯ છે. રોકાણકારોની લાઈન લાગી છે કે અમારે ગુજરાતમાં ડેટા સેન્ટર બનાવવું છે,એટલા માટે આ ડેટા સેન્ટરો જ્યારે આવશે ત્યારે આપણી ક્ષમતા વધશે અને અંઈ ના યુગમાં ટ્રેનનું




'પ્રાઈમ મુવર' અને એન્જિન બનવાનું કામ ગુજરાત કરશે.જે અધિકારીઓએ આ માટે દિવસ-રાત મહેનત કરી છે તેમને મંત્રીએ અભિનંદન પાઠવ્યા હતા.સરકાર એટલી ઉદાર પોલિસી લાવી છે. જેને કારણે આવનારા દિવસોમાં આપણા હજારો યુવાનો માટે ડાયરેક્ટ અને ઈનડાયરેક્ટ હાઈ-ટેક જોબ્સનું સર્જન થશે અને ગુજરાતને આ નવા યુગનું નેતૃત્વ કરવાની તક મળશે.

મંત્રીએ ગર્વ સાથે કહ્યું હતું કે, આપણું ધોલેરા એ ગુજરાતનું નહીં પણ દેશનું મોટું સ્માર્ટ સિટી બનવા જઈ રહ્યું છે. અંદાજે ૯૦૦ ચોરસ કિલોમીટરનો વિસ્તાર, હું ત્યાંના લોકોને અભિનંદન આપું છું, ત્યાંના આગેવાનોને અભિનંદન આપું છું, કે એમને પણ ભવિષ્યમાં શું થવાનું છે તેની સૂઝ એમની પાસે હતી. એટલા માટે ઉદારતાથી, જે સામાન્ય રીતે નવી જમીન સંપાદન કે કોઈ પણ ડેવલપમેન્ટનું કામ હાથમાં લો, તો એની સામે આંદોલન કરવાનું, જમીન નહીં આપવાની, પૈસા આપો તોય નહીં આપવાની અને વધુ માંગવાની, વચ્ચે વચેટીયાઓને ઊભા કરવાના... એમાં પડ્યા વગર એ લોકો આગળ આવ્યા અને આ ધોલેરા સ્માર્ટ સિટી ડેવલપ કરવાની અંદર ખૂબ મદદ કરી.

તેમણે કહ્યું કે,વર્ષ ૨૦૦૦ની સાલમાં ત્યાં જમીનનો ભાવ શું હતો ? માત્ર ૧૫૦૦ રૂપિયા એકરનો ભાવ હતો ! આજે કલ્પના પણ ના કરી શકાય. આ ૯૦૦ ચોરસ કિલોમીટર એરિયાનો વિસ્તાર, આ ધોલેરા છે તે હાઈટેક ઈન્ડસ્ટ્રીનું હબ બનવા જઈ રહ્યું છે. દુનિયાની અંદર જેમ ચીનની અંદર કે તાઈવાનની અંદર હાઈટેક સિટીઝ છે, એ સિટીઝ કરતાં પણ મોટું, દિલ્હી કરતાં પણ ૩ ગણું મોટું આ ધોલેરા બનવા જઈ રહ્યું છે.

મંત્રીએ કહ્યું કે, આ સ્વપન જોવાનો શ્રેય પણ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને જાય છે એને સાકાર કરવાનો પણ એમનો આદેશ હતો અને અમે બધા તેને સાકાર કરવા સહભાગી થયા છીએ. ગુજરાતમાં મુખ્યમંત્રી આ ઈકોસિસ્ટમ વિકસાવવામાં અમને બધી જ મદદ કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે,ધોલેરાની અંદર અત્યારે બધી હાઈટેક ઈન્ડસ્ટ્રીઓ આવી રહી છે. ધોલેરામાં જે રોકાણકારો ડેટા સેન્ટર સ્થાપશે, એને બીજા બધા તો લાભ મળશે જ, પણ એની સાથે સાથે ૨.૫ % વધારાની કેપિટલ સબસિડી પણ ધોલેરાના વિસ્તારને મળવાની છે.

દુનિયાના ડેટા સેન્ટરો કરતાં આપણા ડેટા સેન્ટરો અલગ છે. એ વાત સાચી છે કે વીજળીનો વપરાશ મોટા પાયે થાય છે. પણ ગુજરાત એમાં પણ બહુ સદભાગી છે કે આપણે વીજળીમાં સરપ્લસ છીએ અને એમાંય ગ્રીન એનર્જીનો સૌથી વધારે વપરાશ થતો હોય, તો બે રાજ્યો મોખરે છે: એક રાજસ્થાન અને બીજું આપણું ગુજરાત. બંને પાસે... કુદરતે આપણને ખૂબ સારી રીતે જમીનની કમી નથી આપી, પુષ્કળ સૂર્યનો તાપ આપ્યો છે, પવન આપ્યો છે,એટલે જે ગ્રીન એનર્જીનું ઉત્પાદન છે, તેમાં અત્યારે ગુજરાત દેશમાં નંબર વન છે. તેમણે કહ્યું કે, આની અંદર જે વીજળીનો વપરાશ થાય છે, તે વપરાશ ફોસિલ ફ્યુઅલ આધારિત વીજળીનો થાય છે અને એના કારણે લોડ પડે છે.તેના કારણે પર્યાવરણને પણ નુકસાન થાય છે.

ગુજરાતમાં જે આ પોલિસી બની છે, એમાં ૫૧ ટકા વીજળી ગ્રીન એનર્જીની વાપરવાની આપણે સગવડ આપી છે.જ્યાં સુધી પાણીનો સવાલ છે,તો જે પાણી વપરાવાનું છે, તેના માટે ડિસેલિનેશન પ્લાન્ટ નાખવામાં આવશે. અને એ પ્લાન્ટ મારફતે જે પાણી પેદા થાય, એમાંય ઇન્સેન્ટિવ (પ્રોત્સાહન) પાછું જે લોકોને આપીએ છીએ. એ પાણી વપરાવાનું છે અને હવે નવી ટેકનોલોજી એવી આવી રહી છે કે પાણી કોઈ વેસ્ટ નહીં જાય, એ જ પાણી રિસાયકલ થવાનું છે,એટલે કોઈ પાણી ઉપર કે આપણી વીજળી ઉપર કોઈ લોડ ન આવે, એવી આ ભારતની એકમાત્ર એવી પોલિસી છે કે જે વાપરનારાઓ માટે પણ ફ્રેન્ડલી છે, ઉત્પાદકો માટે પણ ફ્રેન્ડલી છે અને પર્યાવરણ માટે પણ ફ્રેન્ડલી છે.

મંત્રીએ પેટા પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું હતું કે,આપણે માનીએ છીએ કે ડેટા સેન્ટરની ક્ષમતા ૫૦-૧૦૦ મેગાવોટથી શરૂ કરીને ૨ ગિગાવોટ સુધીની હોય છે, જે મોટાભાગે આંતરરાષ્ટ્રીય કંપનીઓ માટે હોય છે. પરંતુ આપણે જે ન્યૂનતમ ક્ષમતા રાખી છે તે ૧૫૦ મેગાવાટ (એટલે કે ૦.૧૫ ગિગાવાટ) ની છે.આપણી પાસે હાલમાં ૧૭ ગિગાવાટ માટેની અરજીઓ આવેલી છે. પ્રાથમિક તબક્કે આપણી ઇચ્છા એવી છે કે તેમાંથી ૭.૫ ગિગાવાટને ટૂંક સમયમાં જ 'વન-સ્ટ્રોક' (એક સાથે) મંજૂરી આપી દેવામાં આવે, ત્યારબાદ આપણી જરૂરિયાત અને ક્ષમતા મુજબ આગળના તબક્કામાં નિર્ણય લેવાશે.જે અરજીઓ આવી છે તે ધોલેરા માટે પણ છે અને અન્ય સેન્ટરો માટે પણ છે. પરંતુ તેના માટે બીજી એક મહત્વની જરૂરિયાત એ છે કે,સામાન્ય રીતે આપણી માન્યતા એવી હોય છે કે બધું વાયરલેસ ચાલે છે, પણ વાસ્તવમાં મોટાભાગનું કમ્યુનિકેશન વાયર મારફતે થાય છે. આ આખું નેટવર્ક દુનિયાના સમુદ્રોમાં પથરાયેલું છે, તેથી સબમરીન કેબલ સાથે જોડાવું જરૂરી છે. જ્યાં સબમરીન કેબલ આવશે ત્યાં કેબલ લેન્ડિંગ સ્ટેશન પણ બનાવવામાં આવશે. આ માટે અલગ નીતિ પણ તૈયાર કરાઈ છે.તેમણે કહ્યું કે, ટેકનિકલ દ્રષ્ટિએ ગિફ્ટ સિટી (GIFT City) માં ડેટા સેન્ટર લાવવા માટે દીવ અથવા ચોરવાડ ખાતે કેબલ લેન્ડિંગ સ્ટેશન આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત પોરબંદર, સુરત અને ધોલેરા જેવી જગ્યાઓએ પણ આ સ્ટેશનો આવશે અને તેની આસપાસ આ ડેટા સેન્ટર ઇકોસિસ્ટમ ઊભી થશે. રિવર્સ માઇગ્રેશન અને રોજગારી આ ક્ષેત્ર ખાસ કરીને ગુજરાતના શિક્ષિત યુવાનોના ભવિષ્યને આગળ લઈ જશે. દુનિયાભરમાં સ્થાયી થયેલા ભારતીય નિષ્ણાતો હવે પાછા આવશે.

તેમણે ઉમેર્યું કે,તાજેતરમાં વડાપ્રધાનના હસ્તે ઉદઘાટન થયેલા ૩ સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સમાં CEO થી લઈને ટોપ એક્ઝિક્યુટિવ્સ સુધીના મોટાભાગના લોકો વિદેશથી ભારત પાછા ફર્યા છે. આમ, 'રિવર્સ માઇગ્રેશન' (સ્વદેશ વાપસી) થશે અને આ ક્રાંતિ નવી પેઢી માટે નવી તકો સર્જશે.ગુજરાતમાં આ ક્ષેત્રમાં રોકાણ માટે જે અરજીઓ આવેલી છે, તે અરજીઓની ટોટલ ક્ષમતા મેં બતાવી દીધી છે. લગભગ ૧૭ ગીગાવોટની આસપાસની છે. અને જો બધું મૂડીરોકાણ થાય, તો રૂ.૧૭ લાખ કરોડ કરતાં વધારે થાય છે. એમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ છે તેમ, મંત્રીએ ઉમેર્યું હતું.

## પ્રદેશ કોંગ્રેસ નેતાઓનો આકરો પ્રહાર

# કોર્પોરેટરોનો ૧૬૭% પગાર વધારો ગેરવ્યાજબી

### કોંગ્રેસ નેતાઓએ સ્પષ્ટ કર્યું કે કોર્પોરેટર એ નગરસેવકની વ્યાખ્યામાં આવે અને તેમને મળતી રકમ એ માનદ વેતન



રાજકોટ, તા.૧૧

ભાજપના ૪૦થી વધુ કોર્પોરેટરો દ્વારા માનદ વેતનમાં ૧૬૭% નો જંગી વધારો કરવાની માંગ સામે વિરોધનો સૂર ઊઠ્યો છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ અને જાણીતા ન્યુરો સર્જન ડો. હેમાંગભાઈ વસાવડા, પૂર્વ કોર્પોરેટર દિલીપભાઇ આસવાણી અને પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલાએ આ માંગને સંપૂર્ણપણે ગેરવ્યાજબી અને એકતરફી ગણાવી છે.

કોર્પોરેટર 'નગરસેવક' છે, કર્મચારી નથી : કોંગ્રેસ નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે કોર્પોરેટર એ નગરસેવકની વ્યાખ્યામાં આવે છે અને તેમને મળતી રકમ એ માનદ વેતન છે, નહીં કે પગાર. જુનાગઢ અને ભાવનગર જેવા મહાનગરોમાં આજે પણ કોર્પોરેટરોને રૂ. ૯,૬૦૦ ની આસપાસ જ માનદ વેતન મળે છે. અગાઉ અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરામાં કોર્પોરેટરોના ભથ્થામાં એકસાથે ૪૦૦% નો તોતિંગ વધારો ઝીંકાયો હતો, જેનો પણ ભારે વિરોધ થયો હતો.

પ્રજાના ટેક્સના પૈસાનો દુરુપયોગ અટકાવો : મહાનગરપાલિકામાં આવતો એક-એક રૂપિયો સામાન્ય પ્રજાની કમાણી અને ટેક્સમાંથી આવે છે. હાલમાં મોંઘવારી, બેરોજગારી અને આર્થિક મંદીના કારણે સામાન્ય લોકો દાગીના વેચીને ઘર ચલાવી રહ્યા છે, ત્યારે પ્રજાના પૈસા પર આ પ્રકારનો વધારો માંગવો માનવતા વિરુદ્ધ છે. ભાજપના નેતાઓએ સરદાર વલ્લભભાઈ પટેલ અને લાલબહાદુર શાસ્ત્રી જેવા મહાનુભાવોના જીવનમાંથી સદગુણો અને બોધપાઠ લેવો જોઈએ.

જવાબદારી શૂન્ય, ઓફિસોમાં અલીગઢી તાળા : અગાઉના સમયમાં કોર્પોરેટરો સાંજના સમયે કાર્યાલયમાં બેસીને લોકોના પ્રશ્નો સાંભળતા અને કમિશનર સમક્ષ રજૂઆત કરીને ઉકેલ લાવતા. પરંતુ આજે ચિત્ર બદલાયું છે કોર્પોરેટરોની કોઈ હાજરી કે જવાબદારી ફિક્સ નથી. ચેરમેનોની ઓફિસોમાં અલીગઢી તાળા લટકતા જોવા મળે છે. ગેરકાયદેસર સાયરન વાળી ગાડીઓનો ઉપયોગ જાહેર સેવાને બદલે અંગત કામો માટે થાય છે. કોર્પોરેટરો માત્ર આવક અને મરણના દાખલા આપવા પૂરતા સીમિત રહ્યા છે.

રાજકોટમાં પાણી સહિતના અનેક ગંભીર પ્રશ્નોથી પ્રજા ત્રાહિમામ છે ત્યારે કોર્પોરેટરો પ્રજા વચ્ચે દેખાતા પણ નથી. કોંગ્રેસ આગેવાનોએ ચીમકી આપતા જણાવ્યું છે કે પ્રજાએ કોઈને સેવા કરવા માટે આગ્રહ કર્યો નહોતો. જો હાલ મળતું રૂ. ૧૫,૦૦૦ નું માનદ વેતન ન પોસાતું હોય તો તાત્કાલિક રાજીનામું આપી દેવું જોઈએ, સેવા કરવા માટે બહાર અનેક યુવાનો લાઈનમાં ઊભા છે.

---

ઈકો-ફ્રેન્ડલી ગણેશોત્સવ

## શહેરમાં ૧૦,૦૦૦ માટીની ગણપતિજીની મૂર્તિઓનું વિતરણ

### નોંધણી ન કરાવનાર લોકોને પણ ગણેશજીની પ્રતિમા માત્ર ૫૦૦માં મળશે



રાજકોટ, તા.૧૧

મહાનગરપાલિકા અને સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના સંયુક્ત ઉપક્રમે શહેરમાં સૌપ્રથમ વખત પર્યાવરણમૈત્રી ગણેશોત્સવ ઉજવવા માટે એક વિશેષ જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ગણેશ વિસર્જન દરમિયાન થતા જળપ્રદૂષણને અટકાવવા અને નાગરિકોમાં માટીની મૂર્તિઓ પ્રત્યે પ્રેરણા જગાવવાના ઉદ્દેશ્યથી કુલ ૧૦,૦૦૦ માટીના ગણપતિજીનું વિતરણ કરવાનો નિર્ણય લેવાયો છે. આ અભિયાનને ૨૫૦થી વધુ ખાનગી શાળાઓ, વિવિધ સામાજિક સંસ્થાઓ અને શહેરના પર્યાવરણપ્રેમી નાગરિકો તરફથી ભારે ઉત્સાહપૂર્વકનો અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે.

અભિયાન અંતર્ગત જે નાગરિકોએ અગાઉથી ઓનલાઈન નોંધણી કરાવી લીધી છે, તેઓ માટે શુક્રવાર તા. ૧૧ અને શનિવાર તા. ૧૨ના રોજ સવારે ૧૧:૦૦થી બપોરે ૨:૦૦ તથા બપોરે ૩:૦૦થી સાંજે ૬:૦૦ કલાક દરમિયાન મૂર્તિ વિતરણની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન સ્લિપ સાથે લાવવી અનિવાર્ય રહેશે અને પહોંચમાં દર્શાવેલા નિર્ધારિત કેન્દ્ર પરથી જ મૂર્તિ મેળવવાની રહેશે. આ ઉપરાંત, ઓનલાઈન નોંધણીથી વંચિત રહી ગયેલા નાગરિકો માટે પણ ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે; તેઓ શહેરના નિયુક્ત ૧૬ કેન્દ્રો પરથી 'નહીં નફો, નહીં નુકસાન'ના ધોરણે માત્ર રૂ. ૫૦૦ ચૂકવીને માટીની ગણપતિજીની મૂર્તિ મેળવી શકશે. પર્યાવરણની સુરક્ષા અને માટીની મૂર્તિઓના મહત્વ અંગે જનજાગૃતિ ફેલાવવા માટે કિસાનપરા ચોક, સોરઠિયાવાડી ચોક અને પેડક રોડ પર આવેલા બાલક હનુમાન મંદિર ખાતે વિશેષ પ્રચાર-પ્રસાર સ્ટોલ પણ કાર્યરત કરવામાં આવ્યા છે.

શહેરના અલગ-અલગ વિસ્તારોમાં કુલ ૧૬ વિતરણ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે જેમાં નાના મવા મેઈન રોડ પર આવેલી મહાત્મા ગાંધી સ્કૂલ, સોજીત્રાનગર મેઇન રોડ સ્થિત ન્યુ એરા સ્કૂલ, અનંતીકા પાર્ક ખાતેની શુભમ ગ્લોબલ સ્કૂલ, કુવાડવા રોડ પર આવેલી ભૂષણ સ્કૂલ, મોરબી રોડ સ્થિત સેટેલાઈટ સ્કૂલ, સ્વાતી પાર્ક ખાતેની ગોલ્ડન ઓક સ્કૂલ, પુનીતનગર વિસ્તારમાં આવેલી ઉદયમ સ્કૂલ તથા તપોવન, પીડીએમ કેમ્પસ ખાતે આવેલી સર્વોદય સ્કૂલ, કાલાવડ રોડ અને ન્યુ રીંગ રોડ પર આવેલી જિનિયસ સ્કૂલ, ગાંધીગ્રામ સ્થિત પુષ્પાર્થ સ્કૂલ, દેવનગર ખાતેની કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલ, ઈન્દ્રપ્રસ્થનગર વિસ્તારમાં આવેલી પી.વી. મોદી સ્કૂલ, રૈયા રોડ પર સ્થિત રોજરી સ્કૂલ તેમજ કાલાવડ રોડ પર આવેલી આત્મિય કોલેજ સહિત અન્ય નિયુક્ત વિસ્તારોમાં આવેલા વિતરણ કેન્દ્રો પરથી મૂર્તિઓ સરળતાથી મળી રહેશે.

---

# મહાનગરપાલિકાના ફૂડ વિભાગનો સપાટો : ૪૪ પેઢીઓમાં ચેકિંગ

### મંચુરિયન સહિત કુલ ૮ કિલો અખાદ્ય ખોરાકનો નાશ : ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને અસ્વચ્છતા સામે કડક કાર્યવાહી





રાજકોટ, તા. ૧૧

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા શહેરીજનોના સ્વાસ્થ્યની સુરક્ષા અર્થે ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અને અસ્વચ્છતા સામે કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ફૂડ શાખાની ટીમો દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ખાણી-પીણીની કુલ ૪૪ પેઢીઓ અને રેસ્ટોરન્ટ્સમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન આરોગ્યના નિયમોનું ઉલ્લંઘન કરનાર પેઢીઓ સામે દંડનીય પગલાં લેવામાં આવ્યા હતા, જે અંતર્ગત કુલ ૦૮ કિલોગ્રામ અખાદ્ય તથા વાસી ખોરાકના જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સ્ટોરેજ, લાયસન્સ અને હાઈજેનિક કન્ડિશન બાબતે બેદરકારી દાખવનાર ૦૩ પેઢીઓને કારણદર્શક નોટિસ પાઠવીને કુલ રૂ. ૬,૦૦૦/- નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. સાથે જ, ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા માટે રતતફશ એક્ટ હેઠળ વિવિધ સ્થળોએથી કુલ ૦૭ શંકાસ્પદ સેમ્પલ લઈને તેને પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

દંડનીય કાર્યવાહીની વિગતો મુજબ, રૈયા રોડ પર સદગુરુ તીર્થધામ સામે આવેલ રોયલ પંજાબી એન્ડ ચાઈનીઝને અસ્વચ્છતા અને લાયસન્સ બાબતે નોટિસ આપી, ત્યાંથી મંચુરિયન સહિત ૮ કિલો અખાદ્ય અન્નનો નાશ કરી રૂ. ૫૦૦ નો વહીવટી ચાર્જ વસૂલ કરાયો હતો. ઈવા એપાર્ટમેન્ટ, સુભાષ નગર-૩ ખાતે આવેલા પુજારા મેડિકલ સ્ટોરને લાયસન્સ બાબતે નોટિસ આપી રૂ. ૫૦૦નો ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. આ સિવાય, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર અયોધ્યા સર્કલ પાસે આવેલ શ્રેયસ ટ્રેડ લિંકને અયોગ્ય સ્ટોરેજ અને અસ્વચ્છ કન્ડિશન બદલ નોટિસ ફટકારી સૌથી વધુ રૂ. ૫૦૦૦ નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો.

લેબોરેટરી પરીક્ષણ માટે લેવાયેલા સેમ્પલોમાં ગાંધીગ્રામ સ્થિત લક્ષ્મી જાંબુમાંથી મીઠો માવો (લુઝ) અને બરફી મીઠાઈ (લૂઝ), રામાપીર ચોકડી પાસે આવેલ જય જલારામ દુગ્ધાલય જાંબુમાંથી ડઉઙ-સ્વીટ દેશી માવો, વાત્સલ્ય મીઠો માવો અને પેંડા (લૂઝ) તેમજ રૈયા રોડ પર આવેલ શ્રી રામ જાંબુમાંથી ગીર માધવ મીઠો માવો (લુઝ) અને બરફી (લુઝ) ના નમૂનાનો સમાવેશ થાય છે. આ તપાસ ઝુંબેશ દરમિયાન અયોધ્યા ચોક પાસે ચાલી રહેલ ખાનગી રાજકોટ રોયલ મેળામાં આવેલા તમામ ૮ ફૂડ સ્ટોલ્સનું સઘન નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત રૈયા રોડ, ગોંડલ રોડ, પેડક રોડ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, સંતકબીર રોડના જલગંગા ચોક અને હેમુ ગઢવી હોલ પાછળ આવેલી મહાદેવ પેટીસ, પ્રણામી ફરસાણ, બાલાજી નમકીન, હરભોલે ફરસાણ, ભગવતી ફરસાણ, શ્રી ખોડીયાર વિજય ડેરી, મુરલીધર ફરસાણ, રઘુવંશી ફરસાણ, પારસ સ્વીટ માર્ટ, સદગુરુ સ્વીટ માર્ટ, જલારામ ફરસાણ, ઠક્કર ફરસાણ, શ્રી ખોડીયાર છોલે ભટુરે, જય ગાત્રાળ પૌવા, મહાકાળી ગાંઠીયા, ઉમિયા માતા ઈડલી સંભાર, જય દ્વારકાધીશ નાસ્તા ગૃહ, નીર કોલ્ડ્રિંક્સ, શિવશંકર દાળ પકવાન, ભગત દાળ પકવાન, જૈન સ્વીટ, નીલકંઠ ડેરીફાર્મ, શ્રી બાલાજી ડેરીફાર્મ, જય શક્તિમાં દાળ પકવાન, કરણ ભુંગળા બટેટા, બોમ્બે પાવભાજી, બાલાજી દાળ પકવાન, કચ્છી દાબેલી, આશાપુરા દાળ પકવાન, શ્રીજી બ્રેડ સેન્ટર, રાજ મેગી, કરીમ એગ સેન્ટર અને મારુતિ અલ્પાહાર સહિતની વિવિધ ૩૮ પેઢીઓમાં પણ આરોગ્ય વિભાગ દ્વારા સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી.

---

## રાજકોટ મહાનગરમાં ચાલુ વર્ષે પૂરતો વરસાદ ન થવાને કારણે પાણીની ભારે અછત સર્જાય તેવી સ્થિતિ ઊભી થઈ

# આજી-ન્યારી ૧માં સૌનીનું પાણી છોડવા અપીલ

### રાજકોટવાસીઓની તરસ છિપાવવા મેયર ડો. નેહલ શુક્લએ પ્રભારી મંત્રી, જળસંપત્તિ મંત્રી અને મુખ્યમંત્રીને પત્ર લખી રજૂઆત કરી

રાજકોટ, તા. ૧૧

રાજકોટ મહાનગરમાં ચાલુ વર્ષે પૂરતો વરસાદ ન થવાને કારણે પાણીની ભારે અછત સર્જાય તેવી સ્થિતિ ઊભી થઈ છે. શહેરની દૈનિક જરૂરિયાત પૂરી કરતા મુખ્ય જળાશયોમાં પાણીનો જથ્થો હવે તળિયાઝાટક થવાના આરે છે, જેની સીધી અસર આવનારા દિવસોમાં સમગ્ર વિતરણ વ્યવસ્થા પર પડી શકે છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજકોટના મેયર ડો. નેહલ શુક્લએ રાજ્ય સરકાર સમક્ષ અગ્રતાના ધોરણે સૌની યોજના મારફત આજી-૧ અને ન્યારી-૧ ડેમમાં પાણી ફાળવવાની કડક માંગણી કરી છે.

ગત મહિને પ્રાથમિક રજૂઆત કર્યા બાદ, તા. ૨૭ ઓગસ્ટના રોજ મેયર દ્વારા રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી તેમજ જળસંપત્તિ રાજ્ય મંત્રી ઈશ્વરભાઈ પટેલને એક ખાસ લેખિત પત્ર પાઠવવામાં આવ્યો હતો, જેમાં શહેરના બંને મુખ્ય આધારસ્તંભ સમાન આજી-૧ અને ન્યારી-૧ ડેમની પાણીના જથ્થાની વર્તમાન ચિંતાજનક સ્થિતિ રજૂ કરવામાં આવી હતી. આ પત્રની એક નકલ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પણ મોકલીને રાજકોટના નાગરિકો માટેની આ ચિંતાથી સરકારને વાકેફ કરવામાં આવી છે.

મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલા આંકડા મુજબ, રાજકોટ શહેરમાં દરરોજ માત્ર ૨૦ મિનિટ પાણીના વિતરણ માટે પણ રોજના ૪૬૫ એમએલડી (MLD) રો-વોટરની જરૂરિયાત રહે છે. આ જરૂરિયાત પૈકી ૧૩૫ એમએલડી નર્મદા પાઈપલાઇન યોજનામાંથી અને ૩૩૦ એમએલડી સ્થાનિક ડેમોમાંથી મેળવવામાં આવે છે. પરંતુ હાલના તબક્કે આજી-૧ ડેમમાં ૪૪૬ એમસીએફટી (MCFT) અને ન્યારી-૧ ડેમમાં ૪૧૯ એમસીએફટી (MCFT) પાણીનો જથ્થો જ ઉપલબ્ધ છે. આ જથ્થો એક મહિનાના અંતે અત્યંત નહીંવત માત્રામાં બચે તેમ લાગી રહ્યું છે, જે શહેર માટે જળસંકટના એંધાણ આપે છે.

આ બાબતને અત્યંત ગંભીરતાથી લઈને મેયરે રાજકોટ શહેરને પાણી પૂરું પાડતા જળાશયો પૈકી આજી-૧ ડેમમાં તબક્કાવાર ૨૧૦૦ એમસીએફટી અને ન્યારી-૧ ડેમમાં તબક્કાવાર ૧૯૦૦ એમસીએફટી જળજથ્થો સૌની યોજના મારફત તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ કરાવવા અનુરોધ કર્યો છે. આ ઉપરાંત રાજકોટના ત્રીજા મહત્વના સ્ત્રોત એવા ભાદર-૧ ડેમમાં પણ ચાલુ વર્ષે વરસાદી પાણીની પૂરતી આવક થઈ નથી. આમ, શહેરના ત્રણેય જળાશયોમાં વરસાદી પાણીનો સંગ્રહ નહીંવત હોવાથી સ્થાનિક તંત્ર દ્વારા સરકાર સમક્ષ તાત્કાલિક ધોરણે પાણી છોડવાની મજબૂત રજૂઆત કરવામાં આવી છે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# વન-વે ન હોય

## નગરસેવકોના વેતન વધારા સાથે જવાબદારી ફિક્સ થવી જોઈએ



રાજકોટ મહાનગરપાલિકાના ચૂંટાયેલા કોર્પોરેટરો દ્વારા પોતાના માનદ વેતનમાં મોટા પાયે વધારો કરવાની માંગણી કરવામાં આવી છે. હાલમાં મળતા દર મહિને ₹૧૫,૦૦૦ના બદલે ₹૫૦,૦૦૦નું માનદ વેતન ચૂકવવામાં આવે તેવી લેખિત રજૂઆત ૪૦થી વધુ કોર્પોરેટરોએ એકત્ર થઈને મેયરને કરી છે. નગરસેવકોનું કહેવું છે કે વધતી જતી મોંઘવારી અને વોર્ડના વિસ્તાર તથા વસ્તીમાં થયેલા વધારાને કારણે તેમની કામગીરીનું ક્ષેત્રફળ વધ્યું છે. આથી, યોગ્ય રીતે લોકસેવા આપવા માટે વેતન વધારો અત્યંત જરૂરી છે. જોકે, માત્ર વેતન વધારવાની માંગણી સામે પ્રજા અને બુદ્ધિજીવી વર્ગમાં ભારે વિરોધ અને ચર્ચા જાગી છે.

લોકશાહીમાં પ્રતિનિધિઓને યોગ્ય ભથ્થું મળે તે આવકારદાયક છે, પરંતુ આ વધારો ક્યારેય વન-વે ન હોવો જોઈએ. જ્યારે કોર્પોરેટરો પ્રજાના કરવેરાના નાણાંમાંથી ઊંચું વેતન માગે છે, ત્યારે તેમની જવાબદારી પણ એટલી જ કડક રીતે ફિક્સ થવી જોઈએ. દરેક નગરસેવકને પોતાના વોર્ડની ચોક્કસ જવાબદારીઓ સોંપવી અનિવાર્ય છે. વોર્ડમાં નિયમિત સફાઈ, ઘરઘર સુધી સ્વચ્છ પીવાનું પાણી, રસ્તાઓનું સમારકામ, ગટરની વ્યવસ્થા અને સ્ટ્રીટ લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓ સીધી રીતે કોર્પોરેટરની જવાબદારી હેઠળ આવવી જોઈએ.

જો નગરસેવકો પોતાના વિસ્તારમાં સફાઈ કે પાણી પુરવઠા જેવી ગંભીર સમસ્યાઓનો યોગ્ય ઉકેલ ન લાવી શકે, તો તેમના વેતન વધારાનો કોઈ અર્થ રહેતો નથી. માત્ર આશ્વાસનો કે કાગળ પરની યોજનાઓથી પ્રજાનો ઉદ્ધાર શક્ય નથી. તેથી વેતન ભલે વધે, પણ કામ કરવું ફરજિયાત બનાવવું જોઈએ. દરેક કોર્પોરેટરના કામનું માસિક કે ત્રિમાસિક મૂલ્યાંકન થવું જોઈએ અને તેના આધારે જ તેમને ભથ્થું મળવું જોઈએ.

નગરસેવકોએ સમજવું પડશે કે માનદ વેતન એ લોકસેવા માટેની સુવિધા છે, સેવાના બદલે મેવા ખાવાનું સાધન નથી. રાજકોટના નાગરિકો સુવિધાઓ ઈચ્છે છે, જે મળવી જોઈએ. તેથી, મહાનગરપાલિકા અને સરકારે વેતન વધારાના નિર્ણય સાથે દરેક કોર્પોરેટરની કામગીરીની જવાબદારી અને ઉત્તરદાયિત્વ નક્કી કરતી કડક નીતિ અમલમાં મૂકવી અત્યંત જરૂરી છે.

# ભારત-ચીન સંબંધોમાં સાવચેતીભરી ગરમાગરમી

## શું શી જિનપિંગ અને મોદીની મુલાકાતથી કોઈ મોટા સોદા થશે?

નવીદિલ્હી, તા. ૧૧

નવી દિલ્હીમાં યોજાનારી આગામી બ્રિક્સ સમિટમાં ભારત અને ચીન વચ્ચેના સંબંધો અંગે મહત્વપૂર્ણ ચર્ચા થવાની ધારણા છે. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ લગભગ સાત વર્ષ પછી ભારતની મુલાકાતે આવી રહ્યા છે. ગલવાન સંઘર્ષ પછી આ તેમની ભારતની પહેલી મુલાકાત છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને શી જિનપિંગ વચ્ચેની દ્વિપક્ષીય મુલાકાત ખૂબ ધ્યાનનું કેન્દ્ર રહેશે. બંને નેતાઓ વચ્ચેની વાતચીતમાં સરહદ, વેપાર, આર્થિક સહયોગ અને બ્રિક્સ સંબંધિત મુદ્દાઓ મુખ્ય વિષયો હોવાની અપેક્ષા છે. ભારત અને ચીન વચ્ચેની વાતચીતમાં કઅઈ પરિસ્થિતિ એક સંવેદનશીલ મુદ્દો રહેશે. ગલવાન સંઘર્ષ પછી ભારત અને ચીન વચ્ચે રાજદ્વારી, આર્થિક અને લશ્કરી સંબંધોમાં ભારે તણાવ જોવા મળ્યો છે. વાસ્તવિક નિયંત્રણ રેખા પર તણાવને કારણે બંને દેશો વચ્ચે ઉચ્ચ સ્તરીય વાતચીત લગભગ બંધ થઈ ગઈ છે.

જોકે, છેલ્લા કેટલાક મહિનામાં બંને પક્ષો વચ્ચે સૈનિકો છૂટા થયા બાદ અને રાજદ્વારી વાટાઘાટો બાદ દ્વિપક્ષીય સંબંધો પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો વધુ તીવ્ર બન્યા છે. આ સંદર્ભમાં, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને ચીનના વિદેશ પ્રધાન વાંગ યી વચ્ચે ગયા મહિને બેઈજિંગમાં યોજાયેલી વ્યાપક બેઠકોને સકારાત્મક પગલું માનવામાં આવી રહ્યું છે. આવી સ્થિતિમાં, બંને પક્ષો સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવવા, લશ્કરી હોટલાઈન મજબૂત કરવા અને કમાન્ડર સ્તરની વાટાઘાટો પર વધુ ચર્ચા કરી શકે છે. ભારત સ્પષ્ટ રહ્યું છે કે સરહદ પર શાંતિ અને સ્થિરતા વિના ભારત-ચીન સંબંધો સામાન્ય થઈ શકતા નથી.



આર્થિક મોરચે, ભારતની સૌથી મોટી ચિંતા વધતી જતી વેપાર ખાધ છે. ભારત-ચીન દ્વિપક્ષીય વેપાર આશરે ૧૫૧ બિલિયન સુધી પહોંચી ગયો છે, પરંતુ ભારતની વેપાર ખાધ આશરે ૧૧૨ બિલિયન છે. ભારત ભારતીય ઉત્પાદનો માટે વધુ બજાર ઍક્સેસ, નિકાસ વધારવા અને વેપાર ખાધ ઘટાડવાની માંગ કરી શકે છે. ચીન ભારતમાં રોકાણ વધારવા અને ચીની કંપનીઓ માટે વધુ અનુકૂળ વ્યવસાય વાતાવરણની માંગ કરે તેવી શક્યતા છે. સીધી ફ્લાઇટ્સ, વિઝા સુવિધા અને કૈલાશ માનસરોવર યાત્રા સંબંધિત મુદ્દાઓ પર બંને દેશો વચ્ચે વધુ પ્રગતિની પણ અપેક્ષા છે. લોકો-થી-લોકોનો સંપર્ક વધારવા અને સરહદ વેપારને આગળ વધારવા પર પણ ચર્ચા થઈ શકે છે.

બ્રિક્સ સ્તરે, ભારત અને ચીન સ્થાનિક ચલણમાં વેપાર, ડિજિટલ ચુકવણી પ્રણાલીઓ, ખજખઊ સહયોગ, વૈશ્વિક સપ્લાય ચેઇન, ટેકનોલોજી અને આબોહવા સહયોગ જેવા મુદ્દાઓ પર સાથે મળીને કામ કરવા માટે આગળ વધી શકે છે. ચીન ૨૦૨૭ માં બ્રિક્સનું પ્રમુખપદ સંભાળશે. ચર્ચાઓ આગામી વર્ષ માટે સંગઠનની ભાવિ દિશા અને પ્રાથમિકતાઓ પર કેન્દ્રિત થવાની સંભાવના છે. ભારત-ચીન સંબંધો હાલમાં સાવચેતીભર્યા સુધારાના સમયગાળામાંથી પસાર થઈ રહ્યા છે. બંને દેશો વચ્ચે વાતચીત વધી રહી છે, પરંતુ સરહદ વિવાદ એક મોટો પડકાર છે. બ્રિક્સમાં મોદી-શી બેઠકનો સૌથી મોટો સંદેશ એ હોઈ શકે છે કે ભારત અને ચીન સ્પર્ધા વચ્ચે સંવાદ અને સ્થિરતાનો માર્ગ શોધી રહ્યા છે. જોકે, સરહદ પર વાસ્તવિક પ્રગતિ વિના, સંબંધોમાં મોટો પરિવર્તન સરળ રહેશે નહીં.

# આતંકવાદ નાબુદીનો સંકલ્પ અડગ : વડાપ્રધાન

## અમેરિકામાં થયેલા ૯/૧૧ આતંકવાદી હુમલાની ૨૫મી વર્ષગાંઠ પર પીએમ મોદીએ પીડિતોને પાઠવી શ્રદ્ધાંજલિ



નવીદિલ્હી, તા.૧૧

અમેરિકામાં થયેલા ભયાનક ૯/૧૧ આતંકવાદી હુમલાને ૨૫ વર્ષ પૂર્ણ થયા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ હુમલામાં જીવ ગુમાવનારાઓને યાદ કર્યા અને તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમણે નોંધ્યું કે આતંકવાદે વિશ્વભરમાં અસંખ્ય લોકોના જીવ લીધા છે. સરહદ પાર આતંકવાદનો ભોગ બનેલા ભારત દાયકાઓથી આ લડાઈમાં મોખરે રહ્યું છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, ''ભયાનક ૯/૧૧ હુમલાના ૨૫ વર્ષ પછી, અમે પીડિતોને યાદ કરીએ છીએ, તેમનું સન્માન કરીએ છીએ અને જે પરિવારોનું જીવન કાયમ માટે બદલાઈ ગયું છે તેમની સાથે ઉભા છીએ.'' ભારતનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે દેશ દાયકાઓથી સરહદ પાર આતંકવાદનો સામનો કરી રહ્યો છે અને આ લડાઈમાં મજબૂત રીતે ઉભો છે.

ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ આતંકવાદ સામે ભારતના સંકલ્પ અને આતંકવાદ વિરોધી ક્ષમતાઓને મજબૂત બનાવવા પર તે જે પ્રાથમિકતા આપે છે તેના પર પ્રકાશ પાડ્યો. તેમણે લખ્યું, ''જ્યારે ખતરો વધતો રહે છે, ત્યારે અમારા સંકલ્પ અને તેના તમામ સ્વરૂપોમાં આતંકવાદનો વિરોધ અટલ રહે છે.'' અમે આ સંકટનો સામનો કરવાના તમામ પ્રયાસો સાથે ઉભા છીએ.' પીએમ મોદીએ ૯/૧૧ સ્મારક અને સંગ્રહાલયની ૨૦૧૪ ની મુલાકાતની કેટલીક ઝલક પણ શેર કરી. તે ન્યૂ યોર્ક શહેરના લોઅર મેનહટનમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર સંકુલની અંદર સ્થિત એક સ્મારક સ્થળ છે.

૯/૧૧ ના હુમલા ઇતિહાસના સૌથી ઘાતક આતંકવાદી હુમલા હતા, જે ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૧ ના રોજ યુનાઇટેડ સ્ટેટ્સમાં ૧૯ અલ-કાયદા આતંકવાદીઓ દ્વારા કરવામાં આવ્યા હતા. આતંકવાદીઓએ ચાર કોમર્શિયલ એરલાઇન્સને હાઇજેક કર્યા હતા. બે વિમાનો ન્યૂ યોર્કમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ટ્વીન ટાવર્સ સાથે અથડાયા હતા, જેના કારણે બંને ઈમારતો ધરાશાયી થઈ હતી. ત્રીજું વિમાન વર્જિનિયામાં પેન્ટાગોનમાં અથડાયું હતું. ચોથું વિમાન, યુનાઇટેડ એરલાઇન્સ ફ્લાઇટ ૯૩, મુસાફરોના ભારે વિરોધ પછી પેન્સિલવેનિયામાં ક્રેશ થયું હતું. આંકડા અનુસાર, આ ભયાનક આતંકવાદી હુમલામાં આશરે ૩,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા. ઓસામા બિન લાદેન, જેને મે ૨૦૧૧ માં પાકિસ્તાનના એબોટાબાદમાં યુએસ નેવી દ્વારા માર્યો ગયો હતો, તે આ કાવતરામાં ફસાયો હતો. પીએમ મોદીએ યુનાઈટેડ સ્ટેટ્સમાં ૯/૧૧ ના આતંકવાદી હુમલાના પીડિતોને તેમની ૨૫મી વર્ષગાંઠ પર શ્રદ્ધાંજલિ આપી. તેમણે આતંકવાદને વૈશ્વિક ખતરો ગણાવ્યો અને સરહદ પાર આતંકવાદ સામે ભારતના મજબૂત સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો.

# માલ્યાની વસૂલી કરોડોની મિલકત છતાં કેસ સમાપ્ત નહીં?

## ૯ હજાર કરોડનું દેવું : મની લોન્ડરિંગની ફોજદારી કાર્યવાહી અલગ હોવાથી કેસ ચાલુ રહેશે

નવીદિલ્હી, તા. ૧૧

વિજય માલ્યા પર કિંગફિશર એરલાઇન્સ માટે SBI સહિત અનેક બેંકો પાસેથી આશરે ₹૯,૦૦૦ કરોડની લોન લેવાનો અને તે ચૂકવવામાં નિષ્ફળ રહેવાનો આરોપ છે. ED એ બોમ્બે કોર્ટમાં દાખલ કરેલા પોતાના સોગંદનામામાં જણાવ્યું છે કે માલ્યા પાસેથી ₹૧૪,૦૦૦ કરોડથી વધુની સ્થાવર અને સ્થાવર સંપત્તિઓ વસૂલ કરવામાં આવી છે અને બેંકોને સોંપવામાં આવી છે. આ સંપત્તિઓ કિંગફિશર એરલાઇન્સ માટે તેમને ધિરાણ આપતી બેંકોને સોંપવામાં આવી છે. આમ છતાં, માલ્યા સામે કેસ ચાલુ રહેશે. ચાલો જાણીએ કે બેંકોએ માલ્યા પાસેથી કેટલા પૈસા વસૂલવાના હતા? અત્યાર સુધી તેઓએ કેટલી વસૂલાત કરી છે? અને આટલી નોંધપાત્ર વસૂલાત છતાં માલ્યા સામે કેસ કેમ ચાલુ છે?

વિવિધ બેંકોના એક સમૂહે કિંગફિશર એરલાઇન્સને આશરે ₹૯,૦૦૦ કરોડની લોન આપી હતી. ED અનુસાર, આ કેસમાં ઓછામાં ઓછા ₹૩,૫૦૦ કરોડનો ગેરઉપયોગ થયો હોવાનો આરોપ છે. જોકે, ₹૯,૦૦૦ કરોડ અને ₹૬,૨૦૩ કરોડ બે અલગ અલગ આંકડા છે. ૨૦૧૭ માં, ડેટ રિકવરી ટ્રિબ્યુનલે SBIની આગેવાની હેઠળની ૧૭ બેંકોના કન્સોર્ટિયમને માલ્યા અને તેની કંપનીઓ પાસેથી ₹૬,૨૦૩ કરોડ વસૂલવાનો આદેશ આપ્યો હતો. ૨૬ જુલાઈ, ૨૦૧૩ થી આ રકમ પર વાર્ષિક ૧૧.૫% ના દરે વ્યાજ પણ વસૂલવામાં આવ્યું હતું. આનો અર્થ એ થયો કે કુલ વિતરિત લોન આશરે ₹૯,૦૦૦ કરોડ હતી, જ્યારે ડેટ રિકવરી ટ્રિબ્યુનલે તે સમયે ₹૬,૨૦૩ કરોડનું દેવું નક્કી કર્યું હતું.

ED એ PMLA હેઠળ માલ્યા સામે કાર્યવાહી કરીને, તેમની અને તેમની સંલગ્ન કંપનીઓની સંપત્તિઓ જપ્ત કરી. બેંકોના દાવાઓ પાછળથી આ સંપત્તિઓ વેચીને અથવા ઉપયોગ કરીને પતાવટ કરવામાં આવ્યા હતા. ED ના વર્તમાન સત્તાવાર રેકોર્ડ અનુસાર, માલ્યા કેસમાં જીઇઇ ની આગેવાની હેઠળના કન્સોર્ટિયમને ₹૧૪,૧૩૧.૬૦ કરોડની સંપત્તિઓ સોંપવામાં આવી છે. EDના




૨૦૨૫-૨૬ના વાર્ષિક અહેવાલમાં એમ પણ જણાવાયું છે કે માલ્યાને ૫ જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કરવામાં આવ્યો હતો અને ₹૧૪,૧૩૧.૬ કરોડની સંપત્તિ સરકારને સોંપવામાં આવી હતી, ત્યારબાદ આ સંપત્તિઓ ધિરાણ આપતી બેંકોને આપવામાં આવી હતી, જેને શુદ્ધ રોકડ વસૂલાત ગણવી યોગ્ય રહેશે નહીં.

જુલાઈ ૨૦૨૧માં, EDએ અહેવાલ આપ્યો હતો કે બેંકોએ શરૂઆતમાં માલ્યાની સંપત્તિના વેચાણમાંથી ₹૭,૧૮૧.૫૦ કરોડ વસૂલ્યા હતા અને ત્યારબાદ કિંગફિશરના શેરના વેચાણમાંથી વધુ ₹૭૯૨.૧૧ કરોડ પ્રાપ્ત થયા હતા. તે જ સમયે, EDએ SBIને ₹૩,૭૨૮.૬૪ કરોડની વધારાની સંપત્તિના ટ્રાન્સફર વિશે જાણ કરી હતી. ED અનુસાર, કુલ ₹૧૪,૧૩૧.૬૦ કરોડની સ્થાવર અને જંગમ સંપત્તિ SBI કન્સોર્ટિયમને સોંપવામાં આવી હતી. વધુમાં, ડિસેમ્બર ૨૦૨૫ માં, EDની મદદથી, કિંગફિશર એરલાઇન્સના ભૂતપૂર્વ કર્મચારીઓના લાંબા સમયથી પડતર બાકી રહેલા ₹૩૧૧.૬૭ કરોડના ભંડોળને મુક્ત કરવાનો માર્ગ મોકળો થયો.

માલ્યા દલીલ કરે છે કે જો બેંકો પ્રત્યેની નાણાકીય જવાબદારીઓ મોટાભાગે પૂર્ણ થઈ ગઈ હોય, તો તેમની સામે ચાલી રહેલી કાર્યવાહીનો શું આધાર રહે છે? જોકે, ED એ દલીલ કરી છે કે બેંકના ભંડોળનું વળતર અને મની લોન્ડરિંગનો દોષિત ઠેરવવો એ બે અલગ કાનૂની મુદ્દાઓ છે. ED એ બોમ્બે હાઇકોર્ટમાં દલીલ કરી હતી કે PMLA હેઠળ સંપત્તિ પરત કરવાની જોગવાઈ બેંકો જેવા કાયદેસર દાવેદારોને તેમના નુકસાનની વસૂલાત કરવા સક્ષમ બનાવવા માટે અસ્તિત્વમાં છે. તેથી, બેંકના ભંડોળનું વળતર આપમેળે મની લોન્ડરિંગ માટે ફોજદારી કાર્યવાહીનો અંત લાવતું નથી.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### કેવડો, ધતૂરો, આંકડો, અને બિલી જેવી વિસંગતા ધરાવતી વસ્તુઓ શું કામ શિવને ચડે છે?



આવતી કાલે ભાદરવા સુદ ત્રીજ છે! એટલે કે કેવડા ત્રીજ હરિતાલિકા ત્રીજ તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે સુહાગન સ્ત્રીઓ પોતાના પતિનાં ઉજ્જ્વળ ભવિષ્ય અને સ્વાસ્થ્ય માટે વ્રત રાખે છે. ભગવાન શિવની ઈચ્છા નહોતી, છતાં સતી દક્ષ યજ્ઞમાં જાય છે, અને પતિનું અપમાન સહન થયું નહીં, એટલે ત્યાં જ યજ્ઞાગ્નિમાં સમાઈ જાય છે. ત્યારબાદ તેનો બીજો જન્મ પાર્વતી નામે હિમાલયનાં ઘરે થાય છે. જન્મ સમયે જ નારદજીએ કન્યાને કેવો પતિ મળશે એ કહ્યું હતું! અને પાર્વતી મનોમન શંભુને વરી ચૂકી હતી. પણ માતા પિતા આવા અગુણ અમાન અને અજન્મા શિવ સાથે વિવાહ કરાવવા કેમ રાજી થાય ! અને પોતે પણ પતિની વાત માની નહીં અને દક્ષ યજ્ઞમાં ગઈ! એટલે પતિ તરીકે શંકરને મેળવવા પાર્વતી સખી સાથે વનમાં જાય છે, માટીનાં ઢગલા માંથી શિવલિંગ બનાવીને એની પર કેવડો ચડાવે છે! એ દિવસે ભાદરવા સુદ ત્રીજ હતી, અને ભોળા ભાવે કરેલી પૂજાથી ભગવાન પ્રસન્ન થઈને મનવાંછિત ફળનું વરદાન આપે છે. પાર્વતી પોતાના મનની વાત કરે છે, અને શંકર એની સાથે વિવાહ કરશે, એવું વચન આપે છે. શિવને બિલીપત્ર અને ધતૂરો ચડે છે, પણ પાર્વતીએ કેવડો ચડાવ્યો હોવાથી, આજના દિવસે ભોળાનાથને કેવડો ચડે છે! બસ ત્યારથી સુહાગન સ્ત્રીઓ મનવાંછિત ફળ પ્રાપ્ત કરવાં કેવડા ત્રીજનું વ્રત કરે છે. આમ પણ હિન્દુ સંસ્કૃતિમાં સ્ત્રીઓ પોતાનાં વર અને ગૃહસ્થી સંવારવા વ્રત ઉપવાસ કરતી હોય છે, એવું યુગો યુગોથી ચાલ્યું આવે છે! જોકે આજે હવે સમયની રીતે ઘણું પરિવર્તન આવી ગયું છે, અને વ્રત ઉપવાસની સાચી ભાવના ભૂલાતી જાય છે! જેમાં ત્યાગ બલિદાન કે સંયમ નિયમ બહુ ઓછું દેખાતું હોય! પણ જે હોય તે આજે પણ સ્ત્રીઓ જ વ્રત વધુ કરે છે, એ સત્ય પણ છે.

વનસ્પતિની રીતે જોઈએ તો શંકરને બિલિપત્ર ધતુરો આંકડો, અને કેવડો જેવી વિસંગતા વાળી વનસ્પતિને સ્થાન આપ્યું, એટલે કે જેનો ક્યાંય સ્વીકાર નથી એ બધાનો સ્વીકાર! બીજું સમુદ્ર મંથનમાંથી નીકળેલુ ઝેર પીધાં પછી દેવ સહિત સર્વ લોકને થોડો પસ્તાવો થયો અને એટલે એનું ઝેર ઓછું થાય એવી વનસ્પતિ તથા દ્રવ્ય અભિષેક રુપે સતત કરવાનું નક્કી કરી શરૂ કર્યું! આ ઉપરાંત શિવલિંગ કિરણોત્સર્ગી છે, એની રેડિયો એક્ટિવીટી ઘટાડવા આવાં સાધનોનો પ્રયોગ થયો હોવાથી આવી વનસ્પતિઓનુ મહાત્મ્ય ગવાયું છે, કેવડો એકદળી વનસ્પતિ છે, અને એને કેતકી પણ કહેવામાં આવે છે, જેની સુગંધ ખૂબ જ મીઠી અને મધમધતી છે, જે મનને પ્રસન્ન કરનાર છે. આ છોડની ખાસિયત એ છે કે એ બહુ મોટાં કે ટટાર નથી હોતાં! અને એમાં નર અને માદા બંને પ્રકારના પુષ્પ આવે છે! કેવડાના પુષ્પમાંથી અત્તર બને છે, અને ઔષધ તરીકે પણ ઉપયોગી છે.

કેવડા ત્રીજ એ આજીવન વ્રત છે! એટલે એકવાર શરૂ કર્યા પછી જીવીએ ત્યાં સુધી કરવું પડે. કેવડા ત્રીજ ઉપરાંત એવ્રત જીવ્રત, વટ સાવિત્રી, બૃહસ્પતિનો ગુરુવાર કે જીવંતિકા નો શુક્રવાર ઋષિ પંચમી કે દર અગિયારસ કે પૂનમ આમ ઘણાં વ્રત આજીવન હોય છે. આવાં વ્રત જે કરતાં હોયએ સૌને વંદન પણ દેશકાળ પ્રમાણે અત્યારે હવે બહુ અઘરાં નિયમો વાળા વ્રત કરવાનો આગ્રહ રાખવો એ વ્યાજબી નથી! અને આમપણ વ્રત કરનાર આ નથી ખાવાનું તો શું ખાવાનું છે? એમાં વિવિધતા શોધી વ્રતનો પાયો જ ખોખલો કરી નાખ્યો છે. પણ બીજી રીતે આપણે આસાનીથી આજીવન વ્રત કરી શકીએ છીએ! અને એનાથી પણ મનની પવિત્રતા અને જીવનમાં સાત્વિકતા વધે છે. આવાં આજીવન વ્રતમાં પ્રથમ તો નરસિંહની વૈષ્ણવ જનની વ્યાખ્યા મુજબ કે પછી ગાંધીજીનાં અગિયાર મહાવ્રત પણ આજીવન રાખી શકાય છે. આ ઉપરાંત આપણે ત્યાં પુરુષ સ્ત્રી કોઈપણ વસ્તુઓ ખાતાં પહેલાં કે પીતાં કહેલાં નામ સ્મરણ કે નામ મંત્રનો ઉચ્ચાર કરવાનું પણ એક વ્રત છે, અને એ વ્રત પણ ઘણાં આજીવન કરતાં હોય છે, એનાથી સ્મરણ શક્તિ દ્રઢ થાય છે, અને જે તે પદાર્થ આપણે ખાઈએ છીએ, તે ખાતા પહેલાં કે પીતા પહેલાં, ઈશ્વર સ્મરણ કરવાથી તે વિકાર ઉત્પન્ન કરતું નથી, અને તેની યાદી સતત બની રહે છે. એટલે કે તેની સાથે અથવા તેના સાનિધ્યમાં જીવી રહ્યાંનો એક ભાવ ઉત્પન્ન થાય છે. આપણે ત્યાં દાન વ્રતનો પણ મહિમા છે, એટલે કે વ્રત કરીએ ત્યારે ગોરને દેવામાં આવતી દક્ષિણા પણ દાન જ છે. અમુક વ્રત એવા હોય છે કે, ત્યારે દાન દેવું એ શ્રેષ્ઠ મનાય છે. મકરસંક્રાંતિ અને અક્ષય તૃતીયાના દિવસે તેમજ અગિયારસને દિવસે અમુક પ્રકારના દાન કરવાથી વૈકુંઠમાં સ્થાન મળે છે, એવી પણ એક માન્યતા છે.

ભાવવત નાં પંચ યજ્ઞમાં ધર્મ અને દાનને અરસ પરસ જોડી આ રીતે પરોપકાર કરાવવાની પણ હિંદુ સંસ્કૃતિની એક અનોખી પ્રથા છે. પરંતુ એને આજકાલ લોકો વિસરતા જોવા મળે છે, અને લોકોના માનસ સ્વકેન્દ્રી થતા જાય છે. હું અને મારુંની ભાવના દ્રઢ થતાં, લોકો પોતાનાં અને પોતાનાં પરિવારનું જ કરે છે. મનુષ્ય એક સામાજીક પ્રાણી છે, અને સમાજ વગર તે રહી શકે નહીં. માટે સમાજ પ્રત્યે પણ તેની અમુક ફરજ હોય છે, એ નિભાવવી જોઈએ. જો દરેક જણ પોતાનીથી થતુ યથાશક્તિ આવું કર્મ કરે, તો સમાજનું રૂપ બદલાય જાય. આપણે રોજ એક વ્યક્તિને ભોજન કરાવીને આજીવન વ્રત કરી શકાય, ગાયોને અમુક ઘાસ ખવડાવીને પંખીને દાણા નાખીને કે કુડીયારુ પૂરવાનું આજીવન વ્રત કરી શકાય, આમ નાના આજીવન કરવાના તો આપણને ઘણાં વ્રત મળે, જે ઘણાં ફાયદાકારક સાબિત થયાં છે, અને લોક કલ્યાણનાં આવા કાર્યો કરવાથી મન શાંત રહે છે અને નીતિ પણ બની રહે છે. સરેરાશ રેશિયો જોતાં સ્ત્રીઓ વધુ વ્રત કરે છે, અને એનું કારણ એ છે એ સ્ત્રીમાં શ્રદ્ધાનો ગુણ પુરુષ કરતાં વધુ જોવા મળે છે. આ ઉપરાંત સમર્પણનો ભાવ પણ વધુ હોવાથી જન્મો જન્મ પતિનો સાથ પામવાં, આ બધાં વ્રત કરતા હોય છે. તો ક્યાંક ક્યાંક તેના લાંબા આયુષ્ય માટે પણ વ્રત કરાતા હોય છે. કુવારી કન્યાઓ યોગ્ય વર પ્રાપ્ત થાય, એ માટે વ્રત કરતી હોય છે, અને લગ્ન પછીના વ્રત પતિનાં સાનિધ્યને જન્મોજન્મ પામવા માટે થતા હોય છે.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

મકાનનું કામ જોવા માટે જતી વખતે 'કાર' બની ગઇ 'કાળ'

# અકસ્માતમાં કાકાનું મોત, ભત્રીજો ઈજાગ્રસ્ત

## તેર વર્ષના ભત્રીજાનો ઇજા સાથે બચાવઃ અન્ય બનાવમાં વાહનની ઠોકરે અજાણ્યા યુવાનનું મોતઃ એક વૃધ્ધ ઈજાગ્રસ્ત હાલતમાં જંકશનમાંથી મળ્યા બાદ જીવ ગયોઃ એક કિસ્સામાં સુરાપુરાના દર્શન કરીને રાજકોટ આવી રહેલા પરિવારની રિક્ષા ટ્રકટરની ઠોકરે ચડીઃ ચારને ઇજા થઇ

રાજકોટ, તા.૧૧

વાહન અકસ્માતની ઘાત વધુ એક પરિવારના યુવાન દિકરાને નડી ગઇ હતી. પાંત્રીસ વર્ષનો યુવાન પોતાના તેર વર્ષના ભત્રીજાને મોટરસાઇકલમાં બેસાડીને મકાનના કામ પર જઇ રહ્યો હતો ત્યારે કારની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં તેનું મોત થયું હતું અને ભત્રીજાનો ઇજા સાથે બચાવ થયો હતો. અન્ય બે બનાવમાં અજાણ્યા યુવાનનું કોઇ વાહનની ઠોકરે અને એક અજાણયા વૃધ્ધ જંકશન સ્ટેશનમાંથી ઇજાગ્રસ્ત મળતાં મોત થયું હતું. અન્ય એક બનાવમાં સુરાપુરાના દર્શન કરી રિક્ષા મારફત રાજકોટ પરત આવી રહેલા પરિવારની રિક્ષાને ટ્રેકટરવાળાએ ઉલાળી દેતાં બાળકો સહિત ચારને ઇજા પહોંચી હતી.

વિગતો પર નજર કરીએ તો અમરેલીના વાઘણીયા અને કુંકાવાવ વચ્ચે કારની ઠોકરે બાઇક ચડી જતાં બાઇક સવાર મોટી કુંકાવાવના કાકા ભત્રીજા રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. અહિ કાકાનું મૃત્યુ થયું હતું. વધુ માહિતી અનુસાર બગસરાના મોટી કુંકાવાવ ખાતે રહેતાં પાંત્રીસ વર્ષના હરેશભાઇ બાબુભાઇ તલસાણીયા નામના યુવાન પોતાના મોટરસાઇકલમાં ભત્રીજા તેર વર્ષના કૌશિક સુરેશભાઇ તલસાણીયાને બેસાડીને કુંકાવાવ નજીક મકાનનું કામ જોવા જવા માટે નીકળ્યાં હતાં.

આ દરમિયાન રસ્તામાં વાઘણીયા અને કુંકાવાવ વચ્ચેના રસ્તા પર અકસ્માત નડતાં બંનેને ઇજાઓ થઇ હતી. બંનેને સારવાર માટે અમરેલી અને બાદમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર દરમિયાન ગત સાંજે કાકા હરેશભાઇનું મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે બગસરા પોલીસને કરી હતી.

બીજી એક ઘટનામાં પણ વાહન અકસ્માતની ઘાત એક યુવાનને નડીગઇ હતી. મોરબીના ટંકારના મિતાણા નજીક વાહન અકસ્માતમાં અજાણ્યા યુવાનનું મોત થયું છે. આશરે ત્રીસ વર્ષનો યુવાન રાતે બે વાગ્યા આસપાસ મિતાણા નજીક કોઇ વાહનની ઠોકરે ચડી જતાં ઈજાગ્રસ્ત હાલતમાં રોડ પર પડ્યો હોઇ ૧૦૮ મારફત રાજકોટ ખસેડાયો હતો. પરંતુ અહિ વહેલી સવારે મૃત્યુ થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ટંકારા પોલીસને જાણ કરતાં તપાસ હાથ ધરવામાં આવી છે.



ત્રીજા બનાવમાં રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશનમાં તા. ૭ના રોજ અજાણ્યા આશરે ૬૫ વર્ષના વૃધ્ધ ઇજાગ્રસ્ત હાલતમાં મળતાં ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે રેલ્વે પોલીસને જાણ કરતાં મૃતકની ઓળખ મેળવવા તપાસ હાથ ધરવામાં આવી હતી.

અન્ય એક કિસ્સામાં વાહન અકસ્માતમાં એક જ પરિવારના ચારને ઇજા થઇ હતી.જેમાં રીબડા બ્રીજ નજીક રિક્ષાને પાછળથી ટ્રેકટરે ઠોકરે ચડાવતાં રિક્ષામાં બેઠેલા રાજકોટના કોઠારીયા સોલવન્ટ વિસ્તારના પરિવારના ચાર લોકોને ઇજા થઇ હતી. સુરાપુરાના દર્શન કરી ધોળીધારથી રાજકોટ પરત આવતી વખતે આ બનાવ બન્યો હતો. કોઠારીયા સોલવન્ટમાં રહેતાં ઓગણત્રીસ વર્ષના અજયભાઇ અતુલભાઇ મુંજારીયો પોતાના ભાઇ ત્રેવીસ વર્ષના અભય મુંજારીયા તથા પત્નિ પચ્ચીસ વર્ષિય પાયલબેન , દિકરી બાર વર્ષની પલક અને દિકરો બે વર્ષનો નૈતિકને રિક્ષામાં બેસાડી જામકંડોરણાના ધોળીધાર ખાતે સુરાપુરા દાદાના દર્શન કરવા ગયા હતાં.

દર્શન કર્યા બાદ ત્યાંથી સાંજે બધા પરત આવી રહ્યા હતાં ત્યારે રિક્ષા અજયભાઇના નાના ભાઇ અભય મુંજારીયા ચલાવી રહ્યા હતાં. રીબડાના બ્રીજ પાસે પહોંચ્યા ત્યારે પાછળથી ટ્રેકટરે રિક્ષાને ઉલાળી દેતાં રિક્ષા પલ્ટી મારી ગઇ હતી. જેમાં અજયભાઇના પત્નિ, દિકરા, દિકરી અને ભાઇને ઇજા થઇ હતી. અકસ્માત સર્જી ટ્રેકટર સાથે ચાલક ભાગી ગયો હતો. ઇજાગ્રસ્તોને સારવાર માટે રાજકોટ ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ તાલુકા પોલીસને જાણ કરી હતી. પોલીસે આ અંગે તપાસ શરૂ કરી હતી.

---

## જયેશ ઉર્ફે ઢીંગલીના દારૂ સાથે બે પકડાયાઃ જયેશ સહિત છની શોધખોળ

## ગુંદાસરામાં ગ્રામ્ય LCBનો કટીંગ વખતે દરોડો : ૧૩.૮૦ લાખનો દારૂ પકડાયો

રાજકોટ તા. ૧૧

શહેર જીલ્લામાં દારૂની હેરાફેરી અટકાવવા પોલીસ સતત દરોડા પાડી રહી છે. ગોંડલના ગુંદાસરા ગામની સીમમાં વિદેશી દારૂના કટીંગ સમયે રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે દરોડો પાડી દારૂ અને બીયર ૧૩.૮૦ લાખના વિદેશી દારૂ સહિત કુલ રૂા. ૨૭.૨૪ લાખના મુદામાલ સાથે ટંકારા અને કલ્યાણપુર પંથકના બે આરોપીને પકડી ફરાર છ શખ્સોની શોધખોળ હાથ ધરી હતી. રાજકોટ રેન્જ નાયબ પોલીસ મહાનિરિક્ષક નિર્લીપ્ત રાય, પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરની સુચનાથી રાજકોટ ગ્રામ્ય એલસીબીનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે જયેશ ઉર્ફે ઢીંગલી પ્રવિણભાઇ માંડલીક(રહે શાપર) ગુંદાસરા ગામની સીમમાં રાજ રૂપારેલીયાની વાડીમાં દારૂનો જથ્થો ઉતારી કટીંગ કરતો હોવાની બાતમી મળી હતી.



આ માહિતીને આધારે દરોડો પડતા ત્યાં નાસ-ભાગ મચી ગઇ હતી. પોલીસે ત્યાંથી રૂા. ૧૩,૨૮,૯૭૬ ની કિંમતની વિદેશી દારૂની ૭૫૩૬ બોટલ, રૂા. ૫૧ હજારના ૪૦૮ બીયરના ટીન, બે ફોન, દારૂની હેરફેરમાં ઉપયોગમાં લેવાયેલા બે કાર, બે બાઇક મળી કુલ રૂા. ૨૭.૨૪ લાખના મુદામાલ સાથે કરણ ઉર્ફે બારોટ પ્રભુભાઇ લખધીર ( આદર્શ સોસાયટી, પાળપીપળીયા, તા. લોધીકા મુળ વિરપર, તા. ટંકારા) અને હમીર પાલાભાઇ નકુમ, (જામ ખીરસરા, તા. કલ્યાણપુર, દેવભૂમિ દ્વારકા)ને પકડી લીધા હતાં. જયારે ફરાર દારૂનો જથ્થો મંગાનાર જયેશ ઉર્ફે ઢીંગલી પ્રવિણભાઇ માંડલીક (રહે. શાપરા, વાડી માલીક રાજક મહેશભાઇ રૂપારેલીયા (રહે. રાજકોટ), જયેશ ઉર્ફે ઢીંગલીનો સાતરીત રાજ, બીપીન હમીરભાઇ સોલંકી (રહે. બન્ને શાપર), કેટાકાટ અને સ્વીફટ ડીઝાયર કારના ચાલક મળી છ આરોપીઓની શોધખોળ યથાવત રાખી હતી.

દારૂનો જથ્થો પકડવાની આ કામગીરી એલસીબી રાજકોટ ગ્રામ્યના પીઆઇ જે. પી. રાવ, પીએસઆઇ એચ. સી. ગોહીલ, પીએસઆઇ કે. એમ. ચાવડા, આર. વી. ભીમાણી, પીએસઆઇ પી. એન. ભરવાડ તથા એએસઆઇ બાલકૃષ્ણભાઇ ત્રિવેદી, એએસઆઇ બ્રીજરાજસિંહ જાડેજા, એએસઆઇ રોહિતભાઇ બકોત્રા, એચસી શીવરાજભાઇ ખાચર, એસસી છત્રપાલસિંહ જાડેજા, એચ. સી. પ્રતાપસિંહ સોલંકી, એચસી અલ્પેશભાઇ રાઠોડે કરી હતી.

---

# કપડા બદલવા જઇ લાખોના દાગીના ચોર્યા

## ગંજીવાડાની કાજલે કાથરોટામાં વધુ એક બહેનપણીના ઘરમાં ચોરી કર્યાનું ખુલતાં બીજો ગુનો થયો દાખલ

રાજકોટ તા. ૧૧

પૈસા માટે ઘણા લોકો કોઇપણ હદ સુધી જઇ શકે છે. એક યુવતિએ પોતાની જ બહેનપણીઓના ઘરમાં ચોરીઓ કરવાનું ચાલુ કર્યુ હતું. તેના એક આવા કારસ્તાનનો ભાંડો ફુટતાં વધુ ચોરીના કિસ્સા પણ પોલીસ સમક્ષ આવ્યા હતાં. માંડા ડુંગર પાસે પીઠડઆઇ સોસાયટીમાં રહેતાં અને મહિકાના પુડલા બનાવવાનું કામ કરતાં ભાવનાબેન ભીમજીભાઇ ચૌહાણના ઘરમાંથી સોનાના હારની ચોરી કરનાર તેની જ બહેનપણી ગંજીવાડામાં રહેતી તેની જ બહેનપણી કાજલ દીપકભાઇ વાઘેલાને અગાઉ આજીડેમ પોલીસે ગુનો નોંધી સકંજામાં લીધી હતી.

કાજલ સામે કાથરોટા ગામે રહેતી અન્ય એક બહેનપણી વૈશાલીબેન વનરાજભાઇ મકવાણાના ઘરમાંથી પણ ૫,૯૬,૦૦૦ના સોનાના દાગીના ચોરવાનો ગુનો દાખલ થયો હતો. આજીડેમ પોલીસે વૈશાલીબેન મકવાણાની ફરિયાદ નોંધી છે. તેણી પરિવાર સાથે રહે છે. કાજલ તેની બાળપણની બહેનપણી છે અને પુડલા બનાવવાનું કામ કરે છે. ફરિયાદની વિગત મુજબ ગઈ એકવીસ નવેમ્બરના રોજ બપોરના સમયે પોતાના નાના બાળક સાથે વૈશાલીબેનના ઘરે આવી હતી.

કાજલે જણાવેલ કે તે અગાઉ યોજાયેલા સિમંતના પ્રસંગમાં આવી શકી નહોતી, તેથી આજે મળવા આવી છે. ત્યારબાદ કાજલે ચા



પીવી છે તેમ કહેતા વૈશાલીબેન રસોડામાં ચા બનાવવા ગયા હતા. આ તકનો લાભ ઉઠાવી કાજલે મને કપડામાં જીવડું ઘૂસી ગયુ હોય તેવુ લાગે છે તેવું બહાનું બતાવી રૂમમાં અંદરથી દરવાજો બંધ કરી લીધો હતો. આશરે ૧૫ મિનિટ સુધી અંદર રહ્યા બાદ દરવાજો ખોલી સામાન્ય રીતે બેસી ગઈ હતી અને થોડી વાર પછી પોતાના બાળક સાથે નીકળી ગઈ હતી. ઘટનાના આશરે દસ દિવસ પછી જ્યારે વૈશાલીબેનને પૈસાની જરૂર પડતા તેમણે ઘરનો કબાટ ખોલ્યો ત્યારે ચોંકી ઉઠ્યા હતા. કબાટમાં રાખેલ સોનાનો હાસડી હાર, સોનાનો ચાંદલો અને રૂ. ૪,૦૦૦ રોકડા ગાયબ હતા.

આ દાગીના તેમના સસરાએ સરધાર સ્થિત શ્રી ચામુંડા જ્વેલર્સમાંથી ખરીદ્યા હતા. ઘરમાં તમામ જગ્યાએ તપાસ કરવા છતાં દાગીના મળી આવ્યા નહોતા. દરમિયાન, વૈશાલીબેનની અન્ય એક બહેનપણી ભાવનાબેન ચૌહાણે ફોન કરીને કાજલના સ્વભાવ વિશે પૂછપરછ કરી હતી અને પોતાનો પણ સોનાનો હાર ખોવાઈ ગયો હોવાની વાત કરી હતી. આ સાંભળીને વૈશાલીબેનને ખાતરી થઈ ગઈ હતી કે તેમના ઘરેથી સોનાના દાગીનાની ચોરી પાછળ કાજલનો જ હાથ છે. ચોરાયેલા સોનાના હાસડી હારની કિંમત રૂ. ૫,૨૨,૦૦૦ અને ચાંદલાની કિંમત રૂ. ૭૪,૦૦૦ મળીને કુલ રૂ. ૫,૯૬,૦૦૦ના મુદ્દામાલની ચોરી અંગે વૈશાલીબેને શકદાર કાજલ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવતાં ઇન્સપેકટર એચ. એન. પટેલની રાહબરીમાં પીએસઆઇ ડી. કે. ધાંધલાએ ગુનો નોંધ્યો હતો.

---

સોશિયલ મિડીયા પર લલચામણી ઓફર જોઇ છેતરાઇ જવાની વધુ એક લાલબત્તી સમાન ઘટના

# ભેંસ લેવા જતાં સવા લાખનો ચાંદલો

## વિંછીયા પંથકના પશુપાલક યુવાન સાથે ઓનલાઇન ઠગાઇ થઇ ગઇ

રાજકોટ તા. ૧૧

સોશિયલ મિડીયા પર રીલ્સ જાહેરાતો મુકીનેઠગાઇ કરતાં ગઠીયાઓ એક પશુપાલક યુવાનને છેતરી ગયા હતાં. યુવાને ફેસબૂકમાં રીલ જોઇ ભેંસ ખરીદવા માટે સંપર્ક કરતાં સસ્તામાં ભેંસની લાલચ આપી તેની પાસેથી સવા લાખથી વધુની રકમ પડાવી લેવાઇ હતી.

વિગતો જોઇએ તો રાજકોટ જીલ્લાના વિંછીયાના સનાળી ગામે રહેતા રાજેન્દ્ર હિંમતભાઇ ઓગાણજા નામના પાંત્રીસ વર્ષના યુવાનને ઓનલાઇન ભેંસ ખરીદવાના નામે જયપ્રકાશ જાટ નામે ફેસબુકમાં આઇડી ધરાવતા શખ્સે રૂા. ૧.૨૫ લાખની છેતરપીંડી કર્યાની વિંછીયા પોલીસ મથકમાં ફરીયાદ દાખલ થઇ હતી.




રાજેન્દ્રએ પોલીસને જણાવ્યું કે, તે ગઇ પાંચમી તારીખે ફેસબુકમાં વિડીયો જોતો હતો ત્યારે જયપ્રકાશ જાટના નામે ત્રણ ભેંસનો વિડીયો આવ્યો હતો. તેણે ભેંસ વેચાણ માટેનું જણાવી તેમાં મોબાઇલ નંબર દર્શાવ્યા હતા. તેણે આરોપીનો સંપર્ક કરી બે ભેંસ ખરીદવાની વાત કરી રૂા. ૧.૩૦ લાખમાં સોદો નક્કી કર્યો હતો. બાદમાં આરોપીએ ડીપોઝીટ, જીપીએસ, ટ્રાન્સપોટર પાસે સહીના, રાજયમાં પ્રવેશના, રીફન્ડના નામે મળી કુલ રૂા. એક લાખ પચ્ચીસ અલગ-અલગ બેંક ખાતા અને ગુગલ પે મારફતે ટ્રાન્સફર કર્યા હતા. બીજી તરફ આરોપીએ ભેંસ મોકલી હોવાની અવાર નવાર વાતો કરી વિડીયો પણ મોકલ્યો હતો. પરંતુ ભેંસ નહી આવતા તેને કોલ કરવા છતા ભેંસ કે રકમ પરત નહી આપતા ફરીયાદ નોંધાવી હતી. પીએસઆઇ એસ.ડી.ડામોરે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

---

# બે બૂટલેગરને પો.કમિશનરે પાસા તળે જેલમાં ધકેલ્યા

## બંનેને અમદાવાદ જેલહવાલે કરવામાં આવ્યાઃ પીસીબીની બજવણી

રાજકોટ તા. ૧૧

વધુ બે બૂટલેગરને પોલીસ કમિશનરે પાસા તળે જેલભેગા કર્યા હતાં. શહેરમાં દારૂના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલા બે શખ્સોની પીસીબીએ પાસા તળે અટકાયત કરી અમદાવાદની મધ્યસ્થ જેલમાં ધકેલી દીધા હતાં. શહેરના માલવીયાનગર, આજીડેમ અને એ-ડિવીઝન પોલીસ મથકના ચોપડે દારૂ, એમ.વી.એકટ સહિત ચાર ગુનામાં સંડોવાયેલા સુખદેવસિંહ કનુભા પરમાર (રહે. ખોડીયારનગર શેરી નં.૫, એસ.ટી. વર્કશોપ પાછળ) અને આજીડેમ પોલીસ મથકના ચોપડે દારૂના બે ગુનામાં સંડોવાયેલા આશીષ રમણીકભાઇ હિંગરાજીયા (રહે. ભવ્ય એપાર્ટમેન્ટ, ગોંડલ રોડની પોલીસએ પાસા હેઠળ અટકાયતત કરી અમદાવાદની મધ્યસ્થ જેલમાં ધકેલવા કવાયત શરૂ કરી છે.

વોરન્ટ બજવણીની કામગીરી પી.સી.બી. પોલીસ ઇન્સ્પેકટર એમ.આર.ગોંડલીયા, પીએસઆઇ પી.બી. ત્રાજીયા, આર.કે. જાડેજા, એ.એસ.આઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, રાજુભાઇ દહેકવાલ, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, અનિલભાઇ સોનારા,પો. હેડ. કોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, સંજયકુમાર રૂપાપરા, પ્રદિપસિંહ સરવૈયા, પો. કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે, હરપાલસિંહ જાડેજા, ડ્રા. પો.હેડ કોન્સ. જયેશભાઇ ગઢવી, મહિલા પો.કોન્સ. દીપલબેન ચૌહાણે કરી હતી.

---

તમારા સીમ કાર્ડનો ઉપયોગ મની લોન્ડરીંગમાં થયો છે, તમારા નાણાની ખરાઇ કરવી પડશે

# દંપતિ ડીજીટલ એરેસ્ટ, તેર લાખ પડાવ્યા

## સાયબર ગઠીયાઓએ કોમ્પ્યુટર ઓપરેટર યુવાન અને તેના પત્નિને પહેલા ગાળામાં સતત બાવીસ કલાક અને પછી સતત બોંતેર કલાક વિડીયો કોલમાં એરેસ્ટ રાખી ભયાનક રીતે ડરાવી રૂપિયા પડાવી લીધા

રાજકોટ તા. ૧૧

રાજ્યભરમાં અવાર-નવાર સાયબર ગઠીયાઓ લોકોને ડીજીટલ એરેસ્ટના નાટકમાં ફસાવી ડરાવી ધમકાવી રૂપિયા ઉસેડી રહ્યા છે. આવા અનેક કિસ્સા અત્યાર સુધીમાં બની ગયા છે. જેમાં લોકોએ લાખો કરોડ ગુમાવ્યા છે. મોટે ભાગે વૃધ્ધોને જ ડીજીટલ એરેસ્ટ કરી ઠગાઇ કરવામાં આવતી હોય છે. આ વચ્ચે એક કોમ્પ્યુટર ઓપરેટરને પાંચ દિવસ ડીજીટલ એરેસ્ટ કરી મની લોન્ડરીંગના કેસમાં તમારા સીમ કાર્ડનો ઉપયોગ થયો છે તેવુ કહી ડરાવીને લાખો રૂપિયા પડાવી લેવાયા હતાં. આ યુવાનની પત્નિ વિડીયો કોલમાં દેખાઇ જતાં તેણીને પણ ગઠીયાઓએ ડીજીટલ એરેસ્ટ રાખી હતી. પાંચ દિવસ યાતના સહન કરી નાણા ગુમાવી દીધા પછી પોતાની સાથે ફ્રોડ થયાની ખબર પડી હતી.

વિગતો જોઇએ તો સુરત શહેરના ફૂલપાડા વિસ્તારમાં રહેતા અને એક ખાનગી પેઢીમાં કમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતા આડત્રીસ વર્ષીય હાર્દિક જયંતીભાઈ પટેલ અને તેમનાં પત્નિ ભયાનક ડિજિટલ અરેસ્ટનો ભોગ બન્યા છે. સાંજના સમયે તેમના મોબાઈલ પર ટેલિકોમ વિભાગના નામે અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો હતો. સાયબર ઠગોએ તેમના નામે મહારાષ્ટ્રમાં અન્ય સિમકાર્ડ એક્ટિવ હોવાનું અને તેના દ્વારા ખંડણી-ધમકીના ગેરકાયદે કૃત્યો આચરાતા હોવાનો ખોટો આરોપ મુક્યો હતો. આગામી બે કલાકમાં તેમનો નંબર બ્લોક થવાની અને ધરપકડથી બચવા મહારાષ્ટ્ર પોલીસની એનઓસી મેળવવાની વાત કહીને દંપતીને ભારે ભયભીત કરી દેવાયું હતું.

આ રીતે શરૂઆતી ડર ભો કર્યા પછી આ શાતિર ટોળકીએ પોતાને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ, સાયબર સેલ તેમજ સીબીઆઈના ઉચ્ચ અધિકારી તરીકે ઓળખાવીને વીડિયો કોલ જોડ્યો હતો. વીડિયો કોલ પાછળ બનાવટી પોલીસ મથકનો




માહોલ, ઓફિશિયલ લોગો અને યુનિફોર્મ જેવું સેટઅપ ભું કરીને દંપતીનો વિશ્વાસ સંપાદિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઠગોએ આક્ષેપ કર્યો કે હાર્દિકભાઈના નામે કેનેરા બેંકમાં બોગસ ખાતું ખોલાવીને કરોડો રૂપિયાની કાળી કમાણીની હેરાફેરી થઈ છે. વધુમાં, જેટ એરવેઝના ચકચારી નરેશ ગોયલ મની લોન્ડરિંગ કેસ સાથે નામ જોડી જેલભેગા કરવાની ધમકીઓ આપીને પરિવારને માનસિક રીતે ભાંગી નાખવામાં આવ્યો હતો.

આ રીતે સાયબર ગઠિયાઓએ આ દંપતીને પાંચ દિવસ સુધી પોતાના સંપૂર્ણ નિયંત્રણમાં રાખી ઘરમાં જ ડિજિટલ અરેસ્ટ કરી દીધા હતા. આ ગાળા દરમિયાન પ્રથમ તબક્કે સતત બાવીસ કલાક ત્રેપન મિનિટ અને ત્યારબાદ બીજા તબક્કે અવિરત બોંતેર કલાક એક મિનિટ સુધી વીડિયો કોલ ચાલુ રાખવાની ફરજ પાડવામાં આવી હતી. ગંભીર કાનૂની કાર્યવાહીના ભારે ડરના લીધે દંપતી રાત્રે ઘતી વખતે પણ કેમેરો ઓન રાખવા મજબૂર બન્યું હતું. આરોપીઓએ તેમને ઘરની બહાર જવાની કે કોઈ સંબંધી સાથે વાતચીત કરવાની પણ સખત મનાઈ ફરમાવીને બંદીવાન બનાવી દીધા હતા. માનસિક ભયના ઓથ હેઠળ ટોળકીએ રિઝર્વ બેંકના નામે બોગસ લેટર્સ મોકલી હાર્દિકભાઈની માસિક આવક અને ડીમેટ એકાઉન્ટમાં રહેલા રોકાણની તમામ અંગત માહિતી પડાવી લીધી હતી.

સાયબર ગઠીયાઓએ સરકારી ચકાસણીના નામે ડીમેટ ખાતામાંથી શેર વેચાવી ૧૨.૬૦ લાખ સહિત કુલ ૧૩ લાખ અલગ-અલગ બેંક ખાતાઓમાં ઓનલાઇન ટ્રાન્સફર કરાવી લીધા હતા. નાણાં પડાવી લીધા બાદ અચાનક તમામ સંપર્કો કપાઈ જતાં પોતે વિશાળ સાયબર ફ્રોડનો ભોગ બન્યા હોવાનું માલુમ પડ્યું હતું. આખરે ભોગ બનનાર દંપતીએ સુરત સાયબર ક્રાઈમ પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવતાં પોલીસે ટેકિનીકલ સર્વેલન્સના આધારે તપાસ શરૂ કરી હતી. આ પ્રકારની ડીજીટલ એરેસ્ટની ઘટનાઓ થકી ગઠીયાઓ લાખો કરોડો ઉસેડી રહ્યા છે. વારંવાર આવા બનાવો બની રહ્યા છે. જેમાં આ વધુ એક ઘટના ઉમેરાઇ હતી.

### ઘર હોય ત્યાં વાસણ ખખડે પણ ઘણીવાર વાત વણસે

# વહુનો સાસુ પર હુલો : અસંખ્ય છરકા

## પૈસા આપવાની સાસુએ ના પાડતાં ડખ્ખોઃ દિકરો પણ મારકુટમાં સામેલ થયોઃ બીજી ઘટનામાં જીલ્લા ગાર્ડન પાસે મંડપ સર્વિસનો સામાન હટાવવાનું કહેતાં વૃધ્ધ પર હુમલો થયો-ખૂનની ધમકી

રાજકોટ, તા. ૧૧

અનેક ઘર પરિવારમાં સાસુ-વહુ વચ્ચે નાની મોટી વાતે ચડભડ થતી રહેતી હોય છે. પરંતુ બાદમાં ઘીના ઠામમાં ઘી પડી જતું હોય છે. પરંતુ એક એવી ઘટના સામે આવી હતી જેમાં સાસુને વહુએ ઢીકાપાટુ તો માર્યા હતાં માથે જતાં અસ્ત્રા વડે હુમલો કરી બંને હાથ, ગરદન નીચેના ભાગે, વાંસામાં અને પેટમાં અનેક છરકાઓ કરી દેતાં સાસુને સારવાર માટે દાખલ કરાયા હતાં. આ બનાવમાં આ મહિલાને વહુની સાથે સાથે દિકરાએ પણ મારકુટ કરી લીધી હતી. માથાકુટની અન્ટ એક ઘટનામાં જીલ્લા ગાર્ડન પાસે ચાની હોટેલવાળા વૃધ્ધને બાજુના મંડપ સર્વિસવાળાએ સામાન દુર લેવા જેવી વાતે ખૂનની ધમકી દઇ દીધી હતી.

પ્રથમ ઘટના જોઇએ તો રાજકોટના કુવાડવામાં રહેતાં મહિલાને ઉપરના માળે જ રહેતી પુત્રવધૂ અને પુત્રએ પૈસા માટે મારકુટ કરી અસ્ત્રા વડે બંને હાથ, ગળા નીચે, પેટ, પીઠ પાછળ અસંખ્ય છરકા કરી નાંખતા સારવાર માટે દાખલ થયા છે. ચારેક લાખ રૂપિયા વાપરવા માટે માંગતા આ મહિલાએ ન આપતાં તેના પર હુમલો કરાયાનો આક્ષેપ થતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. કુવાડવામાં રહેતાં પચાસ વર્ષના મંજુલાબેન નાથાભાઇ લઢેરને સાંજે ચારેક વાગ્યે ઘરમાં હતાં ત્યારે ઉપરના માળે જ રહેતાં પુત્રવધૂ પાયલબેન અને દિકરા નિતેશે આવી ઝઘડો કરી મારકુટ કરી હતી. તેમજ પુત્રવધૂએ અસ્ત્રાથી હુમલો કરી મંજુલાબેનને બંને હાથ, પેટ, ગળાથી નીચના ભાગે અને પીઠના ભાગે છરકાઓ કરી નાંખતાં તેમણે દેકારો મચાવી દીધો હતો.

આ પછી પડોશીઓ ભેગા થઇ જતાં તેમને છોડાવ્યા હતાં. મંજુલાબેને જણાવ્યુ.





હતું કે મારે સંતાનમાં એક દિકરી અને ત્રણ દિકરા છે. મારા પતિ નાથાભાઇ સફાઇ કામ કરી ગુજરાન ચલાવે છે. મારો મોટો દિકરો નિતેશ તેની પત્નિ સાથે અમારા જ મકાનમાં ઉપરના ભાગે રહે છે. આ બંનેએ મારી પાસે ચારેક લાખ રૂપિયા વાપરવા માટે માંગ્યા હતાં. પરંતુ મેં પૈસા આપવાની ના પાડતાં હુમલો કરી અસ્ત્રાથી છરકાઓ કરી ઇજા પહોંચાડી હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં કુવાડવા રોડ પોલીસે તપાસ હાથ ધરી હતી.

બીજી માથાકુટથી ઘટના જોઇએ તો શહેરના જીલ્લા ગાર્ડન ચોક ખાતે આવેલી ભારત ચા નામની હોટલ બહાર મંડપ સર્વિસનો સામાન હટાવવા જેવી સામાન્ય બાબતેબોલાચાલી બાદ જાનથી મારી નાખવાની ધમકી અને હથિયારો વડે હુમલાનો પ્રયાસ કરવામાં આવતાં બે શખ્સ સામે ગુનો નોંધાયો હતો. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે મોરબી હાઉસ પાસે હલીમા મંઝીલ ખાતે રહેતાં અને જીલ્લા ગાર્ડન ચોક ખાતે ભારત ચા નામે હોટલ ચલાવતાં અકબરભાઇ અબ્દુલભાઇ ખીયાણી નામના બાંસઠ વર્ષના વૃધ્ધની ફરિયાદ પરથી અરબાઝ દાઉદાણી અને સૈફુ સલિમભાઇ સંઘાર વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. અકબરભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે દસમીએ સાંજે ચારેક વાગ્યે હું અને મારા જમાઇ નીઝામ રસુલભાઇ ગોરી અમારી જીલ્લા ગાર્ડન ખાતેની હોટલે હતાં.

ત્યારે મારે હોટેલમાંથી ફ્રીઝ કાઢવું હોઇ પરંતુ હોટેલ બહાર અરબાઝનો મંડપ સર્વિસનો સામાન નડતો હોઇ તેને સામાન થોડો દુર લેવાનું કહેતાં તેણે ના પાડી દીધી હતી. બાદમાં ઉશ્કેરાઇ જઇ મારી સાથે બોલાચાલી કરવા માંડતાં મેં અને મારા જમાઇએ તેને સમજાવી ગાળો નહિ બોલવાનું કહેતાં અરબાઝ અને તેની સાથેના સૈફુએ લોખંડના પાઇપ, છરી સાથે ધસી આવી જમાઇ પર હુમલો કરવાની કોશીષ કરી હતી. માણસો ભેગા થઇ જતાં આ બંને ભાગી ગયા હતાં. આ પછી મેં પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં અકબરભાઇએ કહેતાં હેડકોન્સ. પી. જી. ઝાલાએ ગુનો નોંધ્યો હતો.

---

# યુવતિ લઘુશંકા કરવા રાતે બહાર નીકળીને ચોર ઘરમાં ઘુસી ગયો

## માતાએ ઓશીકા પાસે રાખેલી રોકડ, મોબાઇલ સફેદ ટી-શર્ટવાળો ચોર ઉઠાવી ગયો



રાજકોટ તા. ૧૧

ચબરાક ચોર તક મળતાં જ હાથફેરો કરી લેતાં હોય છે. આવી જ એક ચોરીની વધુ ઘટના બની હતી. જેમાં મોચી બજાર વિસ્તારમાં આવેલી જૂની લોધાવાડમાં રાત્રિના સમયે ચોરીનો બનાવ બન્યો છે. યુવતી વોશરૂમ કરવા માટે બહાર નીકળી એ સમયે ઘરમાં છૂપી રીતે ઘુસી ગયેલા ચોરે ઓશીકા પાસે રાખેલા નવો મોબાઇલ ખરીદવા ભેગા કરેલા રૂ. સત્તર હજાર રોકડા અને જુનો મોબાઈલ ફોન ચોરી લીધો હતો.આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે જુની લોધાવાડમાં રહેતાં અને ઘરે બેઠા ઇમિટેશનનું કામ કરતાં કોમલબેન દિનેશભાઇ ઝરીયા નામની વીસ વર્ષની યુવતિની ફરિયાદ પરથી ગુનો નોંધ્યો હતો.

. તેણીએ ફરયાદમાં જણાવ્યું છે કે હું માતા-માતા સાથે રહુ છું, મારા પિતા હયાત નથી. મારે નવો ફોન લેવો હોઇ જેથી મેં રૂપિયા ભેગા કર્યા હતાં. આ રકમ મેં માતા પારૂલબેનને કબાટમાં મુકવા આપી હતી. પણ માતા રાતે પોતાના ઓશીકાની બાજુમાં આ ૧૭ હજાર રાખી સુઇ ગયા હતાં. સાથે તેમનો રિયલમી કંપનીનો સ્માર્ટફોન પણ ઓશીકા પાસે જ રાખ્યો હતો. રાત્રિના આશરે સાડા ત્રણેક વાગ્યે કોમલબેન વોશરૂમ કરવા માટે ઘરની બહાર નીકળી નજીકમાં આવેલા ટોઈલેટમાં ગઇ હતી. એ જ સમયે તેમની માતાએ ગભરાયેલા અવાજે બૂમ પાડીને કોમલને બહાર બોલાવી હતી અને જણાવ્યું હતું કે સફેદ રંગનું ટી-શર્ટ પહેરેલો એક અજાણ્યો શખ્સ ઘરમાંથી નીકળીને ભાગી ગયો છે. કોમલબેને ઘરમાં આવીને તપાસ કરતા ઓશીકા પાસે રાખેલા રૂ. સત્તર હજાર રોકડા અને માતાનો રૂ. ૭,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન ગાયબ હતા. કોમલબેને તુરંત શેરીમાં નીકળીને સફેદ ટી-શર્ટવાળા અજાણ્યા શખ્સની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી, બાદમાં એ-ડિવીઝનમાં ફરિયાદ કરી હતી.

---

### જાગનાથ પ્લોટના યુવાન ભોગ બન્યાઃ ફેસબૂકમાં રીલાયન્સ ફાયનાન્સ, ધાની ફાયનાન્સની રીલ જોઇ હતી

# સસ્તી લોન માટે એપ્લાય કર્યુ ને આવ્યો ૧૩ લાખનો ડામ

## ગઠીયાઓએ તમારી પંદર લાખની લોન મંજુર થઇ ગઇ છે કહી પ્રોસેસીંગ ફી, એગ્રીમેન્ટ, સ્ટેમ્પ ડ્યુટી, એલઆઇસી વીમો, જીએસટી, આરબીઆઇ કોમર્શિયલ ટેક્સ, લીગલ ચાર્જ, ડીજીટલ સિગ્નેચર અને લેઇટ ફીના બહાના તળે નાણા ખંખેર્યાઃ છેલ્લે લોન પ્રોસેસ કેન્સલ કરવાના રૂપિયા પણ માંગ્યાઃ અંતે સાયબર ક્રાઇમમાં ફરિયાદ

રાજકોટ તા. ૧૧

સોશિયલ મિડીયા માધ્યમનો દુરૂપયોગ કરી સાયબર ગઠીયાઓ લોકોને સતત છેતરતા હોય છે. આ વચ્ચે રાજકોટના જાગનાથ પ્લોટમાં રહેતાં કારખાનેદાર યુવાન ફેસબૂકમાં સસ્તી લોનની રીલ જોયા પછી લાખોમાં છેતરાઇ ગયા હતાં. વાંકાનેર મેઈન બજારમા રીષભ ટેક્ષટાઈલ નામનું કારખાનું ધરાવાં યુવાન સાથે તેર લાખની ઓનલાઇન ઠગાઇ થતાં સાયબર ક્રાઇમ પોલીસમાં જાણ કરી હતી. ફેસબૂક પર ઓનલાઇન સસ્તા દરની લોન મેળવવાની રીલ જોઇ તેમણે સંપર્ક કરતાં ગઠીયાઓએ પ્રોસેસીંગ ફી, એગ્રીમેન્ટ, સ્ટેમ્પ ડ્યુટી, એલઆઇસી વીમો, જીએસટી, આરબીઆઇ કોમર્શિયલ ટેક્સ, લીગલ ચાર્જ, ડીજીટલ સિગ્નેચર અને લેઇટ ફીના બહાના તળે લાખો ઉસેડ્યા પછી પણ લોન આપી નહોતી. જેથી વેપારીએ લોન રદ કરવાનું કહેતાં તેના પણ નાણા માંગ્યા હતાં.

ફ્રોડની આ વિગતો પર નજર કરીએ તો સાયબર ક્રાઇમ પોલીસે જાગનાથ પ્લોટ-૪માં નારાયણ કૃપા સામે રહેતાં રીષભભાઇ સંઘવીની ફરિયાદ પરથી અલગ અલગ મોબાઇલ નંબર તેમજ બેંક એકાઉન્ટ ધારકો સામે ગુનો નોંધ્યો હતો. કારખાનેદાર રીષભભાઇપોતાના ફેસબૂક એકાઉન્ટ પર રિલ્સ જોઈ રહ્યા હતા ત્યારે તેમણ રીલાયન્સ ફાયનાન્સ અને ધાની ફાયનાન્સ નામે ઓનલાઇન લોનની જાહેરાત જોઈ હતી. તેમણે એપ્લાય બટન પર ક્લિક કર્યા




બાદ બીજા જ દિવસે તા. ૨૨/૦૩/૨૦૨૬ના રોજ અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો.

ફોન કરનારે પોતાની ઓળખ રીલાયન્સ ફાઇનાન્સના કર્મચારી સંતોષ નાયર તરીકે આપી ૧૫ લાખની લોન મંજૂર થઈ હોવાનું જણાવી પ્રક્રિયા શરૂ કરી હતી. ત્યારબાદ ગઠિયાઓએ રીષભભાઈ પાસેથી પ્રોસેસિંગ ફી પેટે ૮,૫૦૦ રેટ ઓન ગોવાલાના નામે ક્યુઆર કોડમાં, એગ્રીમેન્ટ ચાર્જના ૧૨,૫૦૦, એલ.આઈ.સી. વીમાના ૧૮,૯૦૦, જી.એસ.ટી. સર્ટિફિકેટના ૨૮,૫૦૦ તેમજ રાહુલ કુમાર નામના ક્યુઆર કોડમાં તેમજ આરબીઆઈ કોમર્શિયલ ટેક્સના ૪૨,૫૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા.

ત્યાર બાદ તા. ૨૩/૦૩/૨૦૨૬ ના રોજ ટી.ડી.એસ. અને એન.ઓ.સી. ચાર્જના નામે રીયા દાસના ક્યુઆર કોડમાં ૫૨,૫૦૦ અને ૬૫,૦૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા. આ પછી તા. ૨૪/૦૩/૨૦૨૬ ના રોજ અન્ય મોબાઇલ નંબર પરથી અંકિત મંડલે ધાની ફાઇનાન્સમાંથી બોલતા હોવાનું કહી રૂા.૧૫ લાખની લોનની રિક્વાયરમેન્ટ બતાવી પ્રોસેસિંગ તથા લીગલ ચાર્જ પેટે ૫,૨૫૦,૧૫,૯૯૦,૧૪,૦૦૦ અને ૨,૦૦૦ યુપીઆઇ આઇડી મારફતે ટ્રાન્સફર કરાવ્યા હતા. તેમજ તા. ૨૫/૦૩/૨૦૨૬ ના રોજ સ્ટેટ ટુ સ્ટેટ ફંડ ટ્રાન્સફરના ચાર્જ પેટે ૫૬,૫૦૦, પ્રોસેસિંગ ચાર્જના ૫૫,૨૫૦ અને ફર્સ્ટ ઈ.એમ. આઈ. ટ્રાન્ઝેક્શનના પેમેન્ટ પેટે ૪૪,૯૫૬ ફેડરલ બેંક એકાઉન્ટમાં મેળવાયા હતા.

આગળ લોનના પૈસા છોડાવવા બીજા ૫૫,૮૫૦ અને એન.ઓ.સી. ચાર્જના ૯૫,૬૯૮ મેળવાયા હતા. આ પછી તા ૨૬/૦૩/૨૦૨૬ના રોજ હર્ષ યાદવ નામના શખ્સે ફોન કરી ફાઇલ ચાર્જના ૪૬,૬૯૮, લેઇટ ફીના૩૫,૪૯૦, ગવર્નમેન્ટ ચાર્જના ૪૫,૭૮૨ એકાઉન્ટમાં તેમજ ડિજિટલ સિગ્નેચર, જીએસટી, ઓટો પે અને કટ-કટ ટ્રાન્ઝેક્શન પેનલ્ટીના બહાને બેંક ઓફ મહારાષ્ટ્ર અને પંજાબ એન્ડ સિંધ બેંકના એકાઉન્ટમાં લાખો રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. આ રીતે રિલિઅન્સ ફાઇનાન્સના નામે કુલ ૮,૩૩,૪૦૪ અને ધાણી ફાઇનાન્સના નામે ૩,૬૭,૬૦૮ મળી કુલ ૧૩,૦૧,૦૧૨ અલગ-અલગ બેંક ખાતાઓમાં પડાવી લેવામાં આવ્યા હતા.

આટલી મોટી રકમ આપ્યા છતાં લોન ન મળતા અને તા. ૨૯/૦૮/૨૦૨૬ તથા ૦૨/૦૯/૨૦૨૬ ના રોજ લોન કેન્સિલેશન એન્ડ રિફંડેબલ ચાર્જ પેટે વધુ ૩૯,૬૮૪ની માંગણી કરવામાં આવતા વેપારીને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થયો હતો. આ બનાવ અંગે રીષભભાઈએ પ્રથમ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન ૧૯૩૦ પર કોલ કરી ઓનલાઈન અરજી કરી હતી. ત્યારબાદ શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે પહોંચી ફરિયાદ નોંધાવતા પોલીસે શંકાસ્પદ મો.નં. ૮૪૭૮૦ ૩૩૫૩૮, ૯૨૮૮૪ ૫૬૧૪૪, ૭૩૩૯૮ ૮૮૩૨૩ ના ધારકો, સંબંધિત બેંક ખાતાધારકો તથા તપાસમાં ખુલે તે તમામ સામે એ.એસ. આઈ. જે.એમ. બોસીયાએ ગુનો દાખલ કરતાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના ઇન્સ. એમ. ડી. ગઢવીએ વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

---

### લાલચનું ગાજર જોતાં જ લોકો હડી કાઢે છે, પછી ગઠીયાગીરીનો ભોગ બની જાય છે

# બે વર્ષમાં બે કરોડ : લાલચ ૬૨ લાખમાં પડી

## બે ગઠીયાએ ડીજીટલ કરન્સીમાં રોકાણ પર ત્રણ ગણા નફો આપશું તેવુ કહી રોકાણકારના નાણા ઉસેડી લીધા

રાજકોટ તા. ૧૧

સાયબર ગઠીયાઓ ઓનલાઇન રોકાણ પર મોટા નફાની લાલચ દઇ લોકોને સતત છેતરી રહ્યા છે. આવા કિસ્સા હદ બહારના વધી ગયા છે. વધુ આવી એક ઠગાઇ સામે આવી હતી. જેમાં એક બે શખસોએ કાવતરૂ રચી લોકોને ડીજીટલ કરન્સીમાં રોકાણ પર બે વર્ષના અંતે બે કરોડ મળશે તેવી લાલચ આપી એકસઠ લાખ તોંતેર હજાર ઉસેડી લઇ ઠગાઇ આચરી હતી. છેતરાયેલા વયક્તિએ આ મામલે પોલીસને જાણ કરતાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. લાલચનું ગાજર દેખાડીથી ગઠીયાઓ રોજેરોજ લોકોને ફસાવીને છેતરી લેવામાં સરળતાથી સફળતા મેળવી રહ્યા છે. આ વચ્ચે લોકોએ આવા ફ્રોડ સામે જાગૃત થવા સૌથી પહેલા તો લાલચ ત્યજી દેવી ખુબ જરૂરી છે.

વિગતો જોઇએ તો વડોદરામાં ડિજિટલ કરન્સીમાં નાણાં રોકી મોટો નફો કમાવવાની લાલચ આપી એક વ્યક્તિ સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આરોપી દિલીપ ચૌધરી તથા લલીત પ્રજાપતિ નામના બે શખ્સોએ પૂર્વ આયોજિત કાવતરૂં રચી ભોગ બનનાર પાસેથી કુલ રૂ.૬૫.૪૩ લાખ પડાવી લીધા બાદ માત્ર થોડી રકમ પરત આપી બાકીના રૂ. ૬૧.૭૩ લાખ ખાઇ જવામાં આવ્યા હતા. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદી સાથે ટેલિફોનિક સંપર્ક કરી તેમજ કપુરાઈ ચોકડી ખાતે રૂબરૂ મુલાકાત યોજી હતી. આ દરમિયાન આરોપીઓએ રોકાણ સંબંધી મોટી વાતો કરી હતી.

આ પછી ભોગ બનનારને જણાવ્યું હતું કે પહેલાં સોના-ચાંદીના સિક્કા ચલણ તરીકે વપરાતા હતા, ત્યારબાદ કાગળની કરન્સી આવી અને હવે ડિજિટલ કરન્સીનો યુગ શરૂ થયો છે. કરન્સી ક્યારેય બંધ થતી નથી. અમે ભવિષ્યની આવી કરન્સીમાં રોકાણ કરીએ છીએ, જેમાં દસ ગણું વળતર મળે છે જેમાંથી અમે ત્રણ ગણું વળતર રોકાણકારોને આપીએ




છીએ. આરોપીઓએ ફરિયાદીને પોતાની આકર્ષક સ્કીમની જાળમાં ફસાવતાં જણાવ્યું હતું કે જો તેઓ મેથી ડિસેમ્બર દરમિયાન રૂ. ૬૫ લાખ રોકવાનો ટાર્ગેટ પૂરો કરશે તો બે વર્ષના અંતે રૂ.૨ કરોડ મળશે. ફરિયાદી આવી લોભામણી લાલચમાં આવી જઈ આરોપીઓના અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂપિયા ૬૫.૪૩ લાખ જમા કરાવ્યા હતા.

આટલી મોટી રકમનું રોકાણ કોઇપણ જાતનો વિચાર કર્યા વગર આંધળુકીયા કરી દીધા બાદ રોકાણકારને પોતે છેતરાઇ ગયાનો અહેસાસ થયો હતો. સમયમર્યાદા પૂર્ણ થયા બાદ જ્યારે ફરિયાદીએ પોતાના મૂળ નાણાં તથા વળતરની માંગણી કરી ત્યારે આરોપીઓએ ગોળ-ગોળ વાતો કરી વધુ દસ ટકા રકમની માગણી શરૂ કરી હતી. અંતે ભોગ બનનારે તેમના વિરૂધ્ધ અરજી આપતાં આરોપીઓએ માત્ર રૂ. ત્રણ લાખ સિત્તેર હજાર પરત કર્યા હતા. જ્યારે બાકી રહેલી રૂ. ૬૧.૭૩ લાખ પરત આપવાને બદલે જે થાય તે કરી લો તેવું કહી હાથ ચા કરી દીધા હતા.

આ સમગ્ર મામલે ભોગ બનનારે છેતરપિંડી અને વિશ્વાસઘાત અંગે કાયદેસરની ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતાં. આમ વધુ એક વખત ઓછા દિવસોમાં રોકાણ પર ખુબ મોટો નફો મેળવવાની લાલચ રોકાણકારને દઝાડી ગઇ હતી. લાખોનો ડામ આવી જતાં અને મરણમુડી સમાન રકમ ગુમાવતાં તેમણે પોલીસને જાણ કરતાં પોલીસે રાબેતા મુજબ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. આવા કિસ્સાઓ રોજીંદા થઇ પડ્યા છે. રોજ કોઇને કોઇ લોકોને રોકાણ પર નફાના નામે છેતરવામાં આવી રહ્યા છે. આવી ઘટનાના સમાચારો સોશિયલ મિડીયા, અખબારો, ટીવી સમાચારોમાં સતત પ્રસિધ્ધ થતાં હોય છે, વાયરલ થતાં હોય છે. લોકો આ બધુ વાંચતા જોતા પણ હોય છે. આમ છતાં તેમાંથી બોધપાઠ લેતાં નથી અને લાલચનું ગાજર જોતાં જ હડી કાઢે છે અને લાખો રૂપિયા ગુમાવી દે છે.

લેભાગુઓ ગમે તેમ કરીને મિત્રતા પ્રેમની જાળમાં ફસાવીને કરી લે છે શોષણ

# પ્રેમજાળમાં ફસાવી દૂષ્કર્મ-બ્લેકમેઈલીંગ

## અન્ય ઘટનામાં મુસ્લિમ યુવાન સાથે પ્રેમલગ્ન ભારે પડ્યાઃ તેણીને પતિએ અંધારામાં રાખી ત્રીજા લગ્ન કરી લીધા

રાજકોટ, તા.,૧૧

મિત્રતા, પ્રેમની જાળમાં ફસાવી વિધર્મીઓ જે તે સગીરા કે યુવતિનું જીવતર બગાડી નાંખતા હોય છે. આવી વધુ બે ઘટના સામે આવી છે. જેમાં એક સગીરાને સોશિયલ મિડીયા માધ્યમથી મિત્ર બનાવી પછી પ્રેમની જાળમાં ફસાવી દુષ્કર્મ આચરી લેવાયુ હતું અને વિડીયો વાયરલ કરવાની ધમકી દઇ બ્લેકમેઇલ કરાઇ હતી. બીજા બનાવમાં એક યુવતિને ફસાવી દૂષ્કર્મ આચરાયુ હતું. ત્રીજી ઘટનામાં એક હિન્દુ મહિલાને મુસ્લિમ શખ્સ સાથે પ્રેમલગ્ન કર્યા પછી ભારે પસ્તાવો કરવાની વેળા આવી હતી. આ શખ્સે તેણીને અંધારામાં રાખી ત્રીજા લગ્ન કરી લઇ તરછોડી દીધી હતી.

નૈશાદ ખાને નવકેતન સોસાયટી પાસે રહેતી યુવતીને ઈન્સ્ટાગ્રામ પર રિક્વેસ્ટ મોકલી મિત્રતા કેળવી હતી. ત્યારબાદ આરોપીએ યુવતીનો વીડિયો અને ફોટો લઈ તેને બદનામ કરવાની ધમકી આપી હતી. આશરે ત્રણ મહિના અગાઉ આરોપી યુવતીના ઘરે પહોંચી ગયો હતો અને તેની સાથે જબરદસ્તી શારીરિક સંબંધ બાંધ્યો હતો. એટલું જ નહીં, આરોપીએ યુવતીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી, જેને લઈને ભોગ બનનાર યુવતી દ્વારા ઉધના પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

બીજી ઘટના જોઇએ તો ગોડાદરા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આરોપીઓ તરીકે આમિશ અલી અને તેના ભાઈ સાદીર અલીની સંડોવણી સામે આવી છે. આક્ષેપ મુજબ આરોપી આમિશે ભોગ બનનાર સગીરા સાથે સંપર્ક કેળવી તેની સાથે પરિચય વધાર્યો હતો અને પ્રેમસંબંધ બાંધી તેની સાથે શારીરિક સંબંધ રાખ્યો હતો. આ પ્રણયસંબંધ અને શારીરિક સંબંધોની જાણ જ્યારે આરોપી આમિશના ભાઈ સાદીર અલીને થઈ, ત્યારે તેણે પીડિતાને ધમકી આપી હતી કે, જો તે આ વાત કોઈને કહેશે તો તેને તથા તેના પરિવારને જાનથી મારી નાખવામાં આવશે.

ભોગ બનનાર સગીરાની એકલતાનો ગેરલાભ ઉઠાવી બંને ભાઈઓએ અવારનવાર તેની મરજી વિરૂધ્ધ જબરદસ્તી શારીરિક શોષણ કરવાનું ચાલુ રાખ્યું હતું. આ ત્રાસ અને ધાકધમકીઓથી કંટાળીને આખરે પીડિતાએ ગોડાદરા વિસ્તારમાં બજરંગ સેનાના અગ્રણીઓનો સંપર્ક કરી સમગ્ર હકીકતથી વાકેફ કર્યા હતા. ત્યારબાદ બજરંગ સેનાના અગ્રણીઓની સહાય અને ઉપસ્થિતિમાં પીડિતાએ



ગોડાદરા પોલીસ સ્ટેશન પહોંચીને બંને આરોપી ભાઈઓ આમિશ અલી અને સાદીર અલી વિરુદ્ધ કાયદેસરની ફોજદારી ફરિયાદ નોંધાવી હતી.

ત્રીજી ઘટના જોઈએ તો અમદાવાદમાં એક હિન્દુ મહિલાને અંધારામાં રાખી પતિ ઝુબેર કુચેરાવાલાએ ત્રીજા લગ્ન કરતા પીડિતાએ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ઘરેલુ હિંસાનો કેસ દાખલ કર્યો હતો. કોર્ટે પતિ, તેના માતા-પિતા અને બંને પત્નીઓ વિરુદ્ધ નોટિસ ફટકારી છે. ૧૪ વર્ષના પ્રેમ સંબંધ બાદ ધર્મ પરિવર્તન કરાવી નિકાહ કર્યા હતા. મહિલાએ માસિક રૂ. ૧ લાખ ભરણપોષણની માંગ કરી છે. વધુ સુનાવણી ૨૫ સપ્ટેમ્બરે થશે. અમદાવાદમાં મહિલાને અંધારામાં રાખી પતિએ ત્રીજા લગ્ન કરી લેતા પીડિતાએ ન્યાય મેળવવા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટના દ્વાર ખટખટાવ્યા છે. કોર્ટે પતિ ઝુબેર કુચેરાવાલા, અબુબકર કુચેરાવાલા, ફાતિમા અબુબકર, ઝુબેરની પ્રથમ પત્ની સના ઝુબેર અને બીજી પત્ની જસ્મીન ઝુબેર વિરુદ્ધ ઘરેલુ હિંસાનો કેસ દાખલ કરી નોટિસ ફટકારી છે. આ કેસની વધુ સુનાવણી હવે પછી થશે.

વધુ માહિતી અનુસાર અમદાવાદ શહેરની હિન્દુ મહિલાએ ન્યાય મેળવવા ધારાશાસ્ત્રી મારફતે ઘીકાંટા સ્થિત જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં ઘરેલુ હિંસા અને માસિક વળતર પેટે દાદ માંગી છે. કોર્ટમાં રજૂઆત કરાઈ હતી કે, ૧૪ વર્ષ પહેલા એટલે કે ૧૨ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ મોબાઈલ ફોન દ્વારા મહિલાની મુલાકાત ઝુબેર કુચેરાવાલા સાથે થઈ હતી અને થોડા જ દિવસોમાં બંને વચ્ચે મ સંબંધ બંધાયો હતો. મારી પત્ની સના મને પસંદ નથી અને તેની સાથે મનમેળ રહેતો નથી. હું તને ખૂબ મ કરું છું અને તારી સાથે નિકાહ કરવા માંગું છું. ઈસ્લામમાં ચાર લગ્ન થઈ શકે છે અને હું મારી પત્નીથી કંટાળી ગયો છું. મહિલા હિન્દુ ધર્મની હોવાથી શરૂઆતમાં લગ્ન કરવાની ના પાડતી હતી. તેમ છતાં ઝુબેરે મહિલા પર ધર્મ પરિવર્તન કરી નિકાહ પઢવાનું દબાણ કર્યું હતું.

આ પછી જુહાપુરા વિસ્તારમાં એક કાઝી પાસે લઈ જઈને કલમા પઢાવીને મહિલાનું હિન્દુમાંથી મુસ્લિમ ધર્મમાં કન્વર્ઝન કરાવ્યું હતું. આ સમયે ઝુબેરે વાયદો કર્યો હતો કે, "જો તું ઈસ્લામ અંગીકાર કરીશ તો હું તારી સાથે નિકાહ કરી પત્ની તરીકેનો દરજ્જો આપીશ, તારા નામે મકાન લઈ આપીશ અને તારી તમામ જરૂરિયાતો પૂરી કરીશ. ઝુબેરની વાતોમાં આવીને મહિલાએ ધર્મ પરિવર્તન કરી તેની સાથે નિકાહ કર્યા હતા. જોકે, નિકાહના પુરાવા રૂપે કોઈ દસ્તાવેજ આપવામાં આવ્યા નહોતા. ત્યારબાદ ઝુબેર વિવિધ જગ્યાએ મહિલાને લઈ જઈને શારીરિક સંબંધ બાંધતો હતો, જેના કારણે ગર્ભ રહેતા પાછળથી એબોર્શન કરાવવું પડ્યું હતું. નિકાહનો કોઈ લેખિત પુરાવો ન હોવાનો ગેરલાભ ઉઠાવી ઝુબેર અને તેના પરિવારજનોએ મહિલાને માનસિક તથા શારીરિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન ઝુબેરે ત્રીજા લગ્ન પણ કરી લીધા હતા. દસ વર્ષ સુધી સાથે રહ્યા બાદ પતિ પોતાની જવાબદારીઓમાંથી છટકવા માંગે છે. પતિ મહિને રૂ. પાંચ લાખ કમાય છે અને પીડિતા હાલ નિરાધાર બની ગઈ હોવાથી તેને કોર્ટનો સહારો લેવો પડ્યો છે. તેણીને માસિક ભરણપોષણ પેટે રૂ. એક લાખ ચૂકવવાનો આદેશ કરવા કોર્ટને વિનંતી કરી હતી.

# ઘરમાં જાહેરમાં જૂગાર રમી રહેલા ૧૭ને એ અને બી-ડિવીઝન પોલીસે પકડી લીધા

## ભવાનીનગરમાંથી આઠ અને મોરબી રોડ પરથી નવ પત્તાપ્રેમી ઝપટમાં આવ્યા



રાજકોટ તા. ૧૧

ઘરમાં અને જાહેરમાં જામેલા વધુ બે જૂગારધામ પર પોલીસ ત્રાટકી હતી અને ૧૭ પત્તાપ્રેમીઓને પકડી લીધા હતાં. મોરબી રોડપર વેલનાથપરા સામે કૈલાશપાર્ક મકાનમાં એલ.સી.બી.ઝોન-૧ની ટીમે બાતમીના આધારે દરોડો પાડી જુગાર રમતા નવને રૂા. ૨૨,૭૦૦ની રોકડ સાથે અને એ-ડીવીઝન પોલીસએ ભવાનીનગરમાં જાહેરમાં જુગાર રમતા આઠને ઝડપી લઇ કાર્યવાહી કરી હતી.

વિગતો જોઇએ તો એલ.સી.બી. ઝોન ૧ના પીએસઆઇ એમ.કે. મોવાલીય, એએસઆઇ, મનરૂપગીરી ગોસ્વામી, હેડ કોન્સ્ટેબલ વિરૂદેવસિંહ જાડેજા, જગદીશસિંહ, કોન્સ્ટેબલ મહાવીરસિંહ ચુડાસમા સહિતના સ્ટાફે બાતમીના આધારે કૈલાશપાર્ક-૩માં રહેતા સંજય ઉર્ફે વિશાલ મુકેશભાઇ પરેશાના મકાનમાં દરોડો પાડી જુગાર રમતા સંજય ઉપરાંત રાહુલ દિનેશભાઇ પરમાર (રહે. સંતોષીનગર મફતીયા પરા રેલનગર મે.રોડ, રાહુલ ગોવિંદભાઇ ઉકેડીયા (રહે. કૈલાશ પાર્ક શેરી ૩ વેલનાથપરાની સામે, રાજેશ મનસુખભાઇ સવાસડીયા (રહે. પોપટપરા શેરી નં.૧૦ શાળા નં.૩૩ પાસે, દિપક રમણીકભાઇ મજેઠીયા (રહે કૈલાશપાર્ક શેરી નં.૩, પ્રભાત ધીરૂભાઇ ડાંગર રહે. કૈલાશપાર્ક શેરી નં.૨૨ , અશોક દોલતભાઇ પરસોડા (રહે. નરસંગપરા શેરી નં.૧ જુની કલેકટર ઓફીસ પાછળ, કેતન નરશીભાઇ ચાવડા (રહે. સાગરપાર્ક શેરી ન.૨, અને મિલન તુલશીભાઇ ચૌહાણ ( રહે. સંતકબીર રોડ પ્રજાપતિની વાળીની સામે ભોલેનાથ રેસીડેંસીને રૂા. ૨૨,૭૦૦ની રોકડ સાથે પકડ્યા હતાં.

જ્યારે અન્ય એક દરોડામાં એ-ડીવીઝન પોલીસના હેડ કોન્સ્ટેબલ કરણભાઇ વીરસોડીયા, કોન્સ્ટેબલ ધવલભાઇ જીલડીયા સહિતના સ્ટાફ રામનાથપરામાં ભવાનીનગર શેરી નં.૪માં જાહેરમાં જુગાર રમતા જયદીપ ચંદુભાઇ ગોહેલ (રહે ચુનારાવાડ નદીકાંઠે) ચંદ્રેશ બચુભાઇ ગોહેલ, અજય ગોવિંદભાઇ ચૌહાણ, વિનોદ બચુભાઇ મકવાણા, વિજય ભીખુભાઇ ભટ્ટી, શુભમ મગનભાઇ ગોહેલ, કાર્તિક દિલીપભાઇ ગોહેલ અને રમેશ જેરામભાઇ ગોહેલ (રહે બધા ભવાનીનગર) ને પકડી રૂા.૧૮,૫૦૦ની રોકડ કબ્જે કરી હતી.

જ્યારે વરલીના જૂગારના દરોડામાં પીસીબીના એએસઆઇ અનિલભાઇ સોનારા, કોન્સ્ટેબલ હરપાલસિંહ જાડેજા સહિતના સ્ટાફે સહકાર મેઇન રોડ પર મેઘાણીનગર પાસેથી ફોનમાં વોટ્સએપ મારફતે વર્લી-ફિચરના આંકડા લખાવી વર્લી-ફીચરનો જુગાર રમતા જગદીશભાઇ નાથાભાઇ પોરીયા (ઉ.વ.૬૮ રહે ન્યુ મેઘાણીનગર)ન રૂા. ૫ હજારના ફોન સાથે પકડી આંકડા લેનાર વિપુલ રસીકભાઇ પાતર (રહે સુદામા ટાઉનશીપ)ની શોધખોળ શરૂ કરી હતી.

ફુલ નહિ તો ફુલની પાંખડી મુજબ રોજેરોજ ગઠીયાઓ ઉસેડે છે હજારોથી લઇ કરોડો

# ભાગીદારનો બેડી યાર્ડના વેપારીને ૧.૬૩ કરોડનો ચૂનો

## સુરતીલાલાએ પ્લાસ્ટીકના ભંગારના ધંધાના નામે ખેલ ખેલ્યોઃ કુવાડવા પોલીસે ગુનો દાખલ કર્યો

રાજકોટ તા. ૧૧

ગઠીયાગીરીની ઘટનાઓમાં રોજેરોજ કોઇને કોઇ લોકો શિકાર બની ફુલ નહિ તો ફુલની પાંખડી મુજબ હજારથી માંડી લાખો કરોડો ગુમાવી રહ્યા છે. વધુ એક આવો કિસ્સો રાજકોટમાં સામે આવ્યો હતો. જેમાં બેડી માર્કેટિંગ યાર્ડ ખાતે આવેલી જાણીતી પેઢીના મહેતાજીને વિશ્વાસમાં લઈ સુરતના એક વેપારીએ ભાગીદારીમાં પ્લાસ્ટિકના સ્ક્રેપનો ધંધો કરવાના બહાને રૂપિયા એક કરોડ ત્રેસઠ લાખ ઓગણત્રીસ હજાર ત્રણસોની છેતરપિંડી કરી નાંખતાં યાર્ડના વેપારીઓમાં ચકચાર મચી ગઇ છે. ધૂંબો મારી દેનારા શખ્સ પાસે વેપારીએ ઉઘરાણી કરતાં તેણે પોતે આ રકમ શેર બજારમાં હારી ગયાના ગાણા ગાઇ રૂપીયા દીધા નહોતાં.




વિગતો જોઇએ તો આ બનાવમાં કુવાડવા રોડ પોલીસે રણછોડનગર-૧૦માં રહેતાં અને બેડી માર્કેટ યાર્ડમાં કામનાથ ટ્રેડીંગ નામની પેઢીમાં સોળ વર્ષથી મહેતાજી તરીકે નોકરી કરતાં અને પેઢીના તમામ એકાઉન્ટનો વહિવટ તથા વેપાર સંભાળતા જીગરભાઇ સુરેશભાઇ સોરઠીયા નામના ત્રેવીસ વર્ષીય યુવા વેપારીની ફરિયાદ પરથી સુરત પાલ વિસ્તાર ગોવર્ધન સ્કાયલાઇન ૧૦૦૨-બી-વિંગમાં રહેતાં રાકેશ પુખરાજભાઇ માંડોત વિરૂધ્ધ રૂા. ૧ કરોડ ૬૩ લાખ ૨૯ હજાર ૩૦૦ની ઠગાઇ કરવાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જીગરભાઇ સોરઠીયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે બેડી યાર્ડની કામનાથ ટ્રેડીંગ પેઢી મારા પિતા સુરેશભાઇ દામજીભાઇ સોરઠીયા અને કાકા મહેશભાઇ દામજીભાઇ સોરઠીયા તથા કાકા જયકિશનભાઇ ચનાભાઇ સોરઠીયા અને દાદા ચનાભાઇ મેઘજીભાઇ સોરઠીયાની માલિકીની છે.

દોઢ વર્ષ પહેલા રોકશ માંડોત જે સુરતનો છે તે વેદાંત ઇકો પ્લાસ્ટ નામની પેઢી ધરાવતો હતો. જે પેઢીમાં પ્લાસ્ટીકના રો-મટીરીયલ્સનો વેપાર કરતો હોઇ જેથી તેની સંપર્કમાં આવ્યો હતો. આ પછી હું પેઢીના સંચાલકોની મંજુરીથી રાકેશ સાથે વેપાર કરતો હતો. એક બે વખત રાકેશ બેડી યાર્ડની પેઢી ખાતે રૂબરૂ આવ્યો હતો. આ પછી અમારે એક બીજા સાથે પ્લાસ્ટીકના સ્ક્રેપનો વેપાર ચાલુ હતો. આ રીતે અમારી વચ્ચે વ્યાપારીક સંબંધ હતાં. ત્યારબાદ ઓગસ્ટ-૨૦૨૫માં રાકેશ માંડોતે મારો સંપર્ક કરી જણાવ્યું હતું કે તેની પેઢીને જીએસટી તરફથી નોટિસ મળી છે.

જેથી નોટિસનો નિકાલ ન આવે ત્યાં સુધી પેઢીના નામના બિલ બનાવવાની જગ્યાએ તમામ વહીવટ તેમની માતા વિમલાબેન જૈન, પત્નિ રિંકલબેન જૈન અને તેમના પોતાના ખાતામાં કરવાનો રહેશે. રાકેશે એવી પણ લાલચ આપી હતી કે રોકાણ તમારું રહેશે, મહેનત મારી રહેશે અને નફામાં બંને સરખો ભાગ રાખશું. આ પછી રાકેશ માંડોતની વાત પર વિશ્વાસ રાખી મેં મારી પેઢીના માલિકોની મંજુરીથી તા. ૨૯/૦૮/૨૦૨૫ થી તા. ૧૭/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન પ્લાસ્ટિક મટીરીયલની ખરીદી માટે મોટી રકમ ચુકવી હતી. જેમાં રાકેશના માતા વિમલાબેનના ખાતામાં બેંક મારફતે રૂ. ૧,૩૭,૮૪,૮૦૦ આપ્યા હતાં. જેની સામે રાકેશે માત્ર રૂ. ૩૯,૪૨,૦૦૦નો હિસાબ આપી બાકીના રૂ. ૯૮,૪૨,૮૦૦ પચાવી પાડ્યા હતાં.

આ જ રીતે તેના પત્નિ રિંકલબેનના ખાતામાં બેંક મારફતે રૂ. ૪૪,૧૬,૫૦૦ આપ્યા હતાં. જેની સામે માત્ર રૂ. ૨૪,૦૦,૦૦૦નો હિસાબ આપી રૂ. ૨૦,૧૬,૫૦૦ આપ્યા નહોતાં. તેમજ રાકેશ માંડોતના ખાતામાં બેંક મારફતે રૂ. ૧૩,૨૦,૦૦૦ અને આંગડિયા મારફતે રૂ. ૩૪,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૪૭,૨૦,૦૦૦ આપ્યા હતાં. જેની સામે માત્ર રૂ. ૨,૫૦,૦૦૦ નો હિસાબ આપી રૂ. ૪૪,૭૦,૦૦૦ પચાવી પાડ્યા હતાં. આ રીતે મેં રાકેશ માંડોતના કહેવાથી કુલ રૂ. ૨,૨૯,૨૧,૩૦૦ ચૂકવ્યા હતા, જેની સામે આરોપી રાકેશે માત્ર રૂ. ૬૫,૯૨,૦૦૦ નો જ માલ-હિસાબ આપ્યો હતો. જીગરભાઇએ વધુમાં જણાવ્યું છે કે બાકી નીકળતી રૂ. ૧,૬૩,૨૯,૩૦૦ની રકમ અંગે જીગરભાઈએ અવારનવાર ઉઘરાણી કરી હતી.

પરંતુ રાકેશ માંડોતે એવો ખુલાસો કર્યો હતો ક-તમે આપેલા રૂપિયા હું શેરબજારમાં હારી ગયો છું અને થોડા દિવસોમાં પરત આપી દઈશ. આ પછી મેં અગાઉ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચમાં અરજી કરી ત્યારે પણ આરોપીએ નાણાં ચુકવી દેવાની બાંહેધરી આપી હતી. પરંતુ લાંબો સમય વિતી જવા છતાં એક પણ રૂપિયો પરત ન આપતા આખરે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો થયાનું જણાતાં કુવાડવા પોલીસમાં જાણ કરી હતી અને ફરિયાદ દાખલ કરાવી હતી. કુવાડવા પોલીસ સ્ટેશનના ઈન્સપેક્ટર એ. એન. જાનીના માર્ગદર્શનમાં પીએસઆઇ એમ. આર. મકવાણાએ તપાસ હાથ ધરી હતી.

લાલચના ગાળીયામાં પરોવી વધુ કેટલાક લોકોને છેતરી લેવામાં ગઠીયા સફળ

# સસ્તામાં ઇ-બાઇકના નામે નાણા ઉઘરાવી ઠગાઇ

## ઓનલાઇન સાતેક ફોન નંબરો વહેતા કર્યાઃ ક્યુઆર કોડથી પ્રી-બૂકીંગના નામે રૂપિયા મેળવી લીધાઃ પણ છેલ્લે ગ્રાહકોને વાહનને બદલે મળ્યો ઠેંગો

રાજકોટ તા. ૧૧

ઓનલાઇન ઠગાઇના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. રોજબરોજ આવી ઘટનાઓમાં લોકો છેતરાઇ રહ્યા છે છતાં પણ લોકોમાં જાગૃકતા આવી રહી નથી આ કારણે ગઠીયાઓ વધુ ફાવી જાય છે. વધુ એક આવી ઠગાઇ થઇ હતી. જેમાં સસ્તામાં ઇ-બાઇક મેળવવા જતાં લોકોને મોટી રકમનો ચૂનો લાગ્યો હતો. નકલી વેબસાઇટ બનાવી ગઠીયાઓએ સસ્તા ભાવે ઇ-બાઇકની જાહેરાત મુકી હતી. જેના આધારે લોકોએ સંપર્ક કરી બૂકીંગ કરાવી નાણા ભર્યા હતાં. પરંતુ બાદમાં આ એક ફ્રોડ હોવાની ખબર પડી હતી.

વિગતો પર નજર કરીએ તો ગુજરાતમાં ઈલેક્ટ્રિક વાહનોની વધતી માંગ વચ્ચે સાયબર ઠગોએ હવે ગ્રાહકોને છેતરવાનો નવો માર્ગ અપનાવ્યો છે. ગાંધીનગરની અવોર ઇલેક્ટ્રીક કંપનીના નામે બોગસ વેબસાઈટ તથા સોશિયલ મીડિયા પેજ બનાવી ગ્રાહકોને આકર્ષક સ્કીમ આપી માત્ર સાત જ દિવસમાં ઈ-બાઇકની ડિલિવરી આપવાની ગેરંટી આપી પોણા બે લાખની ઠગાઈ આચરવામાં આવતા અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. અહિ ઠગાઇની રકમ ભલે નાની છે પરંતુ ઠગાઇનો આ નવતર તુક્કો હોઇ લોકોએ સાવચેત થવું જરૂરી બની ગયું છે.

વધુ માહિતી જોઇએ તો અડાલજના અંબા બિઝનેસ પાર્કમાં માર્કેટિંગ ઓફિસ ધરાવતી છત્રાલ સ્થિત અવોર ઇલેક્ટ્રીક કંપનીના રીજનલ સર્વિસ મેનેજર જય રજનીકાંતભાઈ પટેલની ફરિયાદ મુજબ, કંપની દ્વારા પોતાના ઈ-બાઇકના પ્રિ-બુકિંગ માટે અધિકૃત સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર જાહેરાતો આપવામાં આવી હતી. આ દરમિયાન કંપનીના કસ્ટમર કેર નંબર પર કેટલાક ગ્રાહકોના ફોન આવ્યા હતા. જેમાં તેઓએ સાત દિવસમાં ડિલિવરી આપવાની સ્કીમ અને સેલ્સએક્ઝિક્યુટિવ




દ્વારા માંગવામાં આવતા વધારાના નાણાં અંગે પૂછપરછ કરી હતી. આ સાંભળી અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતાં. કંપનીએ આવી કોઈ સ્કીમ બહાર પાડી ન હોવાથી તુરંત તપાસ શરૂ કરવામાં આવી હતી.

ગ્રાહકો પાસેથી મળતી તબક્કવાર માહિતીના આધારે તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે ભેજાબાજોએ મૂળ કંપનીની અધિકૃત વેબસાઇટ જેવી જ દેખાતી બે ફેક વેબસાઇટ્સ બનાવી હતી. આ ઉપરાંત ફેસબુક પર પણ અવોર ઇલેક્ટ્રિકના નામે ચાર અલગ-અલગ નકલી પ્રોફાઈલ પેજ ભા કરવામાં આવ્યા હતા. આ પ્લેટફોર્મ્સ પર મોટું ડિસ્કાઉન્ટ આપવાની લોભામણી જાહેરાતો મૂકીને ગ્રાહકોને ઓનલાઇન બુકિંગ કરવા આકર્ષિત કરવામાં આવતા હતા. ભેજાબાજ ઠગોએ ગ્રાહકોને વિશ્વાસમાં લઈ સાત દિવસમાં વાહન ઘેર પહોંચાડી દેવાની ખાતરી આપી હતી. ઉપરાંત બુકિંગ રકમ મેળવવા સાતથી વધુ મોબાઇલ નંબરોનો ઉપયોગ કર્યો હતો.

ગ્રાહકોન ક્યુઆર કોડ મોકલ્યા હતા અને તેના મારફતે અલગ-અલગ ગ્રાહકો પાસેથી રૂપિયા એક લાખ છોંતેર હજાર ત્રણસો છન્નુ ઉઘરાવી લીધા હતાં. જો કે સમયમર્યાદા પૂર્ણ થયા બાદ પણ વાહનની ડિલિવરી ન મળતા અને વધુ નાણાંની માગણી થતા ગ્રાહકોએ કંપનીનો સંપર્ક કર્યો હતો. ત્યારે આ સમગ્ર છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી ટેકનિકલ સર્વેલન્સ અને સાયબર સેલની મદદથી નકલી વેબસાઇટ્સ, ફેસબુક એકાઉન્ટ હોસ્ટ કરનારા તથા બેંક ખાતાધારકોની માહિતી મેળવવા કવાયત શરૂ કરી હતી. આમ ગઠીયાઓ વધુ એક વખત લાલચનો ગાળીયો પરોવી લોકોને છેતરી જવામાં સફળ થયા હતાં. રોજબરોજ આ પ્રકારે નવા જુના તુક્કાઓનો ઉપયોગ કરી ગઠીયાઓ ગામના રૂપિયાથી પોતાના ગજવા ભરી લેવામાં સફળ થઇ રહ્યા છે. જેમાં આ વધુ એક નવો તુક્કો સામેલ થયો હતો.

વોર્ડ વાઈઝ ખાલી પડેલા આવાસો, નવા આવાસનું આયોજન અને હવે કઈ ઝૂંપડપટ્ટીઓ દૂર કરવાનો પ્લાન?

# મનપાનું જનરલ બોર્ડ ગરમાશે

## ૪ સેમ્પલ ફેલથી લઈને આવાસ-પાણી મુદ્દે કોર્પોરેટરોએ બાંયો ચડાવી, વિપક્ષ પહેલાં ભાજપના જ સવાલોનો સામનો કરવો પડશે

રાજકોટ, તા. ૧૧

રાજકોટ મહાનગરપાલિકાનું આગામી જનરલ બોર્ડ તા.૧૯ના શનિવારે સવારે ૧૧.૧૫ વાગ્યે બોલાવવા માટે ડો. નેહલ શુકલની સૂચનાથી સેક્રેટરી શાખા દ્વારા એજન્ડા બહાર પાડવામાં આવ્યો છે. આ બોર્ડમાં માત્ર ત્રણ જ દરખાસ્તો રજૂ થવાની છે, પરંતુ દર વખતે જેમ જ આ સભામાં પણ કોર્પોરેટરોના પ્રશ્નોની ઊંડી ચર્ચા થાય અને અધિકારીઓના વિસ્તૃત જવાબો લેવામાં આવે તેવા મજબૂત પ્રશ્નોત્તરીના એંધાણ વર્તાઈ રહ્યા છે. ખાસ વાત એ છે કે આ વખતે વિપક્ષી નેતાના પ્રશ્નોનો વારો પાંચમા ક્રમે આવવાનો છે, પરંતુ તે પહેલાં જ પ્રથમ ચાર ક્રમ પર ભાજપના જ ચાર કોર્પોરેટરોના તીખા સવાલો ગોઠવાયેલા હોવાથી તંત્રએ શાસક પક્ષના જ પ્રશ્નો સામે કસોટીમાંથી પસાર થવું પડશે.



પ્રશ્નોત્તરી કાળમાં વોર્ડ નં. ૫ના નગરસેવક સંજય ચાવડાનો ક્રમ ફરી એકવાર પ્રથમ આવ્યો છે, જેમણે મનપાના આવાસ અને આરોગ્ય વિભાગ સામે સવાલોનો મોટો ખડકલો કર્યો છે. તેમણે પૂછ્યું છે કે કોર્પોરેશન દ્વારા અત્યાર સુધીમાં કયા કયા વિસ્તારોમાં આવાસ યોજનાઓ બનાવવામાં આવી છે, કયાંથી ઝૂંપડાં દૂર કરીને આશ્રિતોને મકાનોની ફાળવણી કરાઈ છે અને ડિમોલિશન બાદ કેટલી જગ્યાનો પ્રત્યક્ષ કબ્જો મનપા હસ્તક આવ્યો છે તેની વિગતવાર માહિતી આપી છે. આ ઉપરાંત તેમણે ખાલી પડેલા આવાસોની વોર્ડવાઈઝ વિગતો, નવા આવાસનું આયોજન, હવે દૂર કરવાની બાકી રહેતી ઝૂંપડપટ્ટીઓનું લિસ્ટ તેમજ આરોગ્ય શાખાની કામગીરી, ગ્રાન્ટનો ઉપયોગ, ગ્રાન્ટ પરત જવાની બેદરકારી, વાહન સુવિધાઓ અને આયુષ્યમાન આરોગ્ય મંદિર અંગેનો તમામ હિસાબ માગ્યો છે.

ત્યારબાદ બીજા ક્રમે અંજનાબેન મોરઝરીયાએ સામાજિક અને આરોગ્ય સુવિધાઓને લઈને મોરચો માંડ્યો છે, જેમાં તેમણે આંગણવાડીના બાળકોને મળતા વિવિધ લાભો, ધાત્રી માતાઓને આપવામાં આવતી આરોગ્ય સુવિધાઓ તેમજ સગર્ભા બહેનો માટેની તમામ સુવિધાઓ અંગે વિગતવાર માહિતી માગી છે. ત્રીજા ક્રમે જાનકીબેન કાટોળીયાના પ્રશ્નથી વિજિલન્સ અને ટેકનિકલ શાખાના ધબકારા વધી ગયા છે. તેમણે વિજિલન્સ ટેકનિકલ વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં લેવામાં આવેલા નમૂનાઓ, તેમાં ફેઈલ થયેલા સેમ્પલ, તેમજ હલકી ગુણવત્તાનું કામ કરનાર કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે કરાયેલી કાર્યવાહી અંગેનો રિપોર્ટ પૂછ્યો છે. ઉલ્લેખનીય છે કે વિજિલન્સ શાખા ડામર અને સિમેન્ટ સહિતના કામોના સેમ્પલ લઈને પાસ-નાપાસના રિપોર્ટ આપતી હોય છે. ચોથા ક્રમે રક્ષિત કલોલાએ વોર્ડ નં. ૧૧માં પીવાના પાણીની સમસ્યાઓ ઉઠાવીને ડીઆઈ લાઈનના બાકી રહેલા કામો, વોર્ડમાંથી આવતી પાણીની ફરિયાદો, અને ખાનગી સોસાયટીઓમાં પાઈપલાઈન નાખવાની કામગીરી અને તેની નીતિ અંગે વિગતો માગી છે. આ તમામ શાસક પક્ષના પ્રશ્નો પૂરા થયા બાદ પાંચમા ક્રમે વિપક્ષી નેતાનો વારો આવશે, જેથી આ વખતનું બોર્ડ ભારે ગરમાવો પકડશે તે નક્કી છે.

### રાઈડ્સ અને સલાહકાર સમિતિની રચના મુદ્દે નિર્ણય લેવાશે

રાજકોટ મહાનગરપાલિકાના આગામી જનરલ બોર્ડમાં પ્રશ્નોત્તરી કાળ ઉપરાંત નીતિગત નિર્ણયો અને મહત્વની દરખાસ્તો પર પણ મહોર વાગવાની તૈયારીઓ થઈ ચૂકી છે. આ વખતે બોલાવવામાં આવેલી સાધારણ સભાના એજન્ડામાં શહેરના ફેરિયાઓ અને નાના વેપારીઓ માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોકર્સ ઝોનની નીતિ સહિતના મુસદ્દાઓ ચર્ચા હેઠળ મૂકવામાં આવ્યા છે. સભાના મુખ્ય એજન્ડા અનુસાર, રાજકોટમાં હોકર્સ ફ્રી રોડ, હોકર્સ ઝોન, મનોરંજન માટેની રાઈડ્સ તેમજ રેંકડીધારકોને ચોક્કસ જગ્યા ફાળવવા અંગેની નીતિ મંજૂર થઈ ગયા બાદ હવે તેના પર આગળની કાર્યવાહી હાથ ધરાશે. મંજૂર થયેલી નીતિ મુજબ નાગરિકો અને હિતધારકો પાસેથી વાંધા-સૂચનો મંગાવીને તેને આગામી સભામાં રજૂ કરવાની પ્રક્રિયા માટેની દરખાસ્ત બોર્ડ સમક્ષ મૂકવામાં આવી છે. આ નિર્ણયથી શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને રેંકડીધારકોને વ્યવસ્થિત રોજગારી પૂરી પાડવા માટેનો માર્ગ મોકળો બનશે. આ ઉપરાંત, સ્ટેન્ડિંગ કમિટી માટે નિર્ણય લેવાની પ્રક્રિયા વધુ સરળ, સુગમ અને પારદર્શક બને તે હેતુથી સલાહકાર સમિતિની રચના કરવા અંગે ગતરોજ મંજૂર કરાયેલી દરખાસ્ત પણ આજના એજન્ડા પર લેવામાં આવી છે. સલાહકાર સમિતિની મદદથી તંત્ર ટેકનિકલ અને વહીવટી નિર્ણયો ઝડપથી લઈ શકશે. એજન્ડાની નિશ્ચિત દરખાસ્તો ઉપરાંત, અધ્યક્ષસ્થાનેથી છેલ્લી ઘડીએ 'અરજન્ટ બિઝનેસ' અંતર્ગત પણ નવી દરખાસ્તો રજૂ થાય તેવી પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે, જેને પગલે બોર્ડમાં વધુ કેટલાક મહત્વના વિકાસકામો કે નિર્ણયો ઉમેરાઈ શકે છે.

# હોકર્સ પોલિસી તંત્રએ હાથ ઊંચા કર્યા?

## સુવિધાઓ આપવાને બદલે શરતોનો બોજ લાદવાની તૈયારી

## સુવિધાઓ સુનિયમિત કરવાના નામે વેપારીઓ પર કડક શરતોનો પંજો

રાજકોટ, તા.૧૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હોકર્સ અને નાના લારી-ગલ્લા ધારકો માટે જાહેર કરવામાં આવેલી ડ્રાફ્ટ પોલિસીને લઈને નાના વેપારીઓમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ચોપડે તો હોકર્સના હિત અને સુવિધાઓની મોટી મોટી વાતો કરવામાં આવી છે, પરંતુ વાસ્તવિકતામાં મહાનગરપાલિકાના તંત્રએ પોતાની મૂળ જવાબદારીઓમાંથી છટકીને સમગ્ર બોજ નાના વેપારીઓ પર ઢોળી દીધો હોવાનો રોષ વ્યાપ્યો છે.



મનપા દ્વારા તૈયાર કરાયેલી ડ્રાફ્ટ પોલિસીમાં હોકર્સને યોગ્ય સ્થળ કે જરૂરી માળખાકીય સુવિધાઓની ખાતરી આપવાના બદલે અનેક જાતની કડક શરતો અને નિયંત્રણો મૂકી દેવામાં આવ્યા છે. દરોડા અને જપ્તીની ઝુંબેશથી ત્રસ્ત નાના વેપારીઓને કાયમી અને સુરક્ષિત જગ્યા આપવાને બદલે માત્ર કાગળ પરની 'ઝોનિંગ' સિસ્ટમ બતાવીને તંત્રએ પોતાની જવાબદારી પૂરી કરી લીધી છે.

ટ્રાફિક અને સ્વચ્છતાની સમસ્યા માટે માત્ર લારી-ગલ્લા ધારકોને જ જવાબદાર ગણાવવામાં આવે છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે શહેરના મુખ્ય માર્ગો પર યોગ્ય પાર્કિંગ અને માર્કેટિંગ ઝોન ઊભા કરવામાં મનપા તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ નિવડ્યું છે. વર્ષોથી સ્માર્ટ સિટીના દાવાઓ કરતી મહાનગરપાલિકા આજે પણ નાના વેપારીઓને એક ચોક્કસ અને પીવાના પાણી તથા લાઈટ જેવી પ્રાથમિક સુવિધાવાળું માર્કેટ આપી શકી નથી.

૧૪ સપ્ટેમ્બર સુધીમાં નાગરિકો અને હોકર્સ પાસેથી સૂચનો મંગાવવાની જાહેરાત કરવામાં આવી છે, પરંતુ નાના વેપારી સંગઠનોનું માનવું છે કે આ પ્રક્રિયા માત્ર એક ઔપચારિકતા છે. નીતિ-નિયમો નક્કી કરતી વખતે સ્થાનિક હોકર્સ યુનિયનો કે નાના વેપારીઓના પ્રતિનિધિઓને વિશ્વાસમાં લેવામાં આવ્યા નથી. તંત્રની આ નીતિ હોકર્સના આજીવિકાના હક્ક પર ત્રાપ સમાન હોવાથી આગામી દિવસોમાં આ ડ્રાફ્ટ પોલિસી સામે મોટો વિરોધ નોંધાય તેવી શક્યતા છે.

નવા CRS પોર્ટલ અને ડેટા અપલોડિંગના ચક્કરમાં અરજદારો ઝોકે ચડ્યા

# સિસ્ટમ ડિજિટલ, જનતા હેરાન

## જન્મ-મરણ વિભાગમાં ૧૦ હજાર અરજીઓનું 'ટોકન વેઈટિંગ'!

રાજકોટ, તા. ૧૧

રાજકોટ મહાનગરપાલિકાની જન્મ-મરણ નોંધણી શાખામાં કેન્દ્ર સરકારના નવા 'સી.આર.એસ.' (CRS) પોર્ટલની અમલવારી બાદ પ્રજા માટે સગવડને બદલે આફત ઊભી થઈ છે. મનપા કચેરીએ સવારથી લાગતી લાંબી લાઈનોથી છુટકારો અપાવવા ત્રણ મહિના પહેલાં 'ટોકન સિસ્ટમ' શરૂ કરવામાં આવી હતી. કચેરીની બહાર લાઈનો તો ગાયબ થઈ ગઈ છે, પરંતુ લોકોની સમસ્યાઓ યથાવત છે. હાલ સ્થિતિ એ છે કે અંદાજે ૧૦,૦૦૦થી વધુ અરજીઓનો મોટો બેકલોગ સર્જાઈ ગયો છે અને લોકો પોતાના જ સ્વજનોના જન્મ કે મરણના દાખલા માટે અઠવાડિયા સુધી ધક્કા ખાવા મજબૂર બન્યા છે. સામાન્ય રીતે કોઈ પણ અરજી કર્યા બાદ ૩ થી ૭ દિવસમાં દાખલો મળી જવો જોઈએ, પરંતુ હાલમાં જૂના ડેટાને કેન્દ્ર સરકારના નવા સર્વર પર અપલોડ કરવાની કામગીરી સમાંતર રીતે ચાલી રહી છે. મનપા અને રાજ્ય સરકારની સિસ્ટમ આ ટેકનિકલ ધાંધિયા સામે લાચાર બની ગઈ છે. પોર્ટલ પર ડેટા અપગ્રેડેશનની ધીમી ગતિને કારણે સિસ્ટમ વારંવાર ખોરવાય છે, જેને લીધે પ્રિન્ટ પણ નીકળતી નથી. જનતાને પ્રશ્ન એ થઈ રહ્યો છે કે આ સિસ્ટમ આખરે ક્યારે ઝડપી બનશે?




સૌથી મોટો પ્રશ્ન આધાર કાર્ડ કેન્દ્રો પર જોવા મળી રહ્યો છે. મનપા કે રાજ્ય સરકાર દ્વારા અગાઉ ઇશ્યૂ કરવામાં આવેલા લાખો જૂના જન્મના દાખલાઓને આધાર કેન્દ્રો પર સ્વીકારવાની સ્પષ્ટ ના પાડવામાં આવી રહી છે. ત્યાં માત્ર ને માત્ર નવા સી.આર.એસ.પોર્ટલ વાળા જ દાખલા માંગવામાં આવે છે. આના કારણે જે લોકો પાસે પહેલેથી જ માન્ય દાખલા છે, તેમણે પણ નવા દાખલા કઢાવવા માટે ફરીથી મનપાના ધક્કા ખાવા પડી રહ્યા છે.

ડિજિટલ ઈન્ડિયા'માં સામાન્ય દાખલા માટે આટલી હેરાનગતિ કેમ? કોર્પોરેશન તંત્ર માત્ર 'ટોકન આપ્યા'નો સંતોષ માની રહ્યું છે, પણ વાસ્તવિકતા એ છે કે પ્રજાનું કામ સમયસર થતું નથી. કેન્દ્ર, રાજ્ય અને મનપાના સંકલનના અભાવે આજે રાજકોટના હજારો નાગરિકો સરકારી સિસ્ટમનો શિકાર બની રહ્યા છે. જો તાત્કાલિક ધોરણે સર્વર ક્ષમતા વધારવામાં નહીં આવે અને આધાર કેન્દ્રો પર જૂના દાખલાઓની માન્યતા અંગે સ્પષ્ટતા નહીં કરાય, તો આ વેઈટિંગનો આંકડો ૧૦ હજારથી વધીને બમણો થઈ જશે તે નક્કી છે.આ સમગ્ર ગંભીર પરિસ્થિતિ અંગે સ્થાનિકો અને અરજદારો દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ તેમજ સંબંધિત વિભાગમાં વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. લોકોએ આવેદનપત્રો પાઠવીને પોર્ટલના ધાંધિયા અને આધાર કેન્દ્રો પર થતી હેરાનગતિ દૂર કરવા ગુહાર લગાવી છે, છતાં પણ પાલિકા તંત્રના કાન સુધી અવાજ પહોંચ્યો નથી. મનપાના જવાબદારો કાગળ પર કાર્યવાહીનો દાવો કરી રહ્યા છે, પરંતુ વાસ્તવિક સ્થિતિ 'જૈસે થે' એટલે કે જેમના તેમ જ જોવા મળી રહી છે. નાગરિકોનો આક્રોશ છે કે જો વહેલી તકે આ સમસ્યાનું યોગ્ય નિવારણ નહીં લાવવામાં આવે તો લોકોએ નાછૂટકે તંત્ર સામે ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવવો પડશે.

શાપર (વેરાવળ)માં મેટલ ઈન્ડસ્ટ્રીઝ પર દરોડા પાડી રૂા.૨ કરોડથી વધુની કરચોરી ઝડપી પાડ્યા બાદ

# પવનચક્કી-સોલાર કંપની GSTના રડાર પર

## બોગસ બિલ્ડીગ કૌભાંડમાં જીએસટી વિભાગ ફરી સક્રિય : મેટોડાની કંપની પર તપાસનો ધમધમાટ

રાજકોટ તા.૧૧

શાપર (વેરાવળ)માં મેટલ ઈન્ડસ્ટ્રીઝ પર દરોડા પાડી રૂા.૨ કરોડથી વધુની કરચોરી ઝડપી પાડ્યા બાદ હવે જીએસટી વિભાગે રાજકોટ નજીક આવેલ મેટોડા જીઆઈડીસી સ્થિત એક મોટી કંપનીના માલિકની ઓફીસ, ઘર અને ઉત્પાદન સ્થળે ત્રાટકીને કરચોરી અંગે સઘન તપાસનો ધમધમાટ શરૂ કર્યો હોવાનું રાજકોટ જીએસટી વિભાગના આધારભૂત સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

જીએસટીની વડી કચેરીના આદેશ મુજબ રાજકોટ જીએસટીની એન્ફોર્સમેન્ટ વિંગની ટીમો દ્વારા મેટોડા જીઆઈડીસી સ્થિત પવનચક્કી અને સોલાર પેનલનું ઉત્પાદન કરતી અગ્રણી કંપની પર ગઈકાલ સાંજથી જ અત્યંત ગુપ્ત રીતે આ તપાસ શરૂ કરવામાં આવી છે. તંત્રને ઉપરોક્ત કંપનીના ખરીદ-વેચાણના વ્યવહારોમાં મોટા પાયે ગોટાળા હોવાની આશંકા હોય, અધિકારીઓએ એકસાથે કંપનીના માલિકની મુખ્ય ઓફિસ, ફેક્ટરી અને નિવાસસ્થાને દરોડા પાડી તમામ હિસાબી ચોપડા, બેંક ટ્રાન્ઝેક્શન્સ અને ડિજિટલ ડેટાની ચકાસણી હાથ ધરી છે.

જીએસટી વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, દરોડા દરમિયાન હિસાબી સાહિત્ય અને સ્ટોકની ઝીણવટભરી તપાસ ચાલુ છે અને આ તપાસનો દૌર હજુ આગામી બેથી ત્રણ દિવસ સુધી ચાલે તેવી શક્યતા છે. શાપર-વેરાવળની તપાસ બાદ મેટોડાના આ એકમમાંથી પણ તપાસના અંતે કરોડો રૂપિયાની મોટી કરચોરીનો ભાંડો ફૂટે તેવી પ્રબળ સંભાવના સેવાઈ રહી છે, જેના કારણે સ્થાનિક ઔદ્યોગિક આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે.



છેલ્લા કેટલાક સમયથી જીએસટી (GST) વિભાગ દ્વારા ટેક્સ ચોરી, બોગસ બિલિંગ અને કરચોરો સામે રાજ્યવ્યાપી આકરો સપાટો બોલાવવામાં આવી રહ્યો છે. વિભાગની એન્ફોર્સમેન્ટ વિંગ દ્વારા અલગ અલગ ક્ષેત્રો પર સતત કરવામાં આવી રહેલી સર્ચ અને સીઝરની કારવાઈને કારણે કરચોરી કરનારા તત્વોમાં ભારે ફાળ પડી છે. આ ઝુંબેશ હેઠળ મેટલ અને સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝમાં બોગસ બિલિંગ અને ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) ના ખોટા દાવાઓ પકડી પાડીને કરોડો રૂપિયાની કરચોરી સામે લાવવામાં આવી છે. આ ઉપરાંત રિયલ એસ્ટેટ અને બાંધકામ ક્ષેત્રે બિનહિસાબી નાણાકીય વ્યવહારો રોકવા માટે જાણીતા બિલ્ડરો પર દરોડા પાડવામાં આવ્યા છે, તો બીજી તરફ પવનચક્કી, સોલાર પેનલ્સ અને એન્જિનિયરિંગ જેવા ઉત્પાદક એકમોમાં ખરીદ-વેચાણના ચોપડા અને વાસ્તવિક સ્ટોકની ચકાસણી કરીને ગડબડ શોધી કાઢવામાં આવી છે. એટલું જ નહીં, બોગસ પેઢીઓ ઊભી કરી ટેક્સ ચોરીનું મોડ્યુલ ચલાવતા વચેટિયાઓ અને ટેક્સ કન્સલ્ટન્ટ્સ સામે પણ આકરી કાર્યવાહી કરવામાં આવી છે.

આ દરોડા પાછળ તંત્રની મુખ્ય વ્યૂહરચના આધુનિક ડેટા એનાલિટિક્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ઈ-વે બિલ સિસ્ટમના ડેટાનું પૃથ્થકરણ કરવાની છે. જેના દ્વારા બિલિંગમાં વિસંગતતા ધરાવતી પેઢીઓને ચિહ્નિત કરીને એકસાથે અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવે છે અને ડિજિટલ પુરાવા તેમજ હિસાબી સાહિત્ય કબજે કરવામાં આવે છે. રાજ્યમાં કરચોરી અટકાવવા અને પ્રામાણિક કરદાતાઓને પ્રોત્સાહન આપવાના હેતુથી જીએસટી વિભાગનો આ સપાટો આગામી દિવસોમાં પણ વધુ આક્રમક રીતે ચાલુ રહેવાના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.